
હરિઃૐ



# જીવનઘડતર

પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# જીવનઘડતર

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

- પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
  હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
  કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
  જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
  ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪
  Email : hariommota1@gmail.com
  Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

- **આવૃત્તિ વર્ષ પ્રત**

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૪ | ૧૨૫૦ |
| બીજી | ૨૦૦૭ | ૫૦૦ |
| ત્રીજી | ૨૦૧૭ | ૧૦૦૦ |

- પૃષ્ઠ : ૨૮ + ૩૨૮ = ૩૫૬

- કિંમત : **રૂ.** ૩૦/-

- **પ્રાપ્તિસ્થાન :**
  હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
  હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

- મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

- ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

- ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
  ૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
  ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

- મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
  સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
  ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ત્રીજી આવૃત્તિ)

પૂ.શ્રીમોટાના સાહિત્ય માત્રથી પ્રભાવિત થઈ, જેમણે
પૂ. શ્રીમોટાના સાહિત્યમાંથી સંકલન કરીને
બાળકેળવણી, યુવાનવય, દાંપત્યજીવન,
સામાજિક ઉત્તરદાયિત્વ અને વૃદ્ધાવસ્થા,
એમ જીવનની તમામ અવસ્થાઓમાં સાધનામય જીવન
અને જીવનવિકાસનું માર્ગદર્શન આપતી
થીસીસ પોતાના પીએચ.ડી. (ડૉક્ટરેટ)ના
અભ્યાસક્રમમાં રજૂ કરી. પોતે
**'શ્રીમોટા અને શિક્ષણ'** વિષય ઉપર પીએચ.ડી.
થયા. જેમના પ્રયાસથી સમાજને ઉત્તમ કોટિની
જીવનઘડતરની દિશા પ્રાપ્ત થઈ, તેવા
**ડૉ. શ્રી કૌશિકભાઈ મહેતાને**
**'જીવનઘડતર'**ની આ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન સમર્પિત કરતાં
ધન્યતાની અને આનંદની લાગણી
અમો અનુભવીએ છીએ.

તા. ૯-૭-૨૦૧૭
ગુરુપૂર્ણિમા
સં. ૨૦૭૩

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# શ્રી ધીરુભાઈ રણછોડજી મહેતા તથા શ્રીમતી મંજુલાબહેન ધીરુભાઈ મહેતાને સપ્રેમ સમર્પણાંજલિ

**(પ્રથમ આવૃત્તિ)**

(અનુષ્ટુપ)

સંબંધ કેટલો ગાઢો હતો, તોય ન જાણતો,
ઓચિંતો એક વેળાએ આશ્રમે ખાસ જાણિયો. ૧

મંજુલા મિત્રની પુત્રી તેને ઓળખી ના શક્યો,
શો અડબોથ એવો ને ભોટ પાછો ખરેખરો ! ૨

કેવો પછીથી જામ્યો છે સંબંધ પ્રેમભાવથી !
મળ્યાથી એકબીજાંને જાગે શો ભાવ દિલથી ! ૩

જીવનની ખરી મૂડી ભાવ માત્ર ખરેખરો,
ખપમાં ભાવ ના આવે નકામો ભાવ સાવ તો. ૪

તમારા જીવને ભાવ કૃપાથી ભજવાય છે,
તે તો અંતરમાં જાણો, મિથ્યા તે કથવો જ છે. ૫

તમારા પ્રેમના ભાવતણો તે બદલો કશો
-વાળી શકાય એવું કૈં મારી પાસે નથી કશું. ૬

ભિખારી સાવ જ્યાંત્યાંથી માગ્યા કરું હું, શી રીતે
-આપું શું ? ધરું હું ભાવે સમર્પણાંજલિ પદે. ૭

હરિઃૐ આશ્રમ, નડિયાદ — **મોટા**

તા. ૩૦-૮-૧૯૭૪

। હરિઃૐ ॥

# સંપાદકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

ગાંધીજી જેમ સાધારણ મનુષ્યમાંથી જીવનના વિધવિધ ક્ષેત્રમાં પુરુષાર્થ કરીને જે તે ક્ષેત્ર સાથે આત્મસાત્ થઈ એકાત્મભાવ કેળવીને મહાત્મા ગાંધી બન્યા, એવી જ રીતે પૂજ્ય શ્રીમોટા પણ એક સામાન્ય માણસ જ હતા. ગરીબમાં ગરીબ કુટુંબમાં જન્મેલા. એવો એક સામાન્ય કુટુંબમાં જન્મેલો ગરીબમાં ગરીબ માણસ સંતકોટિએ પહોંચશે એવું કોણ કહી શકે ? પરંતુ દરેક મહાન માણસ શરૂઆતમાં તો નાના જ હોય છે. લોકોને ખબર પણ નહિ પડે કે આ માણસ એક મહાન માણસ બનશે. બીજને ખબર હશે કે એક દિવસ તે છોડ થઈને તેની ઉપર સુવાસિત ફૂલો ખીલશે અને કેટલાંયને તે સુવાસ આપશે ! એવી રીતે પૂજ્ય શ્રીમોટા જન્મ્યા હશે ત્યારે કોઈને ખ્યાલ પણ નહિ હોય કે તેઓ એક સંત બનશે અને તેમની પાસે નાનાંમોટાં કેટલાંય માણસો પોતાના જીવનમાં શાતા પામવા માટે તેમનું માર્ગદર્શન માગશે.

આ **'જીવનઘડતર'** પુસ્તક પૂજ્ય શ્રીમોટા, નાના હતા ત્યારે કેવા હતા અને શું શું કરીને તેઓ **'મોટા'** બન્યા, તેની યોગ્ય હકીકત વાચકને પૂરી પાડે છે. દરેક માણસ ગુણઅવગુણથી ભરેલો છે, પરંતુ જે અવગુણનો ત્યાગ કરીને ગુણને વધારવાનો પ્રયત્ન કરે તે જ ગુણવિકાસને પંથે પળે. જેઓ મર્મી હશે એમને **'જીવનઘડતર'**નાં ભજનો વાંચીને અવગુણરહિત થઈને ગુણવિકાસનો ભાવ કેમ સધાય તેનું નિર્દેશન પણ મળી રહેશે. જેમને સાધનામાર્ગને રસ્તે જવું છે, તેમને માટે પૂજ્ય શ્રીમોટાએ યોગ્ય જ કહ્યું છે કે :-

'થયા વિના પૂરા સ્વચ્છ પૂરેપૂરા બધી રીતે,
જીવનપથમાં ધપાવાને કશી ના પાત્રતા કંઈ છે.'

પૂજ્ય શ્રીમોટાનું આ **'જીવનઘડતર'** પુસ્તક વાંચી ગયા પછી આધ્યાત્મિક માર્ગે જનારને માટે એક હકીકત ચોક્કસ થાય છે કે જિજ્ઞાસુને માત્ર ઇચ્છા થઈ કે વિચાર થયો તેથી કશું નહિ વળે. જેમ બાળકને ભણાવવો હોય તો તેને નિશાળે બેસાડવો પડે છે. તે પછી જ તે વાંચતોલખતો થાય છે અને બી.એ. કે એમ.એ. સારા નંબરે પાસ થવું હોય, તો દિવસો સુધીના સતત અભ્યાસને અંતે જ તે તે પ્રમાણે ઉત્તીર્ણ થાય છે. એ રીતે જિજ્ઞાસુએ સાધનામાં પણ પોતાનું જીવનધ્યેય લક્ષમાં રાખીને સતત અને સખત મહેનત કરવી પડે છે. પૂજ્ય શ્રીમોટા કહે છે કે દૃઢ નિરધાર થયા વિના અને તે પ્રમાણેનું આચરણ કર્યા વિના કંઈ કશું પ્રાપ્ત થતું નથી. જીવનમાં કોઈ પણ વસ્તુ પામવા માટે :-

'મરણિયો દિલ નિશ્ચય જે ઊતરતો કર્મ વિશે છે,
જીવનના ધ્યેયના ફળને કરી સાકાર તે દે છે.'

કોઈ પણ કાર્ય એકદમ સિદ્ધ થઈ જતું નથી. તે સિદ્ધ કરવા માટે માણસે તેમાં રસ લેવો પડે છે. કોઈ પણ બાબતમાં રસ પડે એટલે તે કરવાનું માણસને મન થાય છે અને એકવાર રસ પડ્યા પછી અને મન લાગ્યા પછી માણસ તે પૂરું કરીને જ છોડે છે. આ અંગે પૂજ્ય શ્રીમોટા ખરું જ કહે છે કે :-

'જહીં રસવાળું મન બનતું વળગતું મન સહજમેળે,
પછીથી તો વળગી વળગી હૃદય તારતમ્ય પામે છે.'

અને એમાંથી કાર્ય પાર પાડવા માટેનાં નવાં નવાં સત્યો જિજ્ઞાસુને હાથ આવે છે. તેનો ઉલ્લેખ પૂજ્ય શ્રીમોટાએ નીચે મુજબ કર્યો છે :-

'સતત એકીટશે મથતા રહેવાથી જીવન વિશે
-સમજ અંતરની ગઈ ઊગતી પથે તેથી ધપાયું છે.

● ● ●

જીવનમાં કર્મમાં ભાવ નિરંતરનો થતો રહે છે,
જીવનનું મહત્ત્વ કર્મ શું સંપૂર્ણ થતું ત્યાં છે !

● ● ●

ભલે હો સંકડામણની દશા તેવી વિશે પણ જે,
સતત એકીટશે મથતો રહે, તે લહાણ પામે છે.

પૂજ્ય શ્રીમોટાએ તેમની સાધના જે રીતે કરેલી છે, તેનો ઉલ્લેખ તેમનાં પુસ્તકોમાં તેમણે કરેલો છે. સ્મરણ, ચરણ, કૃપા, પુરુષાર્થ, ગરજ, હુકમ આદિ દ્વારા તેમની સાધનામાં જે વિકાસ થતો ગયો છે, તેનું તેમાં વર્ણન આપવામાં આવ્યું છે. પૂજ્ય શ્રીમોટાએ તેમની સાધનામાં નામસ્મરણનો મહિમા ખાસ ગાયો છે. સ્મરણ વિશે તેઓ લખે છે કે :-

'સ્મરણ નાનકડું સાધન છે, છતાં ઉપયોગનું કેવું !
કરી જુએ હૃદયભાવે પડે તેને સમજ દિલ શું !

● ● ●

'સ્મરણ એ **શ્રીહરિ**ની શી પ્રતીકાત્મક પ્રતિભા છે !
સ્મરણથી **શ્રીહરિ**કેરું જીવનમાં નૂર ઝળકે છે.'

● ● ●

સ્મરણ એ **શ્રીહરિ**ને પામવાનું પ્રથમ પગથિયું છે. સ્મરણથી હૈયું દ્રવે છે, અંતર ઋજુ થાય છે અને પરમાત્માને જાણવા માટેની કંઈક તાલાવેલી જાગે છે. એટલા માટે જ સ્મરણનો પરિચય કરાવતાં પૂજ્ય શ્રીમોટાએ લખ્યું છે કે :-

'સ્મરણ ના માત્ર શબ્દ જ છે, જીવનમાં કિંતુ ગર્ભિત જે
-**હરિ**-સ્ફુલિંગ વસેલાનું નિદર્શન જે ખરેખર છે.'

આ રીતે જિજ્ઞાસુ જ્યારે સ્મરણ, ચરણ, ગરજ, હુકમ અને મથામણ દ્વારા ભગવાનનું નામ સહજ અને સતત લેતો થઈ જાય છે,

ત્યારે એને ઈશ્વરી કૃપા અને સહાયનાં દર્શનની કંઈક ઝાંખી થતી હોય છે. એટલા માટે જ સાધનામાં કૃપાને ઘણી જરૂરી ગણી છે. કૃપા વિશે લખતાં પૂજ્ય શ્રીમોટા કહે છે કે :-

'સીધેસીધું ઉપર ઝટપટ ચઢી જાવું સરળ ના તે,
પથે ચઢતાં, વળી પડતાં, કૃપાથી સ્થિર થવાયું છે.

• • •

કૃપા સહાય વિના જીવન **હરિ**ના ભાવમાં ટકવું
-કદાપિ શક્ય તે ના છે, બધું બળ તે કૃપાનું છે.

• • •

કૃપા તો શી સ્વયંભૂ ને સહજ, સ્વતંત્ર રીતે તે
-અહેતુકી વિના માગ્યા શી પોતામેળ વહેતી છે !'

પરંતુ ભગવાનનો માર્ગ આપણે ધારીએ છીએ એટલો સરળ હોતો નથી. એમાં અનેક અંતરાયો આવતા હોય છે. કોઈ વાર નામસ્મરણની ગાડી દિવસો સુધી એટલી સડસડાટ ચાલે છે કે આપણે આનંદિત, આનંદિત રહીએ છીએ, પરંતુ તેવામાં એવો અકસ્માત આવી જાય કે દિવસો સુધી ઈશ્વરનું નામ લઈ ન શકાય. કોઈ વાર નિરાશાનો ગાળો એવો આવે કે ભગવાનનું નામ લેવાની આપણી રુચિ ઊડી જાય. ઘણી વાર વર્ષો સુધી પ્રભુમાર્ગે વળેલા જીવોને એવી નિરાશા સાંપડે છે કે તેઓ સાધના કરવાનું છોડી દઈને પાછા સંસારમાં આવીને પોતાનું કામ કરતા હોય છે. મનુષ્યના જીવનમાં પ્રકૃતિ કેવો ભાગ ભજવે છે, તેનું આલેખન પૂજ્ય શ્રીમોટાએ નીચેની બે લીટીમાં સુંદર રીતે કર્યું છે :-

'જીવનમાં કેટલો મોટો સ્વભાવ ભાગ ભજવે છે !
સ્વભાવ મિત્ર ને શત્રુ જીવનમાં શો ઉભય તે છે !'

જીવનમાં ઘણી વાર આપણા જ વિચારો આપણને તારે છે, તો ઘણી વાર આપણા જ વિચારો આપણને મારે છે, એવું પણ બનતું હોય છે. એટલે માણસે જો ચેતવાનું હોય તો પોતાની જાતથી ચેતવાનું છે. સામાન્ય માણસોને જીવન સમજવા માટે સૂચક કડીઓ પૂજ્ય શ્રીમોટાએ લખી છે, તે પ્રેરણાત્મક હોઈને નીચે આપી છે :-

'મળે તક આજ જીવન જે' કદાપિ કાલ ના મળશે,
વધાવી આજની તક લઈ, કરી ઉપયોગ લો આજે.

● ● ●

મળેલું માનવી જીવન વૃથા જે વેડફી દે છે,
શરીરે માનવી છો હો, છતાં ના માનવી તે છે.

● ● ●

જીવન જીવવાતણો જેને કશો આદર્શ દિલ ના છે,
જીવન તે ચીંથરાં જેવું શું તેનાથીય બદતર છે !

● ● ●

શું ગાડરિયા પ્રવાહે સૌ જીવન એળે ગુમાવે છે !
પછી તેવા કરે જ્ઞાનતણી વાતો શી ફોગટ તે !

● ● ●

બધાંયે જાગતાં છો હો, છતાં તે જાગતાં ના છે,
નર્યાં ઘોર્યાં કરે છે તે, છતાં તેયે ન જાણે છે.'

જેમને જીવનમાં કંઈક કરવું છે, તેમને ઉપરની કડીઓ ઘણું ઘણું કહી જાય છે. સમજુને સાનમાં જેવી ઉપરની કડીઓ જો મનુષ્યને સ્પર્શે નહિ તો પછી એ જીવનને સમજવા જ માગતો નથી અને ગતાનુગતિક રીતે જ જીવવા માગે છે એમ માનવું રહ્યું. બાકી, સમાજને જો સમજવું હોય તો શ્રીમોટાએ તો સૌને ખુલ્લંખુલ્લા કહ્યું છે કે :-

'જીવનને જો ન સમજ્યા તો બધુંયે ધૂળધાણી છે,
જીવનનો હેતુ ના જાણ્યો પછી ડહાપણ નકામું છે.

● ● ●

ભલે ડહાપણનો દરિયો છે, છતાં જીવનને અનુભવવા
-ન ખપ લાગ્યો પૂરો જો તે, ખરે ! તે જાણી લો મિથ્યા.'

ભગવાનને સમજવો ભાવ વિના મિથ્યા છે. કોઈ પણ વસ્તુ પામવી હોય તો તેના વિશે યોગ્ય આદર થાય તો જ તે પમાય છે. ભાવના પ્રાગટ્ય પછી આદર જાગે છે. એટલા માટે જ સંતજનોએ ભાવનો મહિમા ગાયો છે. પૂજ્ય શ્રીમોટા ભાવ વિશે કહે છે કે :-

'જીવનમાં ભાવનો કીમિયો શું સૂક્ષ્મ ગૂઢ કીમિયો છે !
જીવન જે પ્રકૃતિકેરું શું કીમિયાથી રસાતું છે !

● ● ●

**હરિ**ના ભાવનું જ્યારે જીવન સામ્રાજ્ય વ્યાપે છે,
સમયનું ભાન ત્યારે તો જરાસરખું ન લાગે છે.

● ● ●

**હરિ**ને જીવતો હૃદયે પળેપળ રાખવાનું જે
-કરે છે ભક્તિથી પૂર્ણ, **હરિ** તેને સજીવન છે.'

● ● ●

અને એકવાર **હરિ** જેને સજીવન થાય છે, પછીથી તો તેના જીવનમાં અખંડ ભાવ જાગે છે અને પૂજ્ય શ્રીમોટાએ વર્ણવ્યું છે તેમ :-

'નિરંતરનો થતાં ભાવ, મજા આનંદ કેવાં છે !
અણુ, અણુ, રોમેરોમમાં પ્રસરતો ભાવ રસ શો છે !

અવકાશની બહાર જતાં જેમ વાહનને સ્વયંશક્તિ આવે છે, એમ ભગવાનના ભક્તને પણ ભગવાનમય થઈ જતાં સ્વયંશક્તિ

પ્રગટ થાય છે, એનું બ્યાન પૂજ્ય શ્રીમોટાએ નીચેની બે લીટીમાં યોગ્ય રીતે વ્યક્ત કર્યું છે :-

'**હરિ**ની યાદથી જીવન ભર્યું ભર્યું દિલ લાગે છે,
**હરિ**ની યાદથી જીવન નશીલું ને રસીલું છે.'

**'જીવનઘડતર'**નું કથન આ રીતે સંપૂર્ણ થાય છે. આજે તો પૂજ્ય શ્રીમોટા ઘણા જાણીતા છે અને તેમને મળવા આવનારાં પણ અનેક હોય છે, પરંતુ જ્યારે તેઓ ખાસ જાણીતા ન હતા અને કુંભકોણમ્ આશ્રમે એકલા રહેતા હતા, ત્યારથી એમના સહવાસ અને સમાગમમાં આવવાનું સદ્‌ભાગ્ય અમારા કુટુંબને સાંપડ્યું છે. અમારા કુટુંબને એમણે જે પ્રેમ બક્ષ્યો છે, તે અમારા જીવનનું એક મોંઘામૂલું સંભારણું બની રહેશે. તેઓ કુંભકોણમ્‌થી દૂર દૂર આજે ભલે નડિયાદમાં કે સુરતમાં હોય, પરંતુ તેમની અમીદૃષ્ટિ સદાય અમારી પ્રતિ હોય છે, તેનો અનુભવ અમને અનેક વાર થયો છે અને થતો રહો એ જ પ્રાર્થના.

પૂજ્યશ્રીના આ પ્રકાશનમાં મને જે નિમિત્ત બનવાની તક મળી છે, તેને મારા જીવનમાં સાંકળી લઈને તેમણે આ પુસ્તકમાં આપેલા આદેશો અને ઉપદેશો અમારા જીવનમાં ઉતારવાની તક મળો એ જ અભ્યર્થના.

તા. ૨૦-૯-૧૯૭૪ **હરિ ૐ**
કુંભકોણમ્ (દક્ષિણ ભારત) **દિલીપ હસમુખભાઈ મહેતા**

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

શ્રી કાંટાવાળા સાહેબને નિમિત્તે (ગુજરાત રાજ્યના માજી ચીફ ઍન્જિનિયર સાહેબ) મારે ભજનો લખવાનાં આવ્યાં, અને તે ભજનો કેટલી બધી ભાવ મસ્તીથી લખાયાં કે એ ચોપડી પૂરી થઈ, છપાઈ, તે પછી પણ એ પ્રવાહનો જુસ્સો તો કાયમ જ રહ્યો અને એના પછી **'જીવનકેડી'** અને **'જીવનચણતર'** એ બે પુસ્તકો પણ એટલા જ જુસ્સાથી લખાયાં. પછી ચોથી ચોપડી લખતો હતો તે **'જીવનઘડતર',** પણ એમાં ઘણી મંદતા આવી હતી. કંઈ સૂઝે નહિ અને એની મેળે કંઈ વિચાર કરીને, કલ્પના કરીને, કંઈ કશું લખું એવો મારો સ્વભાવ જ નહિ. એટલે મેં **'જીવનચણતર'** અને **'જીવનકેડી'**ના 'લેખકના બે બોલ'માં આ હકીકત લખી પણ છે. એમ જેમ તેમ ગાડું ગબડ્યું. પછીથી જ્યારે અહીંથી દક્ષિણ બાજુ ગયો અને કોડાઈકૅનાલમાં રહ્યો ત્યારે હરિ (શ્રી દિલીપકુમાર મહેતા)એ કહ્યું કે આ ભજન જે તમો લખો છો એની ચોપડી જ્યારે છપાય ત્યારે એને માટેનો તમામ ખર્ચ હું આપને આપીશ. એટલે મને ઘણો ઉત્સાહ વધ્યો અને ત્યાં આગળ જ ૨૦૦ ભજનો લખાયાં. અલબત્ત, ત્યારે મારી શરીરની સ્થિતિ સારી ન હતી. દમ ઘણો વધતો. સ્થળની ઊંચાઈ ઘણી વધારે, ૭૫૦૦ ફીટ ઊંચાઈ, એટલે દમ વધારે ચડતો અને એમાં ભાઈ હરિની હાજરી હતી. નાનપણથી જ મને એના ઉપર ઘણું વહાલ, તે આજે પિછાની શકતો નથી અને કોઈ જાણી શકતું નથી, પણ એ વહાલનું કારણ તો કોઈ ન્યારું છે, અનોખું છે. સંસારના વહાલની સાથે એને સરખાવી શકાય નહિ, પરંતુ સંસારી લોકો એને સમજી શકે નહિ. નાનપણમાં તો

મને લોકો કહેતા કે મોટાને તો હરિ ઉપર મોહ લાગ્યો છે. હું કંઈ એનો ઉત્તર આપતો નહિ અને સાંભળી લેતો અને કેટલાક લોકોએ ઘણા ઘણા અન્યથા વિચાર કરેલા, પણ એને મારી સાથે કોઈ નિસ્બત નથી. આજે પણ એને જોઉં તો મને એટલું જ વહાલ થાય છે. એટલે પછી જ્યારે આવી તમામ ખર્ચ આપવાની મરજી તેણે દર્શાવી ત્યારે મને ઘણો ઉત્સાહ વધ્યો. શરીર સારું ન હતું, તોપણ હું લખ્યે જ ગયો અને એમાં ભાઈ ઈંદુકાકા અને જયશ્રીએ મારી સેવાની સંભાળ જેટલી બને તેટલી તે કામમાં રાખી, તેથી પણ મને આમાં મદદ મળી. મને સમય થોડો મળતો. સવારે તો હું ફરવા જતો. એક દોઢ કલાક તો થઈ જ જતો અને સાંજે પણ સવા દોઢ કલાક અમે ફરવા જતાં. બાકી તો હું સૂઈ જઉં. ૧૦ થી ૧ સુધી તો સૂઈ જઉં. અને સાંજે પણ સાડા છ વાગ્યે સૂઈ જઉં. એટલે મને ઝાઝો વખત તો એટલો બધો ન મળે, પણ જેટલો મળે તેમાં હું આ ભજનો જ લખ્યા કરતો. કોડાઈકેનાલમાં મારા શરીરને ઠીક ન હતું, પણ મનાદિકરણમાં ઘણો આનંદ પ્રવર્તતો હતો અને આ **'જીવનઘડતર'**નાં જે ભજનો છે, તે મેં મારા જીવનમાં જે જે પ્રકારનો સ્વભાવ હતો, જે જે કુટેવો હતી, તે બધું જ મેં એમાં બહુ સ્પષ્ટપણે બતાવ્યું છે. તે બધાંનો ખુલ્લો એકરાર મેં મારા ભગવાનનાં ચરણ આગળ કર્યો છે. ભગવાન એટલે તો જનતા-જનાર્દન તો ખરો જ. એટલે મારું આ પુસ્તક જનતા-જનાર્દન આગળ મૂકું છું. પ્રેમભક્તિભાવે અને સંપૂર્ણપણે સચ્ચાઈથી અને સચ્ચાઈભરેલા દિલથી એનાં ચરણકમળમાં ખુલ્લો થઈને, આ બધું મેં લખેલું છે. કેટલાંકને તો આવું લખતાં જ શરમ અને સંકોચ આવે, કદાચ બોલતાં પણ સંકોચ આવે, પણ મને એમાં કોઈ જાતનો સંકોચ નથી. મેં તો ભગવાનનાં ચરણકમળે મારી જાતને ક્યારની ખુલ્લી મૂકી દીધેલી જ છે.

પણ જ્યારે **'જીવનઘડતર'** લખું ત્યારે કેવા કેવા સ્વભાવના સંજોગોમાંથી, કેવી કુટેવોમાંથી આ જીવન હાલ જે છે, તે થયું એ બધું દર્શાવવું જ જોઈએ અને તે ખુલ્લી રીતે ન દર્શાવાય તો આ ચોપડીના નામને એ યથાર્થ થવા યોગ્ય ન ગણાય. કેટલાંયે ભજનો એવાં છે કે જે વાંચીને લોકોને એમ થશે કે 'અરર ! આવા મોટા, આવા મોટા !' એમ થાય ખરું ! તો જેને જે થવું હોય તે ભલે થાય, પણ મારી જાતનું જીવનઘડતર કેવી દશામાંથી થયું, જીવનની ત્યારે કેવી સ્થિતિ હતી, **જીવ**દશામાં જ્યારે **આ જીવ** હતો, ત્યારે કેવા પ્રકારનો હતો, તે બધી સમજણ સમાજના-અત્યારે તો મારા ભગવાનનાં ચરણકમળમાં તેને સમર્પણ થવાને માટે ત્યારે ત્યારે મેં તેને બધું મૂકી દીધેલું જ હતું અને એમાંનું તો અત્યારે કોઈ નામનિશાન નથી, પણ તેમ છતાંય કેવી કેવી સ્થિતિમાંથી આ જીવનનું ઘડતર થયેલું છે, એનું પૂરેપૂરું સ્પષ્ટ નિવેદન મારે એમાં **'જીવનઘડતર'**માં ખુલ્લા દિલથી મૂકવું જ જોઈએ, કારણ કે આ બધાંય મારાં ભજનો **'જીવનઅનુભવગીત'**થી તે અત્યાર સુધી જે લખાયાં છે, તે બધાં ભજનો એક રીતે તો 'Autobiography of my Sadhana'-મારી સાધનાનો આ એક જીવંત, સળંગ, એકધારો વૃત્તાંત છે. એ તો ભવિષ્યમાં એની કોઈ કિંમત આંકી શકે તો આંકી શકે. કોઈ કિંમત આંકે કે ન આંકે એની સાથે મારે કોઈ નિસ્બત નથી. મારે તો મારી જાતને સમાજ આગળ, ભગવાનનાં ચરણ આગળ ખુલ્લી કરીને સ્પષ્ટ મૂકી દેવી છે. અને એટલા માટે આ **'જીવનઘડતર'** મેં લખ્યું.

**'જીવનઘડતર'**માં કેટલાંયે એવાં ભજનો જોશો કે જે વાંચતાં તમને ખબર પડે કે આવું તો આપણા બધાંમાં પણ છે, પણ એ બધાંને સમજણ પડે ખરી, કદાચ જાણે પણ ખરા કે આવું આવું

આપણામાં છે. આ મોટાએ લખ્યું છે, તે આપણામાં જ છે, પણ એમાંથી ચેતી જઈને એમાંથી ઊગરી જવું એ કંઈ જેવી તેવી વાત નથી. એ તો જેણે ભગવાનને મળવાને, ભગવાનને અનુભવવાને એવી જ્વાળામુખીના જેવી તીવ્રમાં તીવ્ર, એવી ઉત્કટમાં ઉત્કટ એવી જિજ્ઞાસા જેને જાગે છે, એવો જ વિરલો વીર કોઈ આ સાધનામાં ઝુકાવી શકશે. અને એમાં શિરસાટાની વાત જે ભક્તિને માટે કહેલી છે, તે તદ્દન સાચી છે. એમાં સંપૂર્ણપણે યાહોમ કરીને ઝંપલાવ્યા વિના આ તારતમ્ય પામી શકાતું જ નથી. અને જેણે ફના થવાનું સંપૂર્ણપણે **આ** માર્ગમાં કર્યું છે, એવા ફના થનારા જીવનાં લક્ષણો પણ હોય છે,—તે જણાઈ આવે આપમેળે કે આ ફના થયેલો-ફના થતો જતો આ કોઈ જીવ છે. એવું જ્યાં સુધી આપણા દિલમાં પ્રગટ્યું નથી ત્યાં સુધી **આ** માર્ગમાં આગળ પ્રગતિ આપણાથી થઈ શકવાની નથી, એ વાત તદ્દન હકીકત છે. અને મારે આ ઠેકાણે—**'લેખકના બે બોલ'**માં સ્પષ્ટપણે જણાવવું જોઈએ કે આજે ઘણા મોટા મોટા નામાંકિત એવા, પ્રતિષ્ઠિત એવા, આ બધા મહાત્માઓ શિબિરો કાઢે છે અને ફલાણું કરે છે, એ ભલે કાઢતા હોય, એમને ધન્યવાદ છે. એ માટે એમની આ જે બધી શિબિરો ચાલે છે અને આ બધો જે ખર્ચ થઈ રહેલો છે, તે બધું બરાબર નથી. હું તો બહુ નાનો માણસ છું, બહુ ટૂંકો પડું એમની આગળ. તેમ છતાં મારે કહેવું જોઈએ કે એકધારી જ્વલંત અને યોગ્ય પ્રકારની યોગ્ય ભાવની એને માટેની એકધારી એકીટશે એવી સાધના થયા વિના, અને પોતાના જીવનની સાથે પણ વણાઈ ગયા વિના, પોતાના સ્વભાવમાં, પોતાના જીવનના ઘડતરમાં એ બધું વણાઈ ગયા વિના ભગવાનને અનુભવવો તદ્દન અશક્ય છે. કોઈ કહે કે થોડાક દિવસોમાં આ તમને અનુભવ કરાવી શકું, તો એ

મારા માન્યામાં આવી શકે એવી હકીકત નથી. અનેક જન્મજન્મે અને જન્મોના અંતે, આ મળે એવી હકીકત છે, પરંતુ કોઈક સદ્ભાગી જીવ, ખાઈખપૂસીને એકધારો, એકીટશે લાગે તો આ જન્મે જ એને અનુભવ થઈ શકે. જો એને ધગધગતી તાલાવેલી, જ્વાળામુખીના જેવી તાલાવેલી, જો એના દિલમાં એકધારી લાગી રહેલી હોય તો એવો જીવ કદી પડી રહેશે નહિ. એ અળશિયાની પેઠે પડી રહેશે નહિ કે અળશિયાની પેઠે ચાલે એવી એની ગતિ નહિ હોય. એની ગતિ, એનો પ્રકાર, એનું નૂર, એની ચાલવાની છટા, એની બોલવાની ઢબ, એ બધાંમાં કોઈ ફેરફાર-કોઈ ન્યારા પ્રકારનો ફેરફાર લાગ્યા વિના રહેશે નહિ. **આ** માર્ગે જવાનું બન્યું ના હોય, તોપણ તમને લાગશે કે આ કોઈ વિચિત્ર પ્રકારનો માનવી છે. એ બધાંથી જુદો પડી જતો તમને લાગ્યા વિનાનો નહિ રહે. આવી એ જિજ્ઞાસાની,-જેને લાગી છે તેની-ખૂબી છે.

મેં આ **'જીવનઘડતર'**માં સાહિત્યનો કદી વિચાર કર્યો નથી. મારી પાસે સાહિત્યની વાત કોઈ નથી. મારે તો સીધેસીધું સમાજને સમજાઈ શકે એવી ભાષામાં જે તે કંઈ મૂકવું છે. એવો મારા ગુરુમહારાજનો હુકમ છે. આમ તો ભણેલો છું. B.A.માં મારો વિષય ગુજરાતી હતો અને B.A.માં મેં ગુજરાતી ઑનર્સ લીધું હતું. અને ઇન્ટર સુધી સંસ્કૃતના વિષયમાં ઘણા ઊંચા ૮૦ થી ઉપર ગુણ મને મળ્યા હતા. એ ઉપરથી તમે સમજી શકશો કે હું સારું ગુજરાતી લખી શકું એવી સ્થિતિમાં તો છું, પણ ૧૯૨૦ની સાલમાં જ્યારે ગુજરાતમાં સાહિત્ય પરિષદ ભરાઈ, ત્યારે એ સાહિત્ય પરિષદમાં આપણા ગુજરાતના મોટામાં મોટા નામાંકિત એવા કવિઓ હતા. એવા કવિઓની આગળ અને શ્રીયુત ટાગોર સાહેબ પધાર્યા હતા તે વખતે, મહાત્મા ગાંધીએ બિલકુલ શરમ કે સંકોચ રાખ્યા વગર,

આ બધાંની શેહમાં તણાઈ ગયા વગર, જે ઉચ્ચારો કર્યા હતા, તે ઉચ્ચારો હજુ મારા મનમાં રણકે છે કે **‘**આપણું સાહિત્ય તો એવું હોવું જોઈએ કે ખેતરમાં કોશિયો કોશ ખેંચતો ખેંચતો એ ગાય અથવા તો એ સમજી શકે. ગામડાનો માણસ પણ એ સમજી શકે, એવી સરળમાં સરળ ભાષામાં આપણે બધાંએ લખવું જોઈએ.’ એ વાત કહી અને એ બોલતા હતા ત્યારે શ્રી નરસિંહરાવભાઈ બોલેલા કે ‘Impossible, Impossible’ અશક્ય, અશક્ય ! એમ એ શબ્દો બોલેલા તે હજુ પણ મારા કાનમાં રણકે છે. ત્યારથી મારા દિલમાં એમ પણ લાગેલું કે હવે લખવું તો આ જ જાતનું લખવું. ગાંધીજીની વાત તદ્દન સાચી છે. તે ઉપરાંત, મારા ગુરુમહારાજનો પણ મને હુકમ છે કે દીકરા, તું લખે તો એવું લખજે કે અભણ માણસ પણ સમજી શકે. પહેલાં તો જેલમાંથી હું **‘ગીતા’** લખી લાવ્યો, ત્યારે મારી બાને કહ્યું કે મારા એક ભાઈબંધે, સંબંધીએ આ જેલમાં લખી છે. અને એણે કહ્યું છે કે તારી બાને વંચાવજે. અને એને જો સમજણ પડે તો મને કાગળથી જણાવજે તો હું રાજી થઈશ. એટલે મારી બા કહે કે ‘વાંચ ભાઈ.’ એટલે મેં પહેલો અને બારમો અધ્યાય વાંચી સંભળાવ્યો. અને એ બરાબર સમજી. ‘ભાઈ, મને બરાબર સમજણ પડે છે, અને તારા ભાઈબંધને લખી જણાવજે કે ચૂનિયાએ મને ગીતા વાંચી સંભળાવી છે, પહેલો અને બારમો અધ્યાય, અને મને બરાબર સમજણ પડી છે. અને તમે બહુ સારી અને સરળ ભાષામાં લખી છે, તે જાણીને રાજી થઈ છું.’ હવે આવું કહેવાનું કારણ—મારી બા પાસે કહેવાનું કારણ એટલું જ કે જો મેં મારી બાને કહ્યું હોત કે ‘બા ! આ મેં લખી છે અને મારે તને વાંચી સંભળાવવી છે.’ તો મારી બા મને એમ જ કહેત કે ‘મેર મારા રડ્યા, તું શું લખતો’તો ? તને કશું આવડે નહિને !

વળી, એ વાંચવાની કે સાંભળવાની તૈયારી મારી બા બતાવત જ નહિ. તો એવી સ્થિતિમાં વાંચી સંભળાવું તો એનો કોઈ અર્થ નહિ. એટલે મેં મારી બાને આ રીતે વાત કરેલી.

**'ગીતા'** પણ એટલી જ સરળ ભાષામાં પ્રભુકૃપાથી લખાઈ છે. અને આ બધાં ભજનો પણ, જેને હું જોડકણાં કહું છું—તેને કાવ્ય નથી કહેતો—અને જે કહું છું તે સાચેસાચ કહું છું અને બને તેટલી સરળ ભાષામાં મેં લખેલાં છે અને અભણ માણસ પણ તે સમજી શકે એવી ભાષામાં લખેલાં છે. એને હું સાહિત્યમાં, સાહિત્યની કક્ષામાં છે, એવું પણ સમજતો નથી. જેને જે સમજવું હોય તે સમજે, પણ મારું લખાણ એટલું સરળ છે કે કોઈ સાધકને ભવિષ્યમાં પણ એમાંથી કંઈક જીવનમાં આચરવાનું થાય તો એને હું ભગવાનની પરમ કૃપા ગણીશ. મેં જે આચર્યું છે, તે મેં લખ્યું છે. માત્ર લખવા ખાતર લખ્યું નથી, પણ મારા મનમાં એક વિચાર થયેલો કે ઘણાં બધાં પોતાનાં જીવનવૃત્તાંતો લખે છે, મારે કોઈ જીવનવૃત્તાંત તો લખવું ન હતું. જોકે લખી શકાય એવું છે. મારા જીવનમાં ફેરફાર થયા. કેવી સ્થિતિ હતી, એ સ્થિતિમાં કેવા સંગ્રામો થયા, એ બધું હું લખી શકું એમ છું. લખવાની તાકાત પણ છે, પણ અંગત જીવન મારે લખવું નથી, પણ મારી સાધનાની Autobiography એટલે કે જીવનચરિત્ર-સાધનાનું, મારે લખવું હતું. અને એ મને લખતાં આ નાનાં સરખાં જોડકણાંમાં સારી રીતે ફાવે છે. ગઝલ અને અનુષ્ટુપ છંદ એ મારા શરીરના બે મૂળભૂત અંગ છે એમ પણ કહું તો ચાલે. એ મારા દિલમાં એવા તો બેસી ગયા છે કે ગમે ત્યારે પણ હું અનુષ્ટુપમાં લખી શકું. મારે કોઈ વિચાર કરવાની પણ જરૂર પડે નહિ, એવી મારા ઉપર ભગવાનની પરમ કૃપા છે. આ **'જીવનઘડતર'** વિશે હવે મારે વિશેષ કહેવાનું

નથી. આ સુરતના મિત્રો રોજ સવારે વહેલા આવતા અને હું ખાટલામાં પડ્યો પડ્યો Heating pads-શેકવાની કોથળી-માંથી શેક લેતો લેતો પડ્યો રહેતો હતો અને બોલતો હતો અને એ ભાઈઓ લખી લેતા હતા. અને પછી એ સારા અક્ષરે ઉતારી લેતા હતા. એ વળી જુદી હકીકત, પણ આવી રીતે કેટલાંય ભજનો એ લોકોએ લખેલાં છે. એટલે આ બધાં ભજનો પણ જે લખાયેલાં છે, તે એકસામટાં, એકધારાં એક પળવાર પણ વિચાર કર્યા વિના લખાયે જ ગયેલાં છે. આ એક મુદ્દાની સાચી હકીકત છે. જે કેટલાકના આજના બહુ ભણેલા લોકોને ગળે પણ કદાચ નહિ ઊતરે, પણ મેં તેની-બીજાના અભિપ્રાયની-પરવા નથી કરી. મારે કોઈના પ્રમાણપત્ર ઉપર આ જીવનમાં જીવવું નથી. મારે તો મારા ભગવાનનું પ્રમાણપત્ર મને મળી ચૂકેલું છે. તેથી, ગમે તેવી દશામાં હોઉં, લોકોના ગમે તેવા અભિપ્રાય હોય તેની મને કોઈ પણ જાતની હવે પરવા નથી. તેમ છતાં હું તેમની અવગણના નથી કરી શકતો, કારણ કે ભગવાનનું સ્વરૂપ-આ સર્વ સૃષ્ટિ, સર્વ બ્રહ્માંડ, સર્વ સ્વરૂપ એ ભગવાનનો અંશ છે. તેને હું કેવી રીતે અવગણી શકું ? પરંતુ તેમનો અભિપ્રાય એ કંઈ ભગવાનનો અભિપ્રાય નથી, કારણ કે ભગવાન એમના દિલમાં જાગેલો નથી. એટલા માટે હું એમના અભિપ્રાયને સ્વીકારવાને તૈયાર નથી. એમના અભિપ્રાયને હું અવગણતો પણ નથી, પરંતુ એના ઉપર હવે મારે કાંઈ જીવવું નથી. મારે એના વિશે કંઈ વિચારવાપણું પણ નથી, પણ આ **'જીવનઘડતર'** આ જે સમાજનાં ચરણકમળ આગળ મૂકું છું, તે સમાજને મારી વિનંતી છે કે આ બધા પૈસા મારા અંગત નથી અને એ સમાજને અર્થે જ વપરાય છે. એટલે સમાજ મને મદદ કરે એવી મારી એને વિનંતી છે.

બીજું, આ બધાં પુસ્તકો તો હું છપાવ્યે જ જઉં છું. આ બધાં પુસ્તકોનો સંગ્રહ અમારા શ્રી ઇંદુકાકાને ઘેર 'ગુરુકૃપા ગેસ્ટ હાઉસ'માં સાબરમતીને કિનારે એલિસબ્રિજમાં ટાઉન હૉલ પાસે એમના રહેવાના ઘરમાં થયેલો છે, અને થોકડાબંધ બધાં પુસ્તકો પડેલાં છે. આખો ઓરડો ભરાઈ ગયો છે. હવે એ વેચાઈ જાય એવી મારી ઝંખના ખરી. અને મારું શરીર પડી જાય તે પહેલાં એ કામ થઈ જાય તો બહુ સારું. હવે **આ** શરીરની આવરદા બહુ લાંબી નથી. બહુ જિવાય એવું લાગતું નથી. એટલું બધું દર્દ થાય છે કે મારી સાથે રહેનારાંઓને પણ એની કલ્પના આવે એમ નથી. આ એક હકીકત છે. એટલે મારી બધાંને પ્રાર્થના છે—મારી સાથે સંકળાયેલાં, મારી સાથે જેમની લાગણી છે, વારંવાર જે પગે લાગે છે—તે બધાંને વિનંતી છે કે આ પુસ્તકો ખપાવવામાં મદદ કરે અને સાથે સાથે મારે જરૂર છે કે હું નિશ્ચિંત થઈ જઉં. મારે માથે હવે કોઈ જવાબદારી નથી. આ એક જવાબદારી છે. તેમ છતાં પછી જ્યારે વેચાશે ત્યારે ખરાં, પણ આ ઇંદુકાકાનો આખો ઓરડો મારાં પુસ્તકોથી ભરાઈ ગયેલો છે, એ જેને કોઈને જોવું હોય તે જોઈ શકે છે. બિલકુલ અતિશયોક્તિ વગરની વાત છે. માટે, આમાં સૌ કોઈ, મારી સાથે લાગણીવાળા હોય તે મને મદદ કરે, તો આભાર માનીશ. બીજું આ પુસ્તક અમારા સુરત આશ્રમના ભાઈ રજનીભાઈએ પોતાના સારા અક્ષરે ઉતારીને તૈયાર કર્યું. સવારે જે બધા ભાઈઓ સુરત આશ્રમના મારા ઓરડા ઉપર ભેગા થઈએ છીએ તેમણે વાંચી વાંચીને બધાંએ સાથ-સહકારથી અમે એનાં મથાળાં કર્યાં છે અને બાકી તો જે ભાઈએ એનું વર્ગીકરણ કરીને પ્રેસમાં આપવા જેવું પુસ્તક જ તૈયાર કર્યું છે, એમનું નામ આપવાની એમણે ના પાડી છે, તેમ જ આભાર માનવાની પણ ના પાડી છે.

એટલે એ વિશે એક અક્ષર પણ બોલતો નથી. વળી, મારી સાથે જો નંદુભાઈ ન હોત અને એમનો દિલનો સહકાર ન મળ્યો હોત, તો જે લખાય છે તે લખાઈ શકાયું ન હોત એ સાચી હકીકત છે. અને મારા આશ્રમના જે બધા ભાઈઓએ મારા ઉપર જે ભાવ રાખ્યો છે અને રેલાવ્યો છે, જે સહાનુભૂતિ રાખી છે, તેણે પણ મને ઘણી મદદ કરી છે.

મારા શરીરની સંભાળમાં નડિયાદમાં ભાઈ રામ તથા રેણુ અને રાજુ છે, તેમ સુરતમાં પુષ્પાબહેન અને ભાઈ ધનસુખભાઈ છે. ધનસુખભાઈ તો ખાસ કરીને કંઈ નહિ પણ પુષ્પાબહેન દિવસના બે વાગ્યાથી આવે છે. અને હવે દિવસે દિવસે શરીર બગડતું જાય છે અને અર્થ સરે એમ નથી. એ તો પ્રેમભક્તિભાવે ભોગવવાનું છે અને તે ભોગવું છું, મસ્તીથી. બૂમાબૂમ તો કંઈ કરતો નથી, એ ભગવાનની કૃપા છે. એને માટે ભગવાનની શી મહેર માનું ! કે આ બધા રોગો આપ્યા છે, તેમ છતાં હું ભજનો લખ્યા કરું છું, એ કંઈ નાનીસૂની હકીકત નથી. બહુ મોટી હકીકત છે. આ જીવતો છું-શરીર જીવે છે- ત્યાં સુધી લોકોને એ નહિ સમજાય, પણ શરીર મરી ગયા પછી લોકોને એમ થશે કે આ 'મોટો' આવો હતો કે આટલી બધી વેદના ભોગવતો હતો અને તેમ છતાં ભજન લખ્યા કરતો હતો. અને સતત ભજન લખ્યા કરતો હતો, એ હકીકતની કદર શરીર મરી ગયા પછી લોકો કરશે, પણ લોકો કદર કરે કે ન કરે પણ ભગવાનની મારા ઉપર જો એટલી મોટી કૃપા છે કે આ જે પ્રસાદી એણે મને આપી, કે આવાં દર્દોની વચ્ચે પણ, આવા ભયંકર સહન ન થઈ શકે એવાં દર્દોની વચ્ચે પણ, જીવી શકાય એવો જે મને ભાવ આપ્યો છે અને એણે જે મારા ઉપર કૃપા વરસાવી અને આ ભજનો કરવાની જે તાકાત, જે શક્તિ, જે

પ્રેરણા અને જે ભાવ એણે આપ્યાં એ એની કૃપા. એ કૃપા અપરંપાર છે. જેને કશાની સાથે સરખાવી શકાય નહિ, એવો મારા ભગવાને મને પ્રસાદ આપ્યો છે. એ પ્રસાદ મારા ભગવાને મારા ઉપર રાજી થઈને મને આપ્યો છે. રોગની ઘણી ભયંકર વેદનાની વચ્ચે આ ભજનો લખાયાં અને તે કંઈ પણ વિચાર્યા વિના, સરળપણે આપમેળે હું લખાવ્યે જઉં છું. આ એક મોટામાં મોટી ભગવાનની કૃપાપ્રસાદી છે. અને આવા વિરોધાત્મક સંજોગોમાં અત્યંત ઉત્કટમાં ઉત્કટ એવી વેદનાની વચ્ચે આવાં ભજનો લખાયાં એ કંઈ નાનીસૂની વાત નથી, એ બુદ્ધિથી બધા જીવો કબૂલ કરશે. આનાથી વધું કંઈ મારે લખવાનું છે નહિ.

શ્રી કાંટાવાળા સાહેબના સૂચનથી નિમિત્ત બનીને મારે ભગવાનની કૃપાથી આ કાર્યમાં પ્રેરાવાનું બન્યું, તેમાંથી જ આ ચાર પુસ્તકો **'જીવનપગદંડી'**, **'જીવનકેડી'**, **'જીવનચણતર'** અને **'જીવનઘડતર'** થયાં, તે માટે એમનો ઘણો આભાર માનું છું. અને જે બધા ભાઈઓએ મને આમાં દિલની ભાવનાથી સાથ, સહકાર આપ્યો છે, તેમનો પણ દિલથી આભાર માનું છું. હરિઃૐ.

હરિઃૐ આશ્રમ, સુરત **—મોટા**

તા. ૧૯-૮-૧૯૭૪

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

**‘જીવનપગદંડી’**થી **‘જીવનઘડતર’** સુધીનાં પુસ્તકોમાં પૂજ્યશ્રીએ આલેખેલાં તેમની સાધનાનાં ભજનોમાં તેમણે કરેલ સાધનાના કંઈક ઈશારા મળે છે. સુવર્ણ તપી તપીને, ઘડાઈ ઘડાઈને સુંદર આભૂષણરૂપે સર્જાય છે, તેમ પૂજ્યક્ષીએ પણ તેમની જીવનસાધનામાં અનેક કષ્ટો વેઠીને, જીવનને તપોમય બનાવીને ભગવાનનો જે મિષ્ટ પ્રસાદ તેઓશ્રી પામ્યા, તે સૌને વહેંચીને ધન્ય બન્યા છે.

સંતોની એ વિશેષતા હોય છે કે તેઓ લેવા કરતાં આપીને વધુ રાજી થાય છે. સંસારથી બળેલા-ઝળેલા **જીવો** તેમની પાસે આવે છે અને પોતાની બળતરા ઠાલવીને તેના બદલામાં શાંતિ અને તૃપ્તિ મેળવે છે. વૃક્ષને છાંયડે બેસીને જેમ સૌ કોઈ નિરાંત અનુભવે છે, તેમ સંતોની પાસે જતાં સૌને રાહત મળે છે અને શીતળતાનો લહાવો પામે છે.

ગુજરાતે પૂજ્ય શ્રીમોટાને સત્કાર્યા છે અને અત્યાર સુધીમાં રૂપિયા પંચોતેર લાખ જેવી રકમ આપી છે. તેની સામે પૂજ્ય શ્રીમોટાએ પણ તેટલી જ રકમની હેતુલક્ષી જુદી જુદી યોજનાઓ યોજીને ભાવિ પેઢીના જીવનનિર્માણ માટે યોગ્ય આયોજન કર્યું છે. સાહિત્ય, કલા, સંશોધન, સાહસ, મર્દાનગી, આરોગ્ય, ખેતી, વિજ્ઞાન આદિ વિવિધ ક્ષેત્રોમાં તેમણે કરેલાં દાન ઉપરથી તેમણે પ્રજાની એકાંગી નહિ, પરંતુ સર્વાંગી વિકાસની દૃષ્ટિ ખ્યાલમાં રાખી છે. જેઓ તેમના પરિચયમાં આવ્યાં છે, તેમને આ વાત એટલી તો દિલમાં ઊતરી ગઈ છે કે આ માટે પૂજ્ય શ્રીમોટાને નાણાં આપતાં અને અપાવતાં તેઓ ખુશી અનુભવે છે. પૂજ્ય શ્રીમોટા કહે છે કે પ્રજાએ આપેલો પૈસો

પ્રજાનાં કલ્યાણ-કાર્યોમાં જ વપરાવો જોઈએ. તેમની આ વાત સંત-મહંતો, દેવસ્થાનો, ધર્મમંદિરો, ધર્માદા ટ્રસ્ટો આદિને પહોંચે અને સૌ તેમની લક્ષ્મી પ્રજાકલ્યાણનાં કાર્યોમાં વાપરે તો જીવન જીવવા યોગ્ય અને નંદનવન બની જાય.

પૂજ્ય શ્રીમોટાએ તેમની જીવન સાધનાના આ પુસ્તકમાં આપેલાં ભજનો જેઓ વાંચશે તેમને એટલું તો જરૂર સમજાશે કે માણસ ભલે સામાન્ય કોટિનો હોય, પરંતુ જો તે ધારે તો ઉચ્ચ કોટિનો થઈ શકે છે. આ પુસ્તકમાંનાં ભજનો વાંચીને જો કોઈનેય ભગવાન માટેનો આદરભાવ જાગશે તો ભજનો લખવા માટે પૂજ્ય શ્રીમોટાએ લીધેલો શ્રમ યથાર્થ થશે.

આ પુસ્તકના પ્રકાશનનો તમામ ખર્ચ ભાઈ હરિભાઈ ઉર્ફે દિલીપભાઈ હસમુખભાઈ મહેતાએ સહર્ષ આપ્યો છે, તે માટે તેમનો ઘણો ઘણો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોના વેચાણમાંથી ઉપાર્જન થતી રકમ પરમાર્થનાં કાર્યોમાં જ વપરાય છે. એટલે જેઓ પુસ્તક વેચાણનાં કાર્યમાં મદદ કરે છે, તેઓ પરમાર્થનાં જ કાર્યોમાં મદદ કરે છે એમ માનીને ઉત્તરોત્તર પુસ્તક વેચાણ વધે તે પ્રતિ લક્ષ રાખે એવી વિનંતી છે.

આ **'જીવનઘડતર'** પુસ્તક તૈયાર કરવામાં જેમણે જેમણે જે કામ કર્યું છે, તેનો ઉલ્લેખ **'લેખકના બે બોલ'**માં પૂજ્યશ્રીએ કર્યો છે, એટલે બેવડાવતો નથી. પૂજ્યશ્રીના પુસ્તક પ્રકાશનમાં મેસર્સ એલેમ્બિક પ્રેસનો સહકાર તો ઘણો મોટો છે. એટલે તેમનો તો જેટલો આભાર માનીએ એટલો ઓછો જ ગણાય.

તા. ૨૫-૯-૧૯૭૪ **નંદુભાઈ**
નડિયાદ મૅનેજિંગ ટ્રસ્ટી,
હરિઃૐ આશ્રમ, નડિયાદ

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનો ભજનો રચવાનો-જોડકણાં લખવાનો-જે પ્રવાહ ગતિમાન થયો, તેને કારણે તેઓશ્રીના જીવનપ્રવાહની અને સાધનાકાળના મનોમંથનની ઘણી વિગતો આજે સ્વજનોને ઉપલબ્ધ થઈ છે. એ માટે કરુણાસાગર પૂજ્ય શ્રીમોટાના આપણે સૌ ઘણા ઘણા ઋણી છીએ.

આવાં જોડકણાંનું એક પ્રકાશન **'જીવનઘડતર'** સને ૧૯૭૪માં થયું હતું. તેની બીજી આવૃત્તિ ૨૦૦૭માં થઈ હતી. પૂજ્ય શ્રીમોટા વિરચિત જે જે પ્રકાશનો હાલ ઉપલબ્ધ નથી, તેની નવી આવૃત્તિ પ્રકાશિત કરી સ્વજનોનાં કરકમળમાં મૂકવાની એક ભાવનાના ભાગરૂપે **'જીવનઘડતર'**ની આ ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરતાં અમો ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

અમોને શ્રદ્ધા છે કે આ પ્રકાશનને સ્વજનો પ્રેમભાવથી આવકારશે.

તા. ૯-૭-૨૦૧૭ — **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા — હરિઃૐ આશ્રમ, સુરત
સં. ૨૦૭૩

# અનુક્રમણિકા


| ખંડ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | પૂર્વજીવનની વાતો | ૧-૨૬ |
| ૨ | જીવનઘડતરના વિવિધ સંગ્રામો | ૨૭-૬૦ |
| ૩ | સ્મરણનો રંગ | ૬૧-૮૬ |
| ૪ | ચરણની સહાય | ૮૭-૧૦૪ |
| ૫ | મથામણની તમન્ના | ૧૦૫-૧૨૨ |
| ૬ | કૃપાનો પ્રતાપ | ૧૨૩-૧૬૦ |
| ૭ | મનાદિ અને પ્રકૃતિનું રૂપાંતર | ૧૬૧-૨૦૦ |
| ૮ | **हरि**ભાવનો ઉદ્‌ગમ | ૨૦૧-૨૩૪ |
| ૯ | **हरि**રસનો આસ્વાદ | ૨૩૫-૨૯૦ |
| ૧૦ | ઉપસંહાર અને ઉદ્‌બોધન | ૨૯૧-૩૨૦ |


❑

# જીવનઘડતર

❑

## પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**


‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

**- શ્રીમોટા**

હરિઃૐ

# ખંડ - ૧

# પૂર્વજીવનની વાતો



થયા વિના પૂરા સ્વચ્છ પૂરેપૂરા બધી રીતે,
જીવનપથમાં ધપાવાને કશી ના પાત્રતા કંઈ છે.

હરિઃૐ

## મને ઓચિંતું બળ પ્રેરી, ટટારી દિલ બક્ષી છે

ભયંકર ત્રાસ સંસારે પડ્યો હોવાથી, કકળીને
-હૃદય બહેકી ઊઠેલું જે, જીવન તેથી ગૂંચાયું છે.

જીવનમાં વર્તવું કેમ ન તેની સૂઝ પડેલી છે,
શી બુદ્ધિ બહેર મારી છે ! કશો ના તોડ કાઢે છે.

જીવનસંસારમાં ત્યારે સહારો કોઈનો ક્યાંયે
-મળ્યો નહોતો મને, જેથી અનાથ સમ હતો ત્યારે.

છતાં શી તેવી વેળાએ **हरि** તુજ ઑલિયાએ તે
-મને ઓચિંતું બળ પ્રેરી, ટટારી દિલ બક્ષી છે !

હરિઃૐ

## પથે તે ધ્યેયને માટે મરણિયો ટેક ધાર્યો છે

પૂરો ભચડાઈ મરતો'તો ગરીબીના જીવન વિશે,
સમજ ઊગી નહોતી કૈં જીવન વિચારવા વિશે.

હું અપમાનિત થતાં ભૂંડી રીતે ત્યારે હૃદય કેવું
- મને જે શૂળ ઊપડેલું ! ભયંકર કારમું ઊંડું.

મને તેણે ઊંડો કેવો વિમાસણમાં મૂકેલો ને
-ઊંડા વિચારમાં મૂકી દઈ, ગરકાવ કીધો છે !

ઊંડું ઊંડું વિચારાતાં જીવનનું ધ્યેય લાગ્યું છે,
પથે તે ધ્યેયને માટે મરણિયો ટેક ધાર્યો છે.

હરિ:ૐ

# ગરીબીને લીધે કેવા હરિ પોતે મળેલા છે !

જીવનની તે ગરીબાઈતણી શી હાડમારીમાં
-પડેલું વિતાવવું જીવન, મહામુશ્કેલી વેઠી ત્યાં.

ગરીબીના જીવન વિશે શી શી હેરાનગતિ ત્યાં છે !
વિના અનુભવ ન કોઈને કશું ના જ્ઞાન તેનું છે.

ગરીબીને 'બિચારી' કંઈ કદી સ્વપ્ને ન જાણી છે,
ગરીબીને અમીરીથી હૃદય અદકી ગણેલી છે.

જીવનમાં નમ્રતા કેવી પૂરેપૂરી જ કેળવવા,
ગરીબીને અમે સાધનરૂપે શી વાપરેલી ત્યાં !

ગરીબી એ કૃપાની શી જીવનની શહેનશાહત છે !
ગરીબીને લીધે કેવા **હરિ** પોતે મળેલા છે !

હરિઃૐ

## કૃપાથી ભાન જાગ્યું કે, 'થવું મોટા જરૂરી છે'

જગે આશ્રય કશે નહોતો ગરીબ કેવો હતો હું તો !
હું નોધારો જ ફરતો'તો ધણીધોરી હતું ના કો'.

થતાં અપમાન ભૂંડું મુજ હૃદય ઓચિંતું ત્યાં મુજને
-કૃપાથી ભાન જાગ્યું કે, 'થવું મોટા જરૂરી છે.'

'શકે અપમાન કરી કો' ના મને માથું નમાવે સૌ',
કૃપાથી એવું બનવાનું હું કૃતનિશ્ચય થયેલો શો !

કૃપાથી **શ્રીહરિ**એ તો થયેલો દિલ સંકલ્પ
-પૂરેપૂરો ફળાવીને, શરણ રાખ્યો જ શ્રીપાદ.

હરિ:ૐ

# થયેલો કામથી વહાલો, ચીંધ્યું સહુનું કરેલું છે

જીવનમાં ઘનિષ્ઠ સંબંધો બહુ ઝાઝા કરેલા ના,
પરંતુ જ્યાં ગયો ત્યાં ત્યાં, કર્યું કર્મ ઉમળકાએ.

થયેલો કામથી વહાલો, ચીંધ્યું સહુનું કરેલું છે,
જીવનહેતુ ફળવવાને અમે તો ચાલ રાખી તે.

જતાં આગળ જીવનહેતુ બીજો શો કોઈ બદલાયો !
કૃપાથી એક પછી એક શું બદલાયા જ હેતુ તે !

ફળવવા હેતુને ઉદ્યમ, તમન્ના ને ધગશ, ધૈર્ય,
વળી સાહસ અને હિંમત પ્રગટ્યાં છે, કેવું આશ્ચર્ય !

હરિ:ૐ

## પ્રસંગો કંઈક શા એવા જીવનમાં સાંપડેલા છે !

‘બિલાડું કોથળામાંથી કદીક નીકળી પડેલું છે’,
પ્રસંગો કંઈક શા એવા જીવનમાં સાંપડેલા છે !

બધું ધારેલું સંપૂર્ણ જીવનમાં ના ફળંતું છે,
કૃપાથી એવી વેળાએ તટસ્થ દિલ ટકાતું છે.

શું અસ્તવ્યસ્ત જીવનમાં થઈ જવાય તે વેળા !
છતાં ત્યારેય જીવંતી ટકે છે જાગૃતિ દિલમાં,

**हरि**ના હાથ ચારેયે શિરે મારે ફરંતા છે
શી જબ્બર ઓથ છે **એની** ! હું તેથી જીવું નિશ્ચિંતે.

હરિ:ૐ

## ઉમળકાથી કરેલું છે બગાડ્યા કંઈ વિના મોઢું

અમે ભંગીતણું કામ જીવનની સાફસૂફીનું
-ઉમળકાથી કરેલું છે બગાડ્યા કંઈ વિના મોઢું.

થયા વિના પૂરા સ્વચ્છ પૂરેપૂરા બધી રીતે,
જીવનપથમાં ધપાવાને કશી ના પાત્રતા કંઈ છે.

કૃપાથી પાત્રતા યોગ્ય હું કેળવવા મથેલો જે,
અડગ નિશ્ચયની હિંમતથી તહીં ફાવટ થતી ગઈ છે.

ન કંટાળો ઊગેલો છે પરંતુ ઊલટાં શાં તે
-ધીરજ, ઉત્સાહ ને ખંત વળી ઉદ્યમ ફૂટેલાં છે !

હરિ:ૐ

## હૃદય ભાન જગાડીને, નવાં પગલાં પડાવ્યાં છે

જીવનમાં શી શી ચેષ્ટાઓ ભૂલેચૂકે થયેલી છે,
બહુ ભોગવવું તેથી તો ભૂંડી રીતે થયેલું છે.

**હરિ**ની મહેરબાની કે મને દર્શાવીને તે તે
-હૃદય ભાન જગાડીને, નવાં પગલાં પડાવ્યાં છે.

જૂના ભંગાર જેવા **આ** જીવનના વેશમાંથી તે
-નૂતન જીવનનો શણગાર કળા બક્ષી સજાવાને.

જરીક કંઈક ડાઘ પડતાંમાં હૃદય ચાનક સ્ફુરાવીને
-બધું સ્વચ્છ કરાવી દઈ સુઘડ સુંદર કરાવ્યું છે.

હરિ:ૐ

## કૃપાની લાતથી પથ પર મને લાવી મૂકેલો છે

જીવનમાં કોઈનો સધ્ધર મને ટેકો નહોતો જે,
જીવનમાં બાથોડિયાં માર્યાં વિના આધાર શાં મેં જે !

શી બુદ્ધિની બડાશો મેં બહુવિધની જ મારી છે !
ખતરનાક ભવાડો મેં શું તેથી ઉપજાવ્યો છે !

ભયંકર શા જીવન પથમાં બહુ ખત્તા જ ખાધા છે !
જીવનમાં ઠોકરો ખઈને હું અધમૂઓ થયેલો જે.

શી ભારે થપ્પડો મુજ પર જીવનમાં તો પડેલી છે !
કૃપાની લાતથી પથ પર મને લાવી મૂકેલો છે.

હરિ:ૐ

## મને તેં કાન પકડીને ફરી રાહે ચઢાવ્યો છે

જીવનમાં કંઈક વેળાએ હું બેફામ થઈ જઈને,
કરી બેસાયું છે મુજથી અવળચંડું જીવનમાં કૈં.

કૃપા કરીને મને ત્યારે શી લપડાક લગાવીને
- મને **તેં** કાન પકડીને ફરી રાહે ચઢાવ્યો છે !

જીવનમાં કેટલી વાર ભૂલો કીધા કરેલી છે !
છતાં પણ દિલમાં ગુસ્સો ન મુજ પર દાખવેલો **તેં**.

લૂલાને, લંગડાને **તેં** ગ્રહી કર દોરવેલો છે,
કરુણા એવી તે તારી વખાણું કેવી રીતે તે !

હરિઃૐ

## હબસીનો કાન ડાબો તે મને પકડાવિયો તેં છે

પૂરા અંધકારમાં જીવન વહ્યા કેવું જતું'તું તે !
અને તેમાંય અજવાળું હું નીરખ્યા શો કરંતો જે !

સૂરજને ચંદ્ર માનીને બધો વ્યવહાર તે રીતે
-જીવનનો ચાલતો'તો શો ! નરી મૂર્ખામી કેવી તે !

'હતી મૂર્ખામી તે' તેનું કશું ભાન નહોતું કૈં,
રગશિયું ગાડું એ રીતે જીવનનું ચાલતું'તું જે.

**हरि**એ તેવી વેળાએ રહમ મુજ પર કરી, ચહીને,
હબસીનો કાન ડાબો તે મને પકડાવિયો **તેં** છે

હરિઃૐ

## થવા પરિપૂર્ણ, શી જહેમત કડીતોડ થયા ગઈ છે !

જીવનમાં પાંગળાપણું જ્યાં નજર મારી ચઢેલું છે,
નમાલું તેવું રહેવાને ન મારું દિલ માન્યું છે.

જીવનમાં તેથી હિંમતને સતત બિરદાવી, બિરદાવી,
જીવનના કર્મ પુરુષાર્થે કૃપાથી જોડી શી દીધી !

અશક્ય કર્મ બનવાં જે જીવન લાગ્યાં, બધાં તે તે
-જીવતી મર્દાનગીથી શાં ! જીવનમાં હાથ લીધાં છે.

લઈને હાથમાં તેને અધૂરાં તે ન મૂક્યાં છે,
થવા પરિપૂર્ણ, શી જહેમત કડીતોડ થયા ગઈ છે !

હરિ:ૐ

## નવું ઘડતર જીવનકેરું થવાને દિલ ઝુકાવ્યું છે

જીવનમાં કેવી નાલેશી કદીક મારી થયેલી છે !
શરમથી માથું મુજ કેવું વળી નીચું ગયેલું છે !

પ્રતિષ્ઠા, આબરૂ, કીર્તિ શું ધૂળધાણી થયેલાં છે !
હું ધોયેલા મૂળા જેવો નકામો સાવ કેવો જે !

છતાં દિલમાં **हरि** પરનો ન વિશ્વાસ તૂટેલો છે,
**हरि** પરની હૃદય શ્રદ્ધા હજી જીવંતી શી રહી છે !

જીવનમાં તો શરૂ કરીને ફરીથી એકડે એક
-નવું ઘડતર જીવનકેરું થવાને દિલ ઝુકાવ્યું છે.

હરિઃૐ

## હરિના નામનું ત્યારે હૃદય સાધન મળેલું શું !

કદીક હું નંદવાણો છું, કદીક હું ખોટવાયો છું,
કદીક દેવાળું જીવનમાં કાઢ્યું છે પૂરેપૂરું.

જીવનમાં આબરૂ કીર્તિતણા ભૂકા થયેલા છે,
જીવનમાં કોઈ ધીરનારું ન કોડી પણ રહેલું છે.

નમાલો સાવ એ રીતે બની જ્યારે ગયેલો છું,
**હરિ**ના નામનું ત્યારે હૃદય સાધન મળેલું શું !

હૃદય હું ઝોડની પેઠે રહ્યો વળગી જ સાધનને,
અખંડાનંદ મેળવતો થયો તે સાધનાભ્યાસે.

હરિ:ૐ

## પરંતુ શો મને હરિએ પડી રહેવા ન દીધો છે !

'જીવનમાં કોઈ સમય, પાછું સરતચૂકથી પડાયું છે !
'છતાં ઝટપટ ન ચેતાયું' શું અચરજમાંનું અચરજ તે !

ખરેખર કિંતુ તે સાલ્યું શું બેસાવધપણું દિલ તે !
હૃદય બેચેનીએ ત્યારે લીધો શો આવરી મુજને !

પરંતુ શો મને **હરિ**એ પડી રહેવા ન દીધો છે !
કંઈક મરડાવી, મરડાવી, હૃદય સાવધ કરેલો છે.

નિરંતર સ્મરણના ભાવે જીવનનું સુષુપ્ત ઝરણું જે
-હૃદય ચેતનની શક્તિનું વહેતું તે થયેલું છે.

હરિ:ૐ

# જીવનમાં આમથી તેમ બહુ ભટક્યા કરેલું છે

જીવનમાં આમથી તેમ બહુ ભટક્યા કરેલું છે,
અહીંથી બટકું ને ત્યાંથી વળી બટકું ભરેલું છે.

અનેકે વાર એ રીતે શી ચાટી ચાટ ખાધી છે !
ઘૃણા કે અણગમો તોયે જરા સરખો ન આવ્યો છે.

અરે ! શી વાત કહેવાની ! શો ઊલટો સ્વાદ આવ્યો છે !
અને તે સ્વાદના ભસકા ચહેલા વારેવારે છે.

જીવનમાં એ રીતે જીવતાં બહુ વાર ફવાયું ના,
ચહેલું ના મળ્યું તોયે છતાં ચસકો છૂટ્યો છે ના.

**हरि**ના ઑલિયાએ તે મને બોલાવીને પાસે
-અગમ નિગમનાં પાસાંનું જીવનશિક્ષણ દીધેલું છે.

હરિ:ૐ

## છબરડા કંઈક શા ઊંધા વળાયેલા હતા મુજથી

જીવનમાં સાવ ઘનચક્કર હતો વ્યવહારમાં મતિથી, મનથી,
છબરડા કંઈક શા ઊંધા વળાયેલા હતા મુજથી !

જીવન વ્યવહારમાં તેથી થતું નુકસાન જોઈને,
શું ચેતાવાનું એનાથી કૃપાથી તો થયેલું છે !

હૃદય ચેતાઈ જવાથી તો **હરિ**નો માર્ગ મળિયો છે,
જુદાં જુદાં ગહન સાધન ઉગાડેલાં કૃપાએ જે.

હૃદય ભાવે થયાથી તે, થયું પલટાતું જીવન તે,
**હરિ**ભાવ પ્રવર્તતો, જીવનમાં થઈ ગયેલો છે.

હરિ:ૐ

# મને શાં શાં કંઈક નામ જીવનમાં તો મળેલાં છે

મને શાં શાં કંઈક નામ જીવનમાં તો મળેલાં છે,
મને કંજૂસ તો કંઈકે ખરેખર શો ગણેલો છે !

કંઈક ઉપનામ એવાં તો ખરે સ્નેહીજનોએ તે
-મને સંબોધી તે રીતે નવાજેશ કરેલી છે.

બધાં ઉપનામ તે-તેનો ન ઈન્કાર કરેલો છે,
ઉમળકાથી હૃદય તેવી કબૂલાત કરેલી છે.

ખરી સમજણ કદી કોઈને ગયો સમજાવવા ના તે,
બધાંનું તેવું સાંભળતાં તટસ્થ દિલ ટકાયું છે.

હરિઃૐ

## બનેલી સૌ હકીકતને જમા ઉધાર નિવેદ્યાં છે

જીવનમાં શા અમે હારી પૂરેપૂરા ચૂકેલા જે !
ન કેમેય કરંતાં કંઈ હું બેઠો થઈ શકેલો તે.

કંઈક તરફડિયાં બહુ માર્યાં, પ્રયત્નો ખૂબ કીધા છે,
પરિશ્રમ પણ ઉઠાવ્યો છે, છતાં દળદર ફીટ્યું ના છે.

મદદગાર જીવનમાં મેં શું ભાગીદાર ખોળ્યો છે !
બનેલી સૌ હકીકતને જમા ઉધાર નિવેદ્યાં છે.

ન છાનું કંઈ જ રાખ્યું છે, હતું જે સોંપી દીધું છે,
**हरि**એ પ્રેમથી પછીથી સ્વીકારી જવાબદારી છે.

હરિઃૐ

# છતાં વિશ્વાસ મૂકવાનું કદી છોડી નથી દીધું

જીવનમાં કોઈકની ઊંધી ખરેખર ચાલબાજીમાં
-કદીક કેવો ફસાઈને, કદીક લૂંટાઈ ગયેલો ત્યાં.

કદીક દુનિયાની ખટપટમાં પૂરો અટવાઈ પડેલો જે,
થવાને મુક્ત તેમાંથી, મતિ મારી ન ચાલી છે.

કદીક વ્યવહારમાં કેવો હું છેતરાઈ ગયેલો છું !
છતાં વિશ્વાસ મૂકવાનું કદી છોડી નથી દીધું.

જીવંતો દિલ સદ્ભાવ બધાં પર ધારવાને મેં
-સભાન દિલ રહ્યા કરીને, થઈ નમ્ર પ્રવર્ત્યો જે.

કંઈક અન્યાય, અપમાન થયેલાં છો જીવનમાં જે,
છતાં સદ્ભાવને જીવતો હૃદય હોવા, મથેલો જે.

હરિ:ૐ

# ચલાતાં ઊંધું કંઈ ભૂલથી તહીં દંડો લગાવ્યો છે

બહુ બહુ વાસનાઓથી બહુ છલકેલ અંતર છે,
પ્રમાણે તે વહેણોમાં વહ્યા કરતું જ જીવન છે.

જીવન ખાબોચિયામાં તો શું રગદોળાતું'તું કેવું !
ચીતરી એની ચઢંતાં દિલ, તહીં દિલ કંપી ઊઠ્યું છે !

જીવનનો વેશ બદલાવા હૃદય નિશ્ચય થયેલો જે,
શ્રીસદ્‌ગુરુ પ્રેરણાથી શો થયેલો દિવ્ય પલટો છે !

પછીથી તો શ્રીસદ્‌ગુરુએ જીવનરાહે ચઢાવીને
-ચલાતાં ઊંધું કંઈ ભૂલથી તહીં દંડો લગાવ્યો છે.

હરિ:ૐ

## हरि દિલમાં પ્રતિષ્ઠિત થવાને, યજ્ઞ માંડ્યો છે

જીવનની કમનસીબીની નિરાશાની પળો વિશે,
જીવન હારી જતાં કેવો નિરુત્સાહ થયેલો તે !

કશામાંયે મને ત્યારે પડેલો રસ નહોતો કૈં,
ખરેખર રણ સમું ત્યારે જીવન આખું બનેલું છે.

કશો સંતોષ કોઈનાથી મને ત્યારે મળ્યો ના છે,
ઊંડો મનમાં શું ધગધગતો અસંતોષ હતો ત્યારે !

બીજાંની પાસથી આશા-અપેક્ષા રાખવી, તેને
-બહુયે ગડમથલ પછીથી, નકામી મેં ગણેલી છે.

સતત તેથી જ પોતામાં નિરંતર લક્ષ પ્રોઈને
-**हरि** દિલમાં પ્રતિષ્ઠિત થવાને, યજ્ઞ માંડ્યો છે.

હરિ:ૐ

# હવે દીપાવવો તેને જીવન કર્તવ્ય ધાર્યું છે

કંઈક વાર જીવનમાં તો ચકરભમર થવાયું છે,
કૂંડાળે એકના એક જ કહીં સુધી ભમાયું છે.

'બહુ ચાલ્યો, બહુ ચાલ્યો', ગણતરી મન વિશે થઈ તે,
છતાં શો ઠેરનો ઠેર ! નરી ભ્રમણા હતી શી તે !

કૃપા તો **શ્રીહરિ**ની શી મને અનહદ થયેલી છે !
જીવનને **જીવદશા**માંથી ઊંઘેલું શું જગાડ્યું છે !

નવો અવતાર જીવનનો **હરિ**એ જે દીધેલો છે,
હવે દીપાવવો તેને જીવન કર્તવ્ય ધાર્યું છે.

હરિ:ૐ

## ખરેખર પ્રાણ, નવજીવન જીવનમાં તેથી ફૂટ્યાં છે

જીવન શું આંખો મીંચીને જીવ્યા કેવું કરેલું છે !
જીવનમાં મૂઢતા કેવી પ્રગટી તેથી ગયેલી છે !

હૃદય અવહેલના મુજ પર ભયંકર મેં કરેલી છે,
નર્યો ફિટકાર મુજ પર મેં સખત વર્ષાવી દીધો છે !

શી બેદરકારી, લાચારી જીવન પ્રગટી ચૂકેલી જે !
હવે નિવારવા તેને જીવન સંગ્રામ ચાલુ છે.

જીવનના ધ્યેયને જીવને ફલિત કરવા હૃદયમાં છે
-મરણિયો, ટેકીલો એવો જબરજસ્ત શો નિશ્ચય છે !

જીવન વિકસાવવામાં તે સતત ઉપયોગ લીધો છે,
ખરેખર **પ્રાણ, નવજીવન** જીવનમાં તેથી ફૂટ્યાં છે.

હરિઃૐ

## ‘હવે પ્રગટાવવા નૂતન જીવન’ વિચાર પાકો છે

નમાલું સત્ત્વહીન કેવું જીવન જીવ્યા કરેલું જે,
ઊંડો તેથી શું પસ્તાવો બળ્યા દિલમાં કરેલો છે !

જીવનમાંથી શી પરવારી ગઈ માનવતા જાણે કે,
નમાલી કેવી જીવનની દશા જોઈ, ‘હું ભડક્યો જે !


ઊંડા એવા જ કારણથી થયેલું જાગવાનું તે,
‘હવે પ્રગટાવવા નૂતન જીવન’ વિચાર પાકો છે.

જીવનઆદર્શ જાગ્યાથી, જીવન તે ધ્યેયની રીતે
-ધગશ, ઉત્સાહ, તલસાટ અગન પેરે શું જલતાં છે !

હરિ:ૐ

## ખંડ - ૨

# જીવનઘડતરના વિવિધ સંગ્રામો



જીવનમાં જાણવા કરતાં સમજવું યોગ્ય માન્યું છે,
સમજવા દિલ કરતાંયે અનુભવવું જ ઉત્તમ છે.

હરિઃૐ

## જબરજસ્ત જીવનમાં શા કંઈક સંગ્રામ જાગ્યા છે

જબરજસ્ત જીવનમાં શા કંઈક સંગ્રામ જાગ્યા છે !
પડેલું ખેલવું ત્યારે મૂકીને માથું **હરિ**ચરણે.

કશીયે ધારણા સમજણતણી ના કામ લાગી છે,
કશી હોશિયારી કે બુદ્ધિ ન ત્યારે કામ આવી છે,

છતાં મર્દાનગીએ શો જીવનમાં રંગ રાખ્યો છે !
બધી સર્વસ્વ તાકાતે કરેલો સામનો શો જે !

શહૂર ને ખમીર જીવનમાં કદીક ટૂંકાં પડેલાં છે,
છતાં સાહસ ને હિંમતથી લડતમાં શો ટકેલો જે !

હરિ:ૐ

## જીવનમાં ભાવ ને ગુણ લડતથી શા ખીલેલા છે !

જુદા જુદા જ સંગ્રામ લડાયા એક રીતે ના,
બધા સંગ્રામને લડવાતણી રીત શી જુદી પણ ત્યાં !

જીવનનું ધ્યેય ફળવાની દિશા આગળ વધી જ્યાં છે,
જુદા જુદા તહીં કેવા પથે સંગ્રામ પ્રગટ્યા છે !

વિના સંગ્રામ અંતરની કદી શક્તિ ન બઢતી છે,
અમે સંગ્રામને તેથી સિતારો ગુરુ ગણેલો છે.

મળ્યા સંગ્રામથી ભવ્ય શી વિકસી મર્દાનગી જીવને !
જીવનમાં ભાવ ને ગુણ લડતથી શા ખીલેલા છે !

હરિ:ૐ

## જીવનસંગ્રામને તોયે મૂકી ના સાવ દીધો છે !

જીવનની સાઠમારીમાં, અડગ ઊભો રહી ટકવા
-**હરિ**ને પ્રાર્થના કરીને, **હરિ**ની શક્તિ માગી ત્યાં.

છતાં કોઈક સમય હારી જઈ, બેસી ગયેલો જે,
ન ઊઠવાની કશી હામ મને ત્યારે રહેલી છે.

સ્થિતિ બેહાલ એવીમાં **હરિ**ને દિલ પુકાર્યો છે,
હું પડતાં ને આખડતાંમાં **હરિ**મદદે ટકેલો જે.

બહુયે વાર હાર્યો છું, જીવનસંગ્રામને તોયે
-મૂકી ના સાવ દીધો છે, કૃપા મોટી **હરિ**ની તે.

હરિઃૐ

## જીવનઆદર્શ સર કરવા અમે શો જંગ માંડ્યો છે !

જીવનઆદર્શ સર કરવા અમે શો જંગ માંડ્યો છે!
કરી પરવા કશાની ના, લડત જીતવા મથેલો જે.

કદીક ધડ તો પડેલું છે, છતાં શિર ના નમેલું છે,
સતત શિર લડ્યા કરેલું છે, કદી ના તંત છોડ્યો છે.

થયેલા પગ કદીક ઢીલા, શું છોલાવાયું જીવન છે !
છતાં પાછા ટટારીથી ઊભા કેવા રહેલા જે !

જીવનની **આ** લડત ચાલુ સતત ચાલુ રહેલી છે.
જીવનમાં સામનો તેનો શું કરવાનો રહેલો છે !

લડતને ના લડત સમજ્યો, જીવનના ધ્યેયના પંથે
–'ભરેલું દૃઢ, મક્કમ ડગ', હૃદય એવું ગણેલું છે.

હરિઃૐ

## જુદી જુદી ભૂમિકાના મળ્યા શા ઉગ્ર સંગ્રામ !

વિપત્તિ, પ્રશ્ન મુશ્કેલી જીવનમાં આવી આવીને
-જીવનમાં સામનો કરવા રૂડી તક શી મળેલી છે !

સતત શા એક યા બીજી રીતે જીવનમાં પ્રગટ્યા છે
-કંઈક સંગ્રામ કે જેનો થયેલો સામનો ભારે.

જીવનસંગ્રામની એવી લડતથી તો જીવન વિશે
-હૃદયની શક્તિ બઢતી તે અનુભવથી જણાયું છે.

જીવનનું ધ્યેય ફળતાંમાં કંઈક જે એક પછી એક
-જુદી જુદી ભૂમિકાના મળ્યા શા ઉગ્ર સંગ્રામ !

હરિ:ૐ

# हरि મુજ હાથ ગ્રહી લઈને તરાવી પાર કરી દેશે

જીવનપથ ચાલતાં મુજને મુસીબત શી નડેલી છે !
મુસીબત તે ઉકેલાવા મતિ ટૂંકી પડેલી છે.

છતાં ઉપાય સૂઝ્યા જે કર્યા કરવા વિશે મનને
-પરોવીને ન ફાવંતાં **हरि**ની સહાય માગી છે.

કંઈક પ્રશ્નો, ગૂંચો, પાછી સમસ્યાઓ જુદી જુદી
- જીવનમાં પ્રગટીને કેવો મને મૂંઝવી જ નાખ્યો છે !

છતાં **हरि**માં હૃદય મુજને અડગ વિશ્વાસ, શ્રદ્ધા છે,
'**हरि** મુજ હાથ ગ્રહી લઈને તરાવી પાર કરી દેશે.'

હરિ:ૐ

## હૃદય આફતથી બળ મુજને જીવનમાં તો મળેલું છે

જીવનમાં આફતોની શી કતારો પર કતારો જે,
કહીંકથી ઓચિંતી રીતે કદીક આવ્યા કરેલી છે !

કૃપાબળ નોતરી ભારે સબળતા પાંગરાવીને
-ટટારી ને ખુમારીથી કરેલો સામનો શો છે !

મને આફત ડરાવી ના શકેલી કોઈ રીતે છે,
જીવનમાં ઊલટી આફત શી આશીર્વાદ નીવડી છે !

કરીને સામનો એનો શી આફતને હરાવી છે !
હૃદય આફતથી બળ મુજને જીવનમાં તો મળેલું છે.

હરિ:ૐ

## કને મુજ આવીને કેવો હૃદય બેઠો કરેલો છે !

જીવનની રોજનીશીમાં અમે ચીતરેલ પાનાં છે,
ગણી ગણીને સિલક રોજ શી થાકી આંગળી ગઈ છે !

પરંતુ એકનું એક જ રહેલું કર્મ ચાલુ તે,
પડ્યો ના ભંગ તેમાં છે, થયો ના ફેરફાર જ છે.

પરંતુ કોઈ અકસ્માતે ભડકે બળતું જ નીરખીને
-નયન ફાટી ગયેલાં ને હૃદય બેસી ગયેલું છે.

ખરેખર એવી વેળાએ **हरि** તુજ ઑલિયાએ તે
-કને મુજ આવીને કેવો હૃદય બેઠો કરેલો છે !

હરિ:ૐ

## અમથું, અમથું જીવન જીવવું,બધું ફોગટ ખરેખર છે

અમથું, અમથું જીવન જીવવું, બધું ફોગટ ખરેખર છે,
છતાં લાગી ન આવ્યું છે, જીવનની કમનસીબી તે.

જીવનઆદર્શનું ભાન હૃદય ત્યારે જરા સરખું
-ઊગ્યું નહોતું જીવનનું તે શું કમભાગ્ય હતું મારું !

છતાં કોઈકના એવા પ્રતાપેથી કરી કેવા
-જીવનમાં **प्राण** રેડાયા ! થયા દી ત્યારથી રૂડા.

**हरिने** એકલો માત્ર અનુભવવા જીવનનાં જે
-રહેલાં કર્મ ને હેતુ, હવે દિલમાં પચેલાં છે.

હરિઃૐ

## **હરિશક્તિથી જીવનનો નવો વેશ સજાયો છે**

જીવનમાં કેટલીક વાર શી નાસીપાસી આવી છે !
શું અંધાધૂંધીમાં ત્યારે મને નાખી દીધેલો છે !

થયેલો સૂમસામ જ હું ન ઠેકાણું રહેલું છે,
છતાં ત્યારેય કટિબદ્ધ થઈ, સજ્જ થયેલો છું.

ભલેને હાર ખાધી છે, છતાં હાર કબૂલી ના,
લડતને જારી રાખીને લડ્યા મેં તો કરેલું ત્યાં.

જુદી જુદી ભૂમિકાના જુદા સંગ્રામ કેવા તે !
છતાં **હરિ**બળ ઊગેલાથી લડત લડતાં ટકાયું છે.

લડત લડવાથી **હરિ** સહાયે નૂતન બળ કેળવાયું છે,
મદદે
**હરિ** શક્તિથી જીવનનો નવો વેશ સજાયો છે.

હરિ:ૐ

# બધા ઉધમાતને વિશે જીવનઆદર્શ ધાર્યો છે

કમાઈ સામટું લેવા શું ઉધમાતો થયેલા છે !
બધા ઉધમાતને વિશે જીવનઆદર્શ ધાર્યો છે.

ભલે 'ઉધમાત'નું નામ અહીં મેં તો દીધેલું છે,
'પરંતુ સાચી રીતે તો ખરો પુરુષાર્થ દિલનો તે.'

કૃપાથી સર્વ જે તે કંઈ જીવનમાં તો થયા કર્યું છે,
ઊંડા જીવંત હેતુનું તહીં ભાન ટકેલું છે.

જહીંથી દિલમાં પૂર્ણ જીવનઆદર્શ જાગ્યો છે,
હૃદય તે વેળથી હેતુ થતાં સૌમાં, વસેલો છે.

હરિ:ૐ

## કદી ગભરાઈ જતો ના તે, થતાં કંઈક સ્તવે હરિને

જીવનમાં કેટલીક વેળા ભયંકર વિઘ્ન આવ્યાં છે !
ધ્રુજાવી નાખી દે એવાં બહુ તોફાન જાગ્યાં છે.

બહુ મોટાં અડીખમ જે કંઈક વૃક્ષો ઉખાડીને
-કહીં દૂર દૂર ફગાવ્યાં છે, શું વાવંટોળ એવો તે !

છતાં ત્યારે **હરિ**ને મેં હૃદય મજબૂત પકડીને
-મનન ચિંતવન **હરિ**નામાં, મનાદિને પરોવ્યાં છે.

જીવનમાં આશ્રયે મોટાતણા નિશ્ચિંત જે રહે છે,
સહાનભૂતિ ને ઓથ મળે તેવા થકી નિશ્ચે.

**હરિ**ને જે શરણભાવે ગમે તેવા પરિણામે,
કદી ગભરાઈ જતો ના તે, થતાં કંઈક સ્તવે **હરિ**ને.

હરિઃૐ

## થવું એકમાં જ એકાગ્ર હવે તે કામ લીધું છે

જીવનમાં યાદવાસ્થળી જે શી મંડાયેલ છે ! જેણે
-બહુ શાખા વિશે કેવો મને વહેંચી જ નાખ્યો છે !

'જુદાં જુદાં સ્થળોમાંથી પૂરેપૂરું જ નીકળીને
-થવું એકમાં જ એકાગ્ર' હવે તે કામ લીધું છે.

મરણિયો દિલ નિશ્ચય જે ઊતરતો કર્મ વિશે છે,
જીવનના ધ્યેયના ફળને કરી સાકાર તે દે છે.

હૃદયથી ધ્યેયને ખંતે વળગી વળગી જ નિશ્ચયથી,
કરંતાં કર્મ તે રીતનાં જીવનઘડતર થતું રહે છે.

હરિ:ૐ

# ઘરે તારે પ્રવેશાવી મને ત્યાં પૂરી દીધો છે

જીવનમાં કેટલીક વાર બહુ તરફડિયાં માર્યાં છે,
બધાં બાથોડિયાંમાં તે ભલીવાર ન પ્રગટ્યો છે.

કહીંનું કહીં કર્યું ચાલ્યા, છતાં ના તંત લાગ્યો છે,
પ્રયત્ને સર્વ ઊડઝૂડિયા ન જેમાં યોગ્ય નેમ જ છે.

જીવનમાં જેમ તેમ જ હું બધે ભટક્યા જ કરતો'તો,
કંઈ ઠેકાણું જેનું તો, કશું નહોતું જીવન વિશે.

છતાં તુજ ઑલિયાએ કોઈ પરાણે હાથ મુજ ગ્રહીને
-ઘરે તારે પ્રવેશાવી મને ત્યાં પૂરી દીધો છે.

હરિઃૐ

## વતેસર વાતનું કેવું બધાં સંસારી કરતાં છે !

જીવન વાતો વિશે કેવું વહી નરદમ ગયેલું છે !
છતાં ના વાતને કોઈ કદીયે છોડી શકતું છે.

નર્યો રસ વાતમાં સહુને, બધાં મંડ્યા કરે વાતે,
ન છેડો વાતનો મૂકે, ન તેનો તંત છોડે છે.

સદા બસ વાત ને વાતે હૃદય મશગૂલ લોકો છે,
વતેસર વાતનું કેવું બધાં સંસારી કરતાં છે !

**હરિ**એ મુજ પર કેવી કૃપા અદ્‌ભુત કરેલી કે
-પરોવાવી પદે લક્ષ, **હરિ** વાતે હૃદય રસ છે.
શું જન્માવી દીધો રસ છે !

હરિઃૐ

# ગમે તેવું થતાં તોયે ન કંઈ અફસોસ તેથી છે

જીવનમાં ફતેહની ઈચ્છા કદી પણ ના ધારેલી છે,
બધું પરિણામ **શ્રીહરિ**ને ચરણે સોંપી દીધેલું છે.

કદીક સડસડાટ શો ઊડતો પતંગ તો કપાયો છે !
હતોત્સાહ છતાં ત્યારે કૃપાથી ના થવાયું છે.

જીવનના પતંગને પાછો ગગન ઊંચે ચગવવાને
-કૃપાના પવન સહારાથી પ્રયત્નો શા થયેલા છે !

શી ભરતીઓટ નૈસર્ગિક સહજ કુદરતનું ધોરણ છે !
ગમે તેવું થતાં તોયે ન કંઈ અફસોસ તેથી છે.

હરિ:ૐ

## ફળવવા ધ્યેય પ્રત્યક્ષ રહેવાયું જ મંડીને

વિચારી અન્યથા રીતથી ગમે તેવું બીજાં વિશે
-કરી બેઠેલ અન્યાય જગતમાં કેટલાંયેને !

સમજ પડતાં ખરી દિલમાં ક્ષમા મેં માગી લીધી છે.
બહિર્મુખી થતાં વૃત્તિ તહીં શો ચોંકી ઊઠ્યો જે !

‘કશું વિચારવાનું કંઈ જીવનમાં તો બીજાં વિશે’,
કૃપાથી છોડી દેવાનું શું વારંવાર સૂઝ્યું છે !

સતત અંતર્મુખી રહેવા જીવનનું લક્ષ્ય ધારીને,
ફળવવા ધ્યેય પ્રત્યક્ષ રહેવાયું જ મંડીને.

હરિ:ૐ

## વિવેક તે ખીલેલાની શી અપરંપાર શક્તિ છે !

'ખરેખર જેમની તેમ જીવનની વાસ્તવિકતાને
-સ્વીકારી છે થવા ઉન્નત', જીવનનું ધ્યેય ધાર્યું તે.

જુદા જુદા તબક્કામાં જુદી શી ઉન્નતિ પણ છે !
તબક્કાઓની ઉન્નતિ તે, સમજવી ઑર દુર્લભ છે.

જીવનના સાધનાભ્યાસે ઉપર ચઢતાં નિસરણીએ
-મતિમાં સ્વસ્થતા પ્રગટી, વિવેકશક્તિ ફોરે છે.

ખીલેલા તે વિવેકથી સ્ફુરે છે યોગ્ય સમજણ તે,
વિવેક તે ખીલેલાની શી અપરંપાર શક્તિ છે.

હરિ:ૐ

# જીવનમાં ભરતી ને ઓટ તમન્નામાંય ઊઠે છે

અસાવધ ધ્યેયની પ્રત્યે રહેવાતાં ભૂલેચૂકે,
શી ચણચણાટી ધગધગતી હૃદય સળગેલ છે ત્યારે !

નસેનસમાં, રગેરગમાં ધ્રુજારી, કંપ ફરક્યાં છે,
ભયંકર આંચકો લાગી, શું ઊપજ્યો ધ્રાસકો ત્યારે !

અસાવધ શેં રહેવાયું ? જીવનની લગનીને વિશે
-કઈ રીત ઓટ પ્રગટીને, તમન્ના ખોટકાઈ છે.

જીવનમાં ભરતી ને ઓટ તમન્નામાંય ઊઠે છે,
જીવનની ચાલતી ત્યારે જુદી જુદી ગતિ શી છે !

જુદા જુદા તબક્કામાં કૃપાથી સાવધાનીને,
સળગતી ધારવાની શી ધરાઈ દક્ષતા દિલ તે !

હરિ:ૐ

## ગરજ, રસ દિલ લાગંતાં, શહૂર ને શૌર્ય પ્રગટ્યાં છે

જીવન જે જેમનું તેમ અને જેવું જ છે તેવું
-ઊંડું વિચારી તે વિશે, થવાને ઊર્ધ્વ દિલ ધાર્યું.

જગતમાં સર્વનો નિશ્ચે થતો જ્યાં ફેરફાર જ છે,
જીવનનું તેમ બદલાવું શું નૈસર્ગિક સહજ ક્રમ તે !

જીવન મુજ ઊર્ધ્વ પથગામી થવા, નિશ્ચય થયેલો છે,
સતત રહેવાયું મંડાયા જીવનમાં તેથી તો નિશ્ચે.

ભગીરથ ગડમથલ કેવી મથી મથીને થયેલી છે !
ગરજ, રસ દિલ લાગંતાં, શહૂર ને શૌર્ય પ્રગટ્યાં છે.

હરિ:ૐ

## સતત તેમાં જ આગળ તે બઢાવાને મથાયું છે

જીવન રળવાતણો ધંધો કૃપાથી તો સ્વીકાર્યો છે,
સતત તેમાં જ આગળ તે બઢાવાને મથાયું છે.

હૃદય રળવાતણો સ્વાર્થ ઊંડો ઊંડો જ લાગ્યો છે,
સતત તેમા જ ને તેમાં પરોવાયેલ રહેવાયે.

કદીક જો ખોટકાયું છે, હૃદય બેચેની વ્યાપીને
-ઊથલપાથલ થઈ જઈને, બધું જે તે તપાસ્યું છે.

હૃદયથી સાવધાનીને પૂરી શી સાવચેતીને
-જીવનના ચોકીદાર જ તે બનાવી, લક્ષ રાખ્યું છે.

હરિ:ૐ

## હૃદયનો ભાવ સંપૂર્ણ થવા સાકાર કર્મ જ છે

કૃપાથી કામમાં રામ હૃદય પ્રગટાવીને પ્રેમે,
જીવનમાં કર્મ એ રીતે કરી તે પદ સમર્પ્યું છે.

બધાંયે કર્મ જે બનતાં બધાં તે હેતુપૂર્વક છે,
હૃદયનો ભાવ સંપૂર્ણ થવા સાકાર કર્મ જ છે.

થતાં એ રીત સૌ કર્મ, સમર્પણ પદ નિરંતર છે,
પ્રભુપ્રીત્યર્થના યજ્ઞે શી આહુતિ કર્મ તે તે છે !

જીવનઘડતર થતાં, એવું સમર્પણ કર્મથી બનતું
-અને એવું જ ઘડતર તે પ્રસાદી શી **હરિ**ની છે !

હરિ:ૐ

## સતત ચાલ્યા જ કરવાનો હૃદય નિશ્ચય મરણિયો જે

જીવનમાં આગેકૂચ કરવા, કદમ પથ પર ઉઠાવ્યાં છે,
હવે કોઈ હિસાબે તે ન પડવાનાં જ પાછાં છે.

સતત ચાલ્યા જ કરવાનો હૃદય નિશ્ચય મરણિયો જે,
ભલેને મૃત્યુ આવે છો, અટકવાનો છતાં ના છે.

જીવનપથ ડરામણી એવી, ભૂતાવળ કંઈક પ્રગટી જે,
મને ભય પમાડવા કેવા પ્રકૃતિના પ્રપંચ જ છે !

જીવનપથમાં છતાં ભાવે સ્મરણ ઊંડું લીધા કરીને,
રહી સાવધ, હું સંપૂર્ણ રહ્યો ચોંટી કૃપાથી તે.

હરિઃૐ

# કળા શિખવાડવાની શી હરિની એવી અદ્‌ભુત છે !

જીવનની સાવધાનીમાં કંઈક વેળા સરતચૂકથી
-અજાણ્યે લક્ષ તે પરનું ચુકાઈ શું ગયું મુજથી !

બધું ચણતર અને ઘડતર થયેલું જે હતું, તે તે
-બધું લક્ષ ચુકાયાથી, ઊંધું બગડી ગયેલું છે.

નવેસરથી ફરી પાછું ઊભું કરવા, મહેનત જે
-મથી મથીને બહુ ભારે વિચારીને કરેલી છે.

જહીં મથવાનું આવ્યું છે, કળા મથવાની ત્યારે તે
-સતત મથતાં રહેવાતાં, જીવનમાં ઊપસેલી છે.

સતત મથવાનું જીવનમાં **હરિ**એ જે કરાવ્યું છે,
કળા શિખવાડવાની શી **હરિ**ની એવી અદ્‌ભુત છે !

હરિ:ૐ

# સતત બસ ધ્યેયની સામે અમે તો મીટ માંડી છે

જીવનનું હાર્દ સંપૂર્ણ હૃદય પ્રત્યક્ષ કરી દઈને,
પછી જીવનને જીવવાની લહેજત શી મધુરી છે !

સતત બસ તેની પછવાડે મથી મથીને જીવન વિશે,
થઈ યાહોમ સંપૂર્ણ અમે પથ ઝંપલાવ્યું છે.

જતાં આગળ, જતાં આગળ, નવું નવું જે મળંતું છે,
નવાની પણ મુસીબતનો અમે સંગ્રામ ખેલ્યો છે.

જીવનમાં એકલી માત્ર ન મુશ્કેલી મળેલી છે,
હૃદય આનંદના કેવા તબક્કા પણ મળેલા છે !

જીવનમાં પાછળે, આગળ ન જોવાનું અમારે છે,
સતત બસ ધ્યેયની સામે અમે તો મીટ માંડી છે.

હરિ:ૐ

# જીવંત તટસ્થતા ત્યારે ભટકવા ના જવા દે તે

દિશામાં ઊલટીસૂલટી શું ફંગોળાતો જીવનમાં !
શી ખેંચાતાણમાં એવી કદીક ખેંચાઈ જતો પણ ત્યાં !

પરંતુ જેમ અભ્યાસ બઢ્યો ઊર્ધ્વ પરત્વેનો,
તટસ્થ દિલ થવાતાં ત્યાં, ન ફંગાવાનું પછીથી તો.

જીવનમાં તટસ્થતા સ્ફુરતાં શી તેજસ્વિત થતાં કર્મે !
થતાં ઉપયોગ એનો ત્યાં, જીવન શક્તિ શી બઢતી છે !

પરિસ્થિતિ ઊલટીસૂલટી ગમે તેવી ભલેને હો,
જીવંત તટસ્થતા ત્યારે ભટકવા ના જવા દે તે.

હરિ:ૐ

## અનુભવ એ જ સાચું તે જીવનનું દિવ્ય અમૃત છે

જીવનમાં જાણવા કરતાં સમજવું યોગ્ય માન્યું છે,
સમજવા દિલ કરતાંયે અનુભવવું જ ઉત્તમ છે.

બધું જાણેલું તે તે સૌ ઊડી ક્યાંયે જતું રહે છે,
વળી સમજેલ તે ક્યાંય જીવનમાં ટકી ન શકતું છે.

અનુભવની સમજ જ્યારે ઊંધી ને આડીઅવળી તે
-સ્થિતિ વિશે જીવનમાં તો યથાવત્ નિત્ય જીવતી છે.

અનુભવ એ જ સાચું તે જીવનનું દિવ્ય અમૃત છે,
શિરોમણિ રત્ન જીવનનું અનુભવને ગણેલું છે.

હરિ:ૐ

# જહીં રસવાળું મન બનતું,વળગતું મન સહજમેળે

જીવન વિશે ઊંડું ઊંડું કરંતાં ચંક્રમણ નિત્યે,
વિચારાતાં ઊંડું ઊંડું, ઊંડું ત્યાં ઊતરાયું છે.

જીવન ગંભીર કેવું છે રહસ્ય ગૂઢવાળું તે !
હૃદય સક્રિય મથતાં તે અનુભવમાં પ્રકાશ્યું છે.

રહસ્ય તે જીવનકેરું કંઈક જ્યાં અનુભવાયું છે,
વધારે ને વધારે ત્યાં રસાર્દ્ર મન થયેલું છે.

જહીં રસવાળું મન બનતું, વળગતું મન સહજમેળે,
પછીથી તો વળગી વળગી હૃદય તારતમ્ય પામે છે.

હરિઃૐ

## સમજ અંતરની ગઈ ઊગતી, પથે તેથી ધપાયું છે

જીવનનાં ધર્મ ને કર્મ જીવનના ધ્યેયને અર્થે
-વિચારીને વિચારીને કૃપાથી તે થયેલાં છે.

છતાં ભૂલથાપ ખાધી છે, કંઈક દોષો થયેલા છે,
છતાં જાગી જતાં વાર ન લાગી ત્યાં કશી પણ છે.

જીવનના ધ્યેયનો સ્વાર્થ ગળાબૂડ દિલ લાગ્યો છે,
જીવનપથથી મને એણે ન ચસવા ક્યાંય દીધો છે.

સતત એકીટશે મથતાં રહેવાથી જીવન વિશે
-સમજ અંતરની ગઈ ઊગતી, પથે તેથી ધપાયું છે.

હરિઃૐ

## સમજવાને જીવનને દિલ શું થનગનાટ ફૂટ્યો છે !

સમજવાને જીવનને દિલ શું થનગનાટ ફૂટ્યો છે !
નજર ચારેતરફ કેવી ઊંડી ઊંડી વળેલી છે !

ભયંકર ગંદકીકેરો પડેલો કેટલો મોટો
-તહીં ઢગલો, નિહાળીને વિમાસણમાં પડાયું છે !

પડી રહેવાથી ખાલી ત્યાં વિમાસણમાં, વળ્યું ના છે,
સમજી, સમજી વિમાસણને ઊંડા ચિંતવનમાં વાળ્યું છે.

ઊંડામાં ઊંડું ચિંતવન જે થયા દિલમાં કરેલું છે,
પછી કેવી સમજ નૂતન જીવનમાં ઊગી નીકળી છે !

હરિઃૐ

## હૃદય તત્પર થવા શક્તિ હરિએ ત્યાં દીધેલી છે

જીવનમાં કોઈ પણ રીતે પીછેહઠ ના થયેલી છે,
કદીક એવું થતાં, ત્યારે શી અણનમ શક્તિ સ્ફુરી છે !

જીવનમાં આવતા ભારે ભયંકર હુમલા જ્યારે,
સમય તે લાગતાં ધક્કો પડી ત્યારે જવાયું છે.

પરંતુ એવી વેળાએ જમીન હેઠું પડાયાનું
-થયેલું ભાન જ્યાં, ત્યારે થવાયું છે તુરત બેઠું.

બહુ વેળા ખરે એવી શી ઊઠબેસ થયેલી છે !
હૃદય તત્પર થવા શક્તિ **હરિ**એ ત્યાં દીધેલી છે.

હરિ:ૐ

## જીવનમાં સિદ્ધિ મેળવવા અમે શું શું કરેલું છે !

જીવનમાં સિદ્ધિ મેળવવા અમે શું શું કરેલું છે !
અમે કોઈને કહ્યું ના તે, ન કોઈની જાણમાં તે છે.

જીવનઆદર્શ સંપૂર્ણ ફલિત બનવા જીવન વિશે,
સ્વીકારેલું હૃદય ધ્યેય, અમે તે સિદ્ધિ જાણી છે.

ઠરાવી પૃથ્વીની પર પગ, ગગન ઊડવા ઊંચે ઊંચે,
હૃદયની ભાવની પાંખો અમે ફફડાવી કેવી છે !

અમે હોવા છતાં પૃથ્વી પરે, દૃષ્ટિ જીવનની તે
-સતત એકીટશે કેવી ગગનગામી રહેલી છે !

હરિઃૐ

## મળેલાં પ્રાપ્ત કર્મોને સમર્પણ પુષ્પ ધાર્યાં છે

મળેલાં પ્રાપ્ત કર્મની કંઈ કદી અવગણના જીવનમાં
-ભૂલેચૂકે થઈ ના છે, જીવનના હેતુથી દિલમાં.

વફાદાર હૃદયથી હું રહેલો કર્મની પ્રત્યે,
મહત્ત્વ કર્મનું, -ભાવ થવા સાકાર નિશ્ચય છે.


થતાં રહેતાં બધાં કર્મે હૃદયભાવ પરોવીને
-ધરીને મોખરે ભાવ બધાં કર્મો થયેલાં છે.

થવા અર્પણ **હરિ**ચરણે જીવનમાં કર્મ સઘળાં છે,
-મળેલાં પ્રાપ્ત કર્મોને સમર્પણપુષ્પ ધાર્યાં છે.

હરિ:ૐ

# ખંડ - ૩

# સ્મરણનો રંગ



સ્મરણ ના માત્ર શબ્દ જ છે, જીવનમાં કિંતુ ગર્ભિત જે
-હરિ સ્ફુલિંગ વસેલાનું, નિદર્શન જે ખરેખર છે.

હરિ:ૐ

## સ્મરણ પ્રેરાવી શો જાગ્રત નિરંતરનો કરેલો છે

નિરાંતે મેં જીવનમાં તો ઊંઘ્યા અતિશય કરેલું છે,
શું વારંવાર ઘોર્યો ને ન સહેજે દિલ જાગ્યો જે.

પરંતુ કોણ જાણે શી રીતે ઓચિંતું તૂટી કૈં
-પડ્યું મુજ પર ખતરનાક, તહીં ચોંકી ઉઠાયું છે.

ભયંકર ચોટ લાગી છે, મનાદિ ઘોર નિદ્રાથી
-અચાનક કળ ચઢેલાથી, કંઈક શાં સળવળેલાં છે !

**हरि** તુજ ઑલિયાએ ત્યાં કરી દીક્ષિત સ્મરણ વિશે,
જીવન વિશે,
સ્મરણ પ્રેરાવી શો જાગ્રત નિરંતરનો કરેલો છે !

હરિ:ૐ

## હરિના ભાવથી ચહેરો જીવનનો શો ખીલેલો છે !

થયું ના એમનું એમ જીવનમાં જાગવાનું તે,
પડ્યા ફટકા ભયંકર શા શું તેથી હડબડાયું છે !

પડાયું ભાંગી સંપૂર્ણ ખલાસ થઈ જવાયું છે,
શું ઓચિંતું સ્મરણ ત્યારે કૃપાથી હાથ લાગ્યું છે !

સ્મરણ કરતાં, સ્મરણ લેતાં, સ્મરણ લેતું થવાયું છે,
સ્મરણના ભાવનો જુસ્સો પછીથી શો ફૂટેલો છે !

સ્મરણ અભ્યાસથી એવા જીવન જીવતું થયેલું છે,
**હરિ**ના ભાવથી ચહેરો જીવનનો શો ખીલેલો છે !

હરિ:ૐ

## સ્મરણ અભ્યાસથી ભાવ પ્રગટતાં, પદ વળાયું છે

બધી રીતે હું મોહાંધ થયેલો'તો જીવન વિશે,
વિના તેના કશું બીજું સૂઝી શકતું હતું ના જે.

નર્યા તે મોહકાદવમાં લપેટાયેલ જીવનમાં,
બહુ મહાલ્યો, બહુ મહાલ્યો, અખંડાનંદ લીધો ત્યાં.

બીજો એના વિશે કોઈ ન કંઈ આનંદ ક્યાંયે છે,
સતત શો એ વિશે મુજને સુખાનંદ નિત્ય લાગ્યો છે !

પરંતુ કોઈક સદ્‌ભાગ્યે ભયંકર, કારમો, ક્રૂર તે
-હૃદયમાં આંચકો લાગ્યો, પછી ચોંકી જવાયું છે.

કૃપાએ સ્મરણની દીક્ષા જીવનમાં જે દીધેલી છે,
સ્મરણ અભ્યાસથી ભાવ પ્રગટતાં, પદ વળાયું છે.

હરિ:ૐ

## નવો ઉત્સાહ ને જુસ્સો પછી જીવનમાં રણક્યો છે

જીવનમાં કારમા કેવા પ્રસંગો સાંપડેલા છે !
બધી હિંમત હૃદયમાંથી શી ઓસરી ત્યાં ગયેલી છે !

છતાં શું ઓછુંવત્તું દિલ સ્મરણ ત્યારે થતું રહ્યું છે !
સ્મરણના તે પ્રતાપેથી ટકી કંઈક શકાયું છે.

સ્મરણ અભ્યાસ બઢવાથી સ્મરણમાં **પ્રાણ** પ્રગટ્યા છે,
નવો ઉત્સાહ ને જુસ્સો પછી જીવનમાં રણક્યો છે.

શું ચેતનવંતું જીવન તો થયેલું પ્રાણવાળું છે !
શી એને ચેતનાકેરી નવી પાંખો ફૂટેલી છે !

હરિ:ૐ

## સ્મરણના ભાવથી હાવાં કૃપાથી પદ ઠરેલાં છે

જીવનમાં કંઈક અરમાનો પૂરાં જે તે ફળવવાને,
બહુવિધ કંઈક ડાફરિયાં અને ફાંફાં શું માર્યાં છે !

મથી મથીને બહુ રીતના જીવનમાં યત્ન કીધા છે,
પરંતુ ફોતરાં, કુશકા ખરેખર હાથ લાગ્યાં છે.

ઊંડી ઊંડી મથામણનું મીઠું પરિણામ નીરખીને,
અગનલાળા સમો જલતો શું પશ્ચાત્તાપ લાગ્યો છે !
જાગ્યો છે !

જગત સંસાર પ્રત્યેનાં નયન તેથી વળી જઈને,
સ્મરણના ભાવથી હાવાં કૃપાથી પદ ઠરેલાં છે.

હરિ:ૐ

## શરીરમાં રોગ પ્રગટાવી સ્મરણ લેતો કરાવ્યો દિલ

અવળચંડો હતો પૂરો **હરિ**નું નામ લેવાનું
-કશું ભાન મને નહોતું, કરેલું વેતર્યાં ઊંધું.

'કશું ના ઠામઠેકાણું કઈ રીત જીવવું તેનું',
કશુંયે યોગ્ય તે ભાન મને જાગ્યું કંઈ જ નહોતું.

પરંતુ **શ્રીહરિ**ની શી કૃપા ભારે થઈ મુજ પર !
શરીરમાં રોગ પ્રગટાવી સ્મરણ લેતો કરાવ્યો દિલ.

સ્મરણ અભ્યાસ પડતાંમાં, સ્મરણ સાતત્ય લાધ્યું જ્યાં
-હૃદયમાં **શ્રીહરિ** પરનો ઊંડો શો ભાવ જાગ્યો ત્યાં !

હરિ:ૐ

## સ્મરણ નાનકડું સાધન છે, છતાં ઉપયોગનું કેવું !

ભૂમિકા છેક નીચલીનો હું પામરજન હતો કેવો !
સ્મરણ કરતાં, સ્મરણ લેતાં, ઊગ્યો શો સૂર્ય જીવનનો !

સ્મરણ નાનકડું સાધન છે, છતાં ઉપયોગનું કેવું !
કરી જુએ હૃદય ભાવે પડે તેને સમજ દિલ શું !

**हरि** ભજતાં, **हरि** ભજતાં, હૃદય એકાગ્ર જ્યાં બનતું,
જીવન ઉપયોગી ગુણો સૌ વિકસતા આપમેળે તો.

**हरि**ના સર્વ ભાવેથી થઈએ જ્યાં જીવન વિશે,
**हरि** એવાની સંભાળ પૂરેપૂરી જ લેતો છે.

હરિ:ૐ

## જીવનમાં ગુણ ને ભાવ કૃપાથી વિકસાવ્યા છે

કંઈ કંઈક તરંગોમાં વહ્યા જીવન કરેલું છે,
બહુ જ અથડાયું જીવન છે, બહુ જ કુટાયું જ્યાં ત્યાં છે.

કૂચેકૂચા કદીક કેવા જીવનના તો થયેલા છે !
વળી એવાય જીવનમાં જીવન ચગદાયું કેવું છે !

રગશિયા તે જીવનમાંથી **હરિ**ના ઑલિયાએ તે
-પકડી મુજ હાથને ઊંચે ચરણ આકર્ષી લીધો છે.

હૃદય આકર્ષીને કેવો ! સ્મરણ ભક્તિ કરાવીને
-જીવનમાં **ગુણ** ને **ભાવ** કૃપાથી વિકસાવ્યા છે.

હરિઃૐ

# જીવનના મર્મને તેથી થયેલું પ્રીછવાનું છે

ભયંકર કર્મના દોષે ઊંધું જ્યાં વેતરાયું છે,
પડી લપડાક ત્યારે શી જીવન તે વેળ તો મુજને !

અહાહા ! એવી લપડાકે ગયેલો બહેર મારી હું,
પરંતુ કળ જરીક વળતાં શું તેનો મર્મ પ્રીછ્યો છે !

કરી ગરકાવ દઈ મુજને વિચારાવી ઊંડું ઊંડું,
સતત બસ એકના એક જ મનનમાં શો રખાવ્યો છે !

સ્મરણ અભ્યાસ જીવનમાં મને પકડાવી દઈ હૃદયે,
જીવનના મર્મને તેથી થયેલું પ્રીછવાનું છે.

હરિઃૐ

## જીવનમાં એકલો માત્ર હૃદય આધાર શ્રીહરિ છે

જીવનમાં સાઠમારી શી બહુ ચાલ્યા કરેલી છે !
ભયંકર ભીંસમાં તેની કદીક ભચડાઈ ગયેલો જે.

હૃદય ત્યારે સ્મરી સ્મરીને, ઉમળકાથી **હરિ**વરને!
-કરી કરી યાદ, **શ્રીહરિ**ને હૃદયથી પ્રાર્થના થઈ છે.

હવે ચારેતરફથી જ્યાં જીવનમાં ભીંસ તે સમયે
-થવાને મુક્ત તેનાથી **હરિ**ની સહાય માગી છે.

જીવનમાં એકલો માત્ર હૃદય આધાર **શ્રીહરિ** છે,
બધે જેમાં અને તેમાં નજર, દિલ **શ્રીહરિ** પર છે.

હરિ:ૐ

# હરિને પ્રાર્થના દિલથી થઈ ગદ્‌ગદ કરેલી છે

જીવનપથ ચાલતાં મુજને કદીક આનંદ વ્યાપ્યો છે,
કદીક પાછાં મનાદિ શાં પથે થાકી ગયેલાં છે !

કદીક કેવાંક ત્રાસ્યાં છે, કદીક કેવાંક ભાંગ્યાં છે !
કદીક પથમાં મનાદિ તો હઠીલાં શાં થયેલાં છે !

છતાં એકંદરે ચાલ્યા જવા વિશે મનાદિએ
-થતાં અટવામણો ભારે નિરાશા દિલ સેવી છે.

હૃદય ત્યારે મનાદિએ સ્મરણ અભ્યાસને લીધે
-**હરિ**ને પ્રાર્થના દિલથી થઈ ગદ્‌ગદ કરેલી છે.

હરિ:ૐ

## પરાક્રમ, શૌર્ય શાં ત્યારે કૃપાથી તો પ્રકાશ્યાં છે !

કદીક ખોટવાઈ જવાયું છે, કદીક અટકી જવાયું છે,
છતાં ત્યારે સ્મરણમાં દિલ પોરવવા મથેલો જે.

કદીક શી હાર ખાધી છે ! છતાં ના તે કબૂલી છે,
લડત લડવાનું મક્કમતા થકી ચાલુ જ રાખ્યું છે.

કદીક પગ ડગમગેલા છે, છતાં યત્ન કરી કરીને,
કૃપાથી પાદ ટેકવવા થતો પુરુષાર્થ કીધો છે.

લથડતાં ત્યાં છતાં મુજથી અપાઈ ના મચક કંઈ છે,
પરાક્રમ, શૌર્ય શાં ત્યારે કૃપાથી તો પ્રકાશ્યાં છે !

હરિ:ૐ

## રસિક તત્ત્વતણું દર્શન શું દર્દ તે કરાવે છે

હૃદય જે દર્દ ઊપડેલું પડી છાનું રહે કેમ ?
સતત ગોદાટી ગોદાટી કરાવ્યાં તે કરે કર્મ.

હૃદયનું દર્દ તે કેવી ઊંડી ચાનક જગાડીને
-ઊંડું ઊંડું મથાવીને શું અંતર ઊતરાવે છે !

જીવનનાં મર્મ ને દર્દ અનુભવવા જ પ્રેરાવે,
મીઠું મીઠું રસીલું શું ઊંડું મંથન જગાવે છે !

સ્મરણ કેવું કરાવીને ! જીવનના હાર્દના મૂળના
-રસિક તત્ત્વતણું દર્શન શું દર્દ તે કરાવે છે !

હરિ:ૐ

# અકસ્માતે મને કેવો હરિએ તારવેલો છે

અકસ્માતે મને કેવો **હરિ**એ તારવેલો છે !
મને અડબોથને કેવો **હરિ** ભજતો કરાવ્યો છે !

શરીરને રોગ પ્રગટાવી સ્મરણ લેતો કરાવીને,
જીવનનું દર્દ જન્માવી જીવન પ્રીછવા જગાડ્યો છે.

હૃદયમાં દર્દથી તેવા સતત કેવું જીવન વિશે !
ઊંડું ઊંડું મનન અંતર થયા કરતું રહેલું છે.

સ્મરણ કીર્તન ભજન ભાવે મનાદિને ખરેખર શો
-ચઢેલો રંગ પાકો છે ! શી બક્ષિસ તે કૃપાની તો !

હરિ:ૐ

## સ્મરણનું એકલું માત્ર ખરું ખપનું જ સાધન છે

શરીરમાં વેદના જ્યારે પીડાકારી અતિશય છે,
સ્મરણનું એકલું માત્ર ખરું ખપનું જ સાધન છે.

પરંતુ જોશ ને જુસ્સો **हरि**ની ભાવનાકેરો
-કંઈક ઘટતો જણાતો છે, અનુભવથી જ જાણ્યું તે.

**हरि**ની સભાનતા કિંતુ ભૂંસાઈ ના જતી તે છે,
ભલે છોને ભયંકર હો શરીરની વેદના ત્યારે !

મનાદિ ઊર્ધ્વ ને નિમ્ન જીવન પાસાં ઉભય સાથે
-પૂરાં છે સંકળાયેલાં, ઉભયની છે ખબર તેને.

હરિ:ૐ

## હરિનયનોનું તે નૂર સ્મરણ પ્રત્યક્ષ અદ્‌ભુત છે

જીવનની ખુશનસીબી કે સ્મરણ દિલમાં ઊગેલું છે,
ઊગેલું માત્ર ના, કિંતુ ઊંડી લગની શી લાગી છે !

સ્મરણ સાંકળ **હરિ**કેરી હૃદય પ્રગટાવવા અર્થે,
સ્મરણથી શા જીવનમાં તો **હરિ**ના ગુણ પ્રગટે છે !

સ્મરણ ના માત્ર શબ્દ જ છે, જીવનમાં કિંતુ ગર્ભિત જે !
-**હરિ**સ્ફુલિંગ વસેલાનું નિદર્શન જે ખરેખર છે.

સ્મરણ ચેતનની ચિનગારી, સ્મરણ ચેતનનું અજવાળું,
**હરિ**નયનોનું તે નૂર સ્મરણ પ્રત્યક્ષ અદ્‌ભુત છે.

હરિઃૐ

## સ્મરણ એ શ્રીહરિની શી પ્રતીકાત્મક પ્રતિભા છે !

સ્મરણથી કેટલું કેવું **હરિ**નું યાદ આવે છે !
સ્મરણથી શો **હરિ** કાજે ઊછળતો દિલ ઉમળકો છે !

સ્મરણ એ **શ્રીહરિ**ની શી પ્રતીકાત્મક પ્રતિભા છે !
સ્મરણથી **શ્રીહરિ**કેરું જીવનમાં નૂર ઝળકે છે !

સ્મરણના નિત્ય અભ્યાસે, સ્મરણમાં ભાવ પ્રગટે છે,
હૃદય તે ભાવને લીધે શું મૂર્તિમંત **હરિ** પોતે !

અનંતતા, વિવિધતા ને વળી વિસ્તાર **હરિ**નાં જે,
નિરંતરના સ્મરણભાવે અનુભવમાં પ્રગટતાં છે.

હરિ:ૐ

# હરિને દિલ ચાંપીને જીવન જીવવા ચહેલું છે

સતત નિજ કર્મ વ્યવહારે સ્મરણ લીધા કરી કરીને,
પ્રભુપ્રીત્યર્થ જીવનમાં બધાં કર્મો કીધેલાં છે.

પ્રભુને મોખરે ઊર્ધ્વે હૃદય ધરવા સતત કેવો
-પુરુષાર્થ કૃપાથી તો મથી મથી તે થયેલો શો !

કદીક પંથે હું લબડ્યો છું, શું લટકાવાયું પંથે છે !
ગૂંચવણીયુક્ત માર્ગે હું ભૂલો કેવો પડેલો જે !

છતાં ત્યારેય **હરિ**ને ના વિખૂટો પાડી દીધો છે,
**હરિ**ને દિલ ચાંપીને જીવન જીવવા ચહેલું છે.

હરિ:ૐ

## શી ઊલટાસૂલટી એવી સ્થિતિમાં તે પડેલાં છે

સ્મરણ અભ્યાસથી કેવાં મનાદિ સળવળેલાં છે !
સળવળીને થઈ ઉદ્યત પથે કેવાં વળેલાં છે !

કદીક ઉત્સાહ ભારે છે, કદીક કેવો અજંપો છે !
શી ઊલટાસૂલટી એવી સ્થિતિમાં તે પડેલાં છે !

છતાં ધૂન જે સ્મરણકેરી જીવનમાં જે ચડેલી છે,
સ્મરણ અભ્યાસના ભાવે રહેવાયું ટકી ત્યારે.

શું અથડાતાં, કુટાતાંમાં મનાદિ રંજ પામ્યાં છે !
છતાં પંથે વળેલાંથી ન પાછાં તે પડેલાં છે.

હરિઃૐ

## સ્મરણ રમઝટતણી ધૂને હૃદય એકાગ્રતા થઈ છે

સ્મરણ રમઝટ શી અભ્યાસે સતત પ્રગટી ચૂકેલી છે !
સ્મરણ રમઝટતણી ધૂને હૃદય એકાગ્રતા થઈ છે.

હૃદય એકાગ્રતા કેવી મનાદિનેય સ્પર્શીને !
મનાદિને જ મધલાળ શી ચોંટાડી દીધેલી છે !

મનાદિ એકદમ ઝટપટ ન માની જાય એવાં છે,
છતાં પણ નિત્ય અભ્યાસે મનાદિયે ભીંજાયાં છે.

મનાદિને પડ્યો રસ જ્યાં મનાદિ ત્યાં મનાયાં છે,
મનાદિ જ્યાં વળ્યાં **હરિ**માં, પછી **હરિ**ને વરેલાં તે.

હરિ:ૐ

## જીવનને તરબતર કરી દઈ, જીવન ત્યાં વેશ પલટે છે

સ્મરણ અભ્યાસ સાતત્યે જીવનમાં નાદ લાગ્યો છે,
મધુર તે નાદનો રણકો શું ગુંજારવ પળેપળ છે !

સહજ તે નાદ રણકાથી જીવન રસ ઊપસેલો છે,
રગેરગ ને નસેનસ સૌ હૃદય રસથી ભીંજાવે છે.

ઉમળકાના ઉછાળાનો ફુવારો દિલ ફૂટે છે,
હૃદયના હર્ષ-ઉન્માદે બધો આધાર છલકે છે.

હૃદય આનંદનું પૂર <u>ઊછળતું, વેગવંતું છે,</u>
ધસારાબંધ ઊછળે છે,
જીવનને તરબતર કરી દઈ, જીવન ત્યાં વેશ પલટે છે.

હરિ:ૐ

## સ્મરણ દિલથી થવું એ તો કૃપા શી શ્રીહરિની છે !

સ્મરી સ્મરીને સતત **હરિ**ને જીવન **આ** જીવવાનું છે,
સ્મર્યા વિનાનું જીવન તો અલૂણા જેવું ભોજન છે.

જીવનમાં જો સ્મરણ ના છે, કશો રસ તો જીવન ના છે,
સ્મરણથી તો જીવનમાં શી ચમત્કૃતિ પ્રવર્તી છે !

સ્મરણ દિલથી થવું એ તો કૃપા શી **શ્રીહરિ**ની છે !
સ્મરણથી ગુણ ને શક્તિ જીવનમાં શાં પ્રગટતાં છે !

સ્મરણ બઢતાં જતાં કેવો હૃદયમાં ભાવ ફોરે છે !
અને તે ભાવને લીધે જીવનઘડતર થતું રહે છે.

હરિ:ૐ

## ખુમારી ને ટટારી શી જીવનમાં તો હરિથી છે

જીવનસંભારણું **હરિ**નું, જીવનની લક્ષ્મી શક્તિ છે,
જીવનનો સૂર્ય તેજસ્વી સ્મરણથી સાંપડેલો છે.

જીવન અજ્ઞાન, **હરિ** સ્મરણે અખંડ તે થતાં હૃદયે,
પૂરું જે ઓગળી કેવું સહજમેળે જતું છે તે !

કૃપાથી ઓશિયાળું જે થયેલું સાબદું શું તે !
ખુમારી ને ટટારી શી જીવનમાં તો **હરિ**થી છે!

નયન, દૃષ્ટિ અને દિલ પણ **હરિ**એ ફેરવેલાં છે,
કૃપા શક્તિતણી હકીકત અલૌકિક ને શી મૌલિક છે !

હરિ:ૐ

## સ્મરણના નિત્ય અભ્યાસે જીવન સજીવન થયેલું છે

અનેકે વાર મૃત્યુ શું જીવનનું તો થયેલું છે !
સ્મરણના નિત્ય અભ્યાસે જીવન સજીવન થયેલું છે.

કદીક તો **આ** જીવન કેવું પ્રકૃતિની પકડ વિશે
-જતું જકડાઈ ! તે વેળા કૃપાથી પ્રાર્થના થઈ છે.

તટસ્થતા દિલ જાગેલીતણો ઉપયોગ કરી કરીને,
પ્રકૃતિની પકડને ત્યાં શિકસ્ત શી અપાઈ છે !

નમી પડવાનું જીવનમાં કદીક આવી પડેલું છે,
છતાં ત્યારેય હિંમતથી **हरि** બળથી ટકાયું છે.

હરિઃૐ

## જીવન જીવવાતણી ત્યારે હૃદય આનંદ મસ્તી છે

સ્મરણ સાતત્ય અભ્યાસે સહજતા દિલ તે વિશે
-ઊંડે ઊંડે જ ચિનગારી શી ચેતાવી દીધેલી છે !

હૃદયમાં **શ્રીહરિ**કેરા રસિક વહાલાં ચરણકમળે,
હૃદય અનુરાગ પછી જાગી **હરિ**માં ભક્તિ લાગી છે.


**હરિ**ની ઓથ ને સહાય જીવન મળતી અનુભવીને,
મળ્યાં પ્રત્યક્ષ **હરિ** હૂંફ કરેલી છે કૃપાથી જે.

સુખદ ઉજમાળું **આ** જીવન ભર્યું ભર્યું દિલ લાગે છે,
જીવન જીવવાતણી ત્યારે  હૃદય આનંદ મસ્તી છે.

હરિઃૐ

# ખંડ - ૪

## ચરણની સહાય



સમગ્ર જિંદગીકેરી ખરેખર જે કમાણી છે,
ચરણની મસ્ત સોબતના હૃદયના હામની શી તે !

હરિ:ૐ

## ચરણમાં સાંકળી દેવા જીવનને દિલ ચહેલું છે

ચરણમાં સાંકળી દેવા જીવનને દિલ ચહેલું છે,
સ્મરણ કીર્તન, સ્તવન ભાવ વડે બાંધી જ લેવું છે.

ન છૂટછાટ કશા વિશે જરા સરખી ન મૂકવી છે,
પૂરેપૂરા હૃદય મક્કમ રહી, વ્યવહાર કરવો છે.

**હરિ**ના ભાવનો માત્ર જીવન વ્યવહાર શો અમ છે !
અમે તેવા જ વ્યવહારે અમારું સર્વ મૂક્યું છે.

કદીક ધક્કા ભયંકર શા જીવન અમને શું લાગ્યા છે !
જીવનમાં તે સમય માત્ર **હરિ**એ શા ઉગાર્યા છે !

હરિ:ૐ

## સતત આહુતિ વૃત્તિની સ્ફુરતી, દીધાં કરેલી છે

ચરણને ભક્તિપૂર્વક શાં હૃદય પધરાવીને એને !
શું પ્રસ્થાપિત જીવન વિશે કરી સંપૂર્ણ દેવાં છે !

બધી જહેમત, બધા યત્ન હૃદય પુરુષાર્થ સર્વે તે,
જીવનમાં જીવતો એવો કૃપાથી યજ્ઞ માંડ્યો છે.

સતત આહુતિ વૃત્તિની સ્ફુરતી, દીધાં કરેલી છે,
હૃદયના યજ્ઞથી જીવન શું મઘમઘતું થતું રહે છે !

સનાતન યજ્ઞ જીવનનો સતત ચાલ્યા કરેલો જે,
અનંતાનંત જીવનની સમજ તેથી પડેલી છે.

હરિ:ૐ

## થવા આસક્ત સંપૂર્ણ હરિપદમાં, જિવાયું છે

ચરણ ચોંટાડવા ચિત્ત હૃદયની ઝંખનાએ શો
-ભગીરથમાં ભગીરથ દિલ મને ભારે મથાવ્યો છે !

ઘડીક ના બેસવા દીધો, કંઈ જ ના જંપવા દીધો,
સતત પુરુષાર્થ ઘાણીમાં મને શો જોતરી દીધો !

સ્મરણ ભક્તિથી અંતરને સતત ભીંજવતું કરી કરીને
-થવા આસક્ત સંપૂર્ણ **હરિ**પદમાં, જિવાયું છે.

ચરણના ભાવ અમૃતને હૃદયના ભક્તિના ભાવે
-પીતાં રહેતાં ધરાઈને છતાં શું ત્યાંનું ત્યાં દિલ છે !

હરિ:ૐ

# હરિએ કંઈ ન મુજ જોયું, ચરણ જ્યારે પડેલો છું

નકામું અર્થ વિનાનું જીવન જીવ્યા કરેલાથી
-અભાવો દિલમાં કેવો ભયંકર તીવ્ર જાગ્યો છે !

જીવનમાં વસવસો ઊંડો પ્રવેશી શો ગયેલો છે !
જીવનમાં બાદબાકી ને શું સરવાળા થયેલા છે !

જીવનમાં મુજથી આંખ થયેલાં મીંચામણાંયે છે,
ખબર પડતાં મને મેં શો લબડધક્કે લીધેલો છે !

શી છેતરપિંડી મુજ સાથે જીવનમાં મેં ચલાવી છે !
હવે તે હરામખોરીને ચરણ મેં ખુલ્લી પાડી છે.

**હરિ**એ કંઈ ન મુજ જોયું, ચરણ જ્યારે પડેલો છું,
દઈને દિલ આશ્વાસન હૃદય ચાંપી લીધેલો શું !

હરિઃૐ

## ન કંઈ તાકાત મારામાં કશું કરવા રહેલી છે

જીવનવિકાસને અર્થે જીવનમાં જાણ્યું જે જે છે,
બધું સાકાર કરવા તે મથ્યા કેવું કરેલું છે !

કદી નિરાશ તે સમયે જીવનમાં તો બનેલો છું,
ફરી ઊઠી જ શકવાને ન તત્પર દિલથી હું છું.

પડેલો ભાંગી કેવો હું બધી રીતે જીવન વિશે !
ન કંઈ તાકાત મારામાં કશું કરવા રહેલી છે.

છતાં ત્યારેય **શ્રીહરિ**એ કૃપાથી બાંય પકડીને
-ઊંચે આણી, પ્રસાદી શી ચરણ ભક્તિની દીધી છે !

હરિ:ૐ

## કદીક ઉગ્ર મુસીબતમાં જીવન સપડાયું કેવું છે

કદીક ઉગ્ર મુસીબતમાં જીવન સપડાયું કેવું છે !
મથામણ બહુ બહુ કરતાં, છતાં ના નીકળાયું છે.

ખરેખર એમ વર્તતાં જીવન તો ગૂંચવાયું છે,
થવાને મુક્ત તેનાથી ઉપાય ના સૂઝેલો છે.

છતાં ત્યારેય દિલ **હરિ**નું સ્મરણ ચાલ્યા કરેલું છે,
હૃદય એકાગ્રતા ભાવ ન ત્યારે કિંતુ પ્રગટ્યો છે.

**હરિ**ના ભાવમાં જીવન થવા જીવતું ફરી ફરીને,
થઈ બેઠો, ચરણ **હરિ**માં મનાદિ <u>હેરવાયાં</u> છે.
હેરવેલાં

હરિ:ૐ

## કળા, કારીગરી જે તે શી આવડી વાપરેલી તે !

શું એકમાત્ર ચરણ તારે જીવનને ખેડી ખેડીને !
ચરણ ઢળવા સમું કરીને મૂકી પ્રેમે દીધેલું છે.

**हरि** તુજ પાદ ધરવાને પ્રસાદી યોગ્ય જીવન **आ** !
-જરા પણ યોગ્ય ના પાત્ર, થવાને માત્ર મથિયો ત્યાં.

હૃદયમાં ભાવ બઢતાંમાં થવા તુજ યોગ્ય સૂઝ્યું છે,
કળા, કારીગરી જે તે શી આવડી વાપરેલી તે !

પરંતુ **તેં** મને કેવો પીઠે મુજ હાથ ફેરવીને !
દઈ શાબાશી, જીવનમાં મને પોરો ચઢાવ્યો છે.

હરિઃૐ

## ગગનમાં પાંખ ઊડવાને કૃપાથી શી દીધેલી છે !

સ્મરણ લેતો કરાવીને ચરણ તુજ સ્થાન બક્ષ્યું છે,
ઠરીઠામ કરાવીને હૃદય જંપ વળાવ્યો છે.

જીવનની જવાબદારી મુજ શિરે **તેં** વહોરી લીધી છે,
ફિકર, ચિંતા, કશો બોજ રહેવા ના દીધેલાં છે.

મને જેમાં અને તેમાં હૃદય હળવો બનાવીને,
ગગનમાં પાંખ ઊડવાને કૃપાથી શી દીધેલી છે !

'બલિહારી **હરિ** તારી હૃદયથી ગાવું શી રીતે ?'
હૃદય તે ભાવ ઉદ્‌ભવતાં થવાતું મૌન દિલ વિશે.

હરિ:ૐ

## સમર્પણ ભાવનું તર્પણ કર્યાં કરીને ચરણકમળે

જીવનનાં ધર્મ્ય કર્તવ્ય વિશે **હરિ**ને સ્મરી સ્મરીને,
બધું તર્પણ કરી દેવા શી ઉત્સુક્તા અપાર જ છે !

સમર્પણ ભાવનું તર્પણ કર્યાં કરીને ચરણકમળે,
સતત તે અંજલિ દ્વારા **હરિ**ને મેં ભજેલા છે.

ભજન કીર્તન થકી દિલનો ઊંડો જે ભાવ મોરે છે,
સતત તે ભાવથી કેવાં **હરિ**ચરણો પખાળ્યાં છે !

મનાદિ તેથી તો **હરિ**માં પૂરાં રંગાયેલાં રહીને,
**હરિ**ની રંગ મસ્તીમાં રસાનંદે જ ઊછળે છે.

હરિઃૐ

## ચરણ લગની લગાડીને, હરિમાં વળાવી દીધો છે

ભયંકર શી ધમાચકડી મચી જીવન ગયેલી છે !
દ્વિધામાં શો મને એણે મૂકી ત્યારે દીધેલો છે !

શું કરવું ત્યાં યથાયોગ્ય ન કંઈ દિલમાં સૂઝેલું છે,
અહીંથી તહીં જ ખાલી તે શું ભટકાઈ મરાયું છે !

થઈ દિલ વ્યગ્ર ભટકાતાં તળેઉપર થવાયું છે,
કશો અણસાર પણ ત્યારે જીવનનો દિલ ન જાગ્યો છે.

પરંતુ ઑલિયાએ શો કળા કરીને જગાડીને,
ચરણ લગની લગાડીને, **હરિ**માં લહે લગાડી છે.

હરિ:ૐ

## બળ્યો ભડકે ભયંકર શો ! ચરણ તેથી વળાયું છે

જુદા જુદા પ્રસંગોમાં, જુદા જુદા તબક્કામાં,
જીવનનાં તાન શાં જુદાં ! જીવનના રંગ જુદા શા !

જુદી જુદી રીતે જીવન અમે કેવું જ મહાલ્યું છે !
જીવનની નિમ્ન દિશાના બધા રસને પિછાણ્યા છે.

પરંતુ તોય જીવનમાં ન સંતોષ વળેલો છે,
વધુ વધુ દિલ સંતોષ શું મેળવવા મથેલા તે !

જુદા જુદા વિષય મહાલ્યો છતાં તોયે અસંતોષ
-બળ્યો ભડકે ભયંકર શો ! ચરણ તેથી વળાયું છે.

હરિ:ૐ

## ‘हरि રસ’ એક તે માત્ર જીવન સાચું હવે તેને

કહીંક કીચડ વિશે કેવા લપેટાયેલ જીવનમાં !
અને શો સ્વાદ તેનોયે નર્યો ચાખ્યા કરેલો ત્યાં !

કરુણા શી કરી **हरि**એ કીચડના રસ વિશે મુજને
-ઘૃણા ને અણગમો દિલમાં ભયંકર ઉપજાવ્યો છે.

હવે તો તે વિશે ઊબકા શું વારંવાર આવ્યા છે !
પરાઙ્મુખ મનાદિ શાં હવે તેથી થયેલાં છે !

કૃપાથી તે ચરણરસમાં થતાં મુગ્ધ ગયેલાં છે,
‘**हरि**રસ’ એક તે માત્ર જીવન સાચું હવે તેને.

હરિ:ૐ

## પ્રકૃતિનુંય ઘમસાણ મચેલું ત્યાં ખરેખર છે

જીવનમાં કારમા કેવા પ્રસંગો સાંપડેલા છે !
પ્રસંગોમાં થવા ઘડતર કરેલું વર્તવાનું તે.

લગાડાતાં ચરણ લક્ષ થતાં એકાગ્ર તે વિશે,
પ્રકૃતિનુંય ઘમસાણ મચેલું ત્યાં ખરેખર છે.

પ્રકૃતિ તે જરા સરખું કશું નમતું ન જોખે છે,
જબરજસ્ત લડત કેવી પ્રકૃતિએ દીધેલી છે !

કદીક કેવો નરમઘેંસ થઈ હું તો ગયેલો જે !
છતાં ત્યારે **હરિ** સ્મરીને ટટારી દિલ ધારી છે.

હરિઃૐ

## હૃદય બિરાજવા ભાવે હરિને દિલ પ્રાર્થ્યો છે

જીવનમાં **શ્રીહરિ**નાં મેં ચરણને પકડી પકડીને,
હૃદય અશ્રુથી ભીંજાવી ચરણને શાં પખાળ્યાં છે !

હૃદયના ભાવથી સ્મરીને, સ્તવનની અંજલિ દઈને,
પ્રતિષ્ઠા **શ્રીહરિ**કેરી થવા ઉદ્યત થયેલો જે.

હૃદયમાં **શ્રીહરિ**ને મેં સ્મરી સ્મરીને, સ્તવી સ્તવીને
-હૃદય બિરાજવા ભાવે **હરિ**ને દિલ પ્રાર્થ્યો છે.

અનેકે વાર **તેં** આશા હૃદય દર્શાવીને મુજને
-હૃદય આકર્ષીને છેહ મને **તેં** શો દીધેલો છે !

હરિ:ૐ

## મને કાદવથી કાઢીને ઉપર ઊંચકી લીધેલો છે

કંઈક એવા પ્રસંગોમાં વહેતું છે જીવન જેનો
-લસરકો જે પડેલો છે અસર તેની જીવનમાં છે.

નિશાન ત્યાં ચુકાયું છે, ઘડીકભર ધ્યેયદષ્ટિ તે
-અલગ અદૃશ્ય થઈ જઈને શું સૂકુંભટ જીવન ત્યારે.

કૃપા ત્યારેય **શ્રીહરિ**ની શી મુજ પર કેટલી જે છે !
મને કાદવથી કાઢીને ઉપર ઊંચકી લીધેલો છે.

**હરિ**ને જે શરણ તેના હૃદયમાં ભાવ **હરિ**નો છે,
**હરિ** તેના સ-રસ નિજથી જીવનને ભીંજવી દે છે.

હરિ:ૐ

# જીવનના ધ્યેયને ભાવે અમે તે સાચવેલું છે

જુવાનીની દીવાનીમાં જીવનધ્યેય સ્વીકારીને,
જુવાનીનો બધો જુસ્સો સાધન વિશે ખપાવ્યો છે.

ધીરજ, ઉત્સાહ ને ઉદ્યમ, શી હિંમત, ખંત, સાહસને
-જીવનના સાધનાભ્યાસે સતત બસ વાપરેલાં છે !

જીવનમાં નાકની દાંડી સતત સામું જ નીરખીને
-જીવનના ધ્યેયને ભાવે અમે તે સાચવેલું છે.

લગાતાર સતત સાધન વિશે કેવાં મનાદિને
-રમાડીને, ચરણ રસમાં જીવન કેવું રસાવ્યું છે !

હરિ:ૐ

# ચઢાવીને કસોટી પર જીવનને નીરખી જોયું છે

ચઢાવીને કસોટી પર જીવનને નીરખી જોયું છે,
'**हरि**નો કેટલો કેવો ટકે ભાવ', કસોટી તે.

જીવનમાં ભજનનો ભાવ ટકે છે જ્યાં નિરંતર તે,
પછીથી તે જીવનકેરો બધો શો રંગ ન્યારો છે !


જીવનમાં વિચારતાં જે જે જૂની જે પ્રક્રિયા વિશે,
થયેલો ફેરફાર જ શો ખરો અદ્‌ભુત પ્રકારે જે !

સમગ્ર જિંદગીકેરી ખરેખર જે કમાણી છે,
ચરણની મસ્ત સોબતના હૃદયના હામની શી તે !

હરિઃૐ

# ખંડ - ૫

# મથામણની તમન્ના



ભલે હો સંકડામણની દશા તેવી વિશે પણ જે,
સતત એકીટશે મથતો રહે, તે લહાણ પામે છે.

હરિ:ૐ

## ભગીરથ ઉગ્ર પુરુષાર્થ શું તે માટે થયેલા છે !

જીવનની રીતરસમ જૂની ફગાવી સર્વ દેવાને,
ભગીરથ ઉગ્ર પુરુષાર્થ શું તે માટે થયેલા છે !

થતા પુરુષાર્થમાં કિંતુ પૂરી ફાવટ ન આવી છે,
કદીક તો શી પીછેહઠ ત્યાં જીવનમાં તો થયેલી છે.

પરંતુ દિલ ચેતેલો કદી ના સૂઈ રહેશે તે,
સતત બસ એકધારો શો મથ્યા કરવાનો નિત્યે તે !

સતત એવી મથામણથી જીવનમાખણ તરી આવે,
કૃપાએ શો મને તેવો અનુભવ દિલ કરાવ્યો છે !

સતત મથવાતણો યજ્ઞ કૃપાથી જે થયેલો છે,
પરિપૂર્ણ થતાં એને ચરણકમળે ચઢાવ્યો છે.

પ્રસાદી યજ્ઞની શેષ હૃદય આરોગતાં તેનો
-શું અવર્ણનીય, અનુપમ છે ! જીવનના યજ્ઞનો લહાવો.

હરિ:ૐ

## સતત બસ માત્ર મથવાનું જીવનમાં હું શીખેલો છું

જીવનનાં સર્વ પાસાંને સમગ્રે જોઈ તપાસીને,
**હરિ**ના પૂર્ણ જીવનમાં શું દુર્લભ મઠારવાં શાં તે !

શું નાહિંમત છતાં તોયે કદી પણ ના હઠેલો છું !
સતત બસ માત્ર મથવાનું જીવનમાં હું શીખેલો છું.

સતત મથતા રહેવામાં હૃદયમાં હેતુકેરું તે
-શું તરવરતું જ સંપૂર્ણ જીવંતું ભાન ધાર્યું છે !

કંઈક નક્કર જીવન મળતાં હૃદય પોરસ ચઢેલાથી,
જીવનમાં કૂચ શી આગળ થયા કેવી કરેલી છે !

હરિ:ૐ

## થવાને આરપાર જ ત્યાં જીવન દરિયે ઝુકાવ્યું છે

કદીક અટવાયેલો કેવો ! મથામણ ખૂબ કરતાંયે,
'ઉભય શાં બાવડાં' મેં ત્યાં ચલાવી ખૂબ જોયાં છે !

ન ખાલી એમનો એમ કદી બેસી રહેલો છું,
થયું જે જે, કરી કરીને નિચોવી હીર દીધું શું !

જીવન સર્વસ્વને મેં તો, કૃપાથી હોડ મૂક્યું છે,
થવાને આરપાર જ ત્યાં જીવનદરિયે ઝુકાવ્યું છે.

**हरि**ના ભાવની તરવાતણી જીવનકળા હૃદયે
-કૃપાએ શિખવાડેલી, પથે તે કામ લાગી છે.

હરિઃૐ

## મથ્યા કરવામહીં કમીના કશી ના બાકી રાખી છે

મથ્યા કરવામહીં કમીના કશી ના બાકી રાખી છે,
સતત બસ માત્ર મથવાનું કર્યાં કેવું કરેલું છે !

જીવનના ધ્યેય હેતુની ઊંડી સમજણથી મથવાનું
-થયા કીધું બધું તે તે **હરિ**પદમાં સમર્પેલું.

મથ્યા કરતાં, મથ્યા કરતાં જીવનમાં પ્રસન્નતા કેવી
-બઢેલી અનુભવીને દિલ ! મળેલી ભાવ શાતા શી !

સમસ્યાઓ ઉકેલાતી જતી તે અનુભવી હૃદયે,
જીવનમાં ઑર પોરસ શો બઢંતો દિલ જાણ્યો છે !

હરિ:ૐ

# થતા પુરુષાર્થમાં શક્તિ શી અપરંપાર જાગે છે

જીવનમાં જાગવું એ પણ સરળ ના એકદમ તે છે,
શી અગ્નિ જેવી જિજ્ઞાસા હૃદય જેને શું સળગે છે !
સતત અભ્યાસ, પુરુષાર્થ, **હરિ**ની ભાવના કર્મે
-શું આરોપિત થતાં રહેતાં, નૂતન શા **પ્રાણ** ફૂટે છે !

થતા પુરુષાર્થમાં શક્તિ શી અપરંપાર જાગે છે !
પછીથી શાં થતાં કર્મે સહજ ભાવ પરોવાયે !

જીવનમાં કર્મમાં ભાવ નિરંતરનો થતો રહે છે,
જીવનનું મહત્ત્વનું કર્મ શું સંપૂર્ણ થતું ત્યાં છે !

હરિ:ૐ

## શી તાલાવેલી દિલનીયે મને મથતો રખાવ્યો છે !

શી બેદરકારી જીવનમાં કદીક આવી ગયેલી છે !
સજાગ તે વિશે બનતાં મથ્યો ખંખેરી દેવાને.

હૃદયના બેવડા જોશે સ્મરણ કીર્તન, ભજન ભાવે
-હું ત્યારે દિલ મંડીને થવા ઉદ્યત મથેલો જે.

મથામણનો રસિક એવો બધો ઈતિહાસ જીવનનો,
થતું આલેખવાને તે ન મારું દિલ ઉદ્યત તો.

જીવનને ઊર્ધ્વ દિશામાં ઊંચું ચગતું નીરખવાને
-શી તાલાવેલી દિલનીયે મને મથતો રખાવ્યો છે !

હરિઃૐ

## જીવનને ભાવથી ઘડવા હૃદયમાં નેમ જાગી છે

જીવનને ભાવથી ઘડવા હૃદયમાં નેમ જાગી છે,
મને એણે બહુ રીતે મથામણ શી કરાવી છે !

મથામણમાં હૃદયકેરી ઊંડી જે ઝંખના વ્યાપી,
હૃદયની ઝંખનાએ શો દીધો કેવો જ ખૂંપાવી !

પથે ત્યાં ખૂંપતાં કેવી બહુ મુશ્કેલી આવી છે !
છતાં પંથે ટટારીથી કૃપાથી શો ટકાવ્યો છે !

કશી શક્તિ ન મારી છે, બધી શક્તિ **हरि** તુજ છે,
હું તો માત્ર શરણ **तारे** નિરાંતે સૂઈ રહેલો જે.

હરિ:ૐ

## બહુ બહુ રીત જીવનમાં મળ્યું શીખવાનું કેવું જો !

બહુ બહુ રીત જીવનમાં મળ્યું શીખવાનું કેવું જો !
કદીક શીખ્યો છતાં તોયે રહ્યો અડબોથ હું તો શો !

શીખેલું તે પચવવાને જીવનમાં હું મથેલો છું,
કદીક બાજી ગયો હારી, કદીક ઊંધો પડેલો છું.

છતાંયે મદાર તારી પર, હૃદય ધારી જીવનપથ પર
-સતત ચાલ્યા જ કરવાનું કૃપાથી રાખ્યું સ્તવી પાદ.

મથામણના પુરુષાર્થે હૃદયથી **શ્રીહરિ**ની તે
-કૃપાને માગી માગીને સહારો મેળવેલો છે.

હરિઃૐ

## કૃપાની શી મથામણથી જીવનપગથી મળેલી છે !

જીવન વિશે શી હિંમત તો કદીક હું હારી બેઠો જ્યાં,
કશા મુજમાં ખરે ત્યારે નહોતા હોશ કે દમ ત્યાં.

છતાં ત્યારેય ગળિયો થઈ પડી ખાલી રહ્યો ના હું,
થતું જે જે કરી જોવા પરાણે શો મથેલો હું !

હું અટવાઈ મર્યો કેવો ! પરંતુ દાંત ભીડીને
-કૃપા તારીથી જીવનમાં મચેલો ખોળવા પથને.

મથામણ ને મથામણમાં સતત જીવન વિતાવ્યું છે,
કૃપાની શી મથામણથી જીવનપગથી મળેલી છે !

હરિ:ૐ

## તમન્ના અગ્નિના જેવી હતી લાગેલ, ખપ લાગી

ઘણા ડાઘા પડેલા છે પરંતુ તે ન દેખાયા,
સહુ આશ્ચર્યમાંનું તે મહદ આશ્ચર્ય કેવું હા !

પરંતુ **શ્રીહરિ**એ શી કૃપા મુજ પર કરેલી છે !
કરુણાત્મક અકસ્માતે મને ડાઘા જણાયા છે.

ભૂંસી તે નાખવા બદલે, મનાદિ **શ્રીહરિ** વિશે
-સતત લગની વિશે કેવાં મથેલો પરોવી દેવાને !

ચરણમાં પરોવી દેવાની મથામણમાં સતત દિલથી,
તમન્ના અગ્નિના જેવી હતી લાગેલ, ખપ લાગી.

હરિઃૐ

## હૃદય આધાર વિશ્વાસ હવે તો માત્ર તુજ પર છે

મુસીબત, ગૂંચ, મુશ્કેલી, વિપત્તિ શી જુદી જુદી !
જીવનમાં પ્રગટીને તેમાં મને ઘમરોળી દીધો છે.

જુદા જુદા તબક્કામાં મને શો જોતરાવીને
-કદીક તો ગળું દબાવીને મને ઝબકોળી દીધો છે !

છતાં ત્યાંયે કૃપાએ શી મદદ મુજને કરેલી છે !
અવાયું ઊંચે ને પાછું નીચે કેવું પડાયું છે !

રમત એવી બહુ વેળા શી ખેલાઈ જીવનમાં છે !
હૃદય આધાર વિશ્વાસ હવે તો માત્ર **તુજ** પર છે.

હરિ:ૐ

## 'મુસીબત-કસોટી' પર જીવન ઘસીને પરખી લીધું છે

જીવનમાં જામતાં પહેલાં મુસીબત શી પડેલી છે !
મુસીબતને મુસીબત તો છતાં પણ ના ગણેલી છે.

મુસીબતને જીવનકેરું ખમીર ને નૂર પરખાવા.
કૃપાથી શી મળેલી તે ! ઘડાવાતું મુસીબતમાં.

મુસીબત, વિઘ્ન, મુશ્કેલી જીવનમાં આવતાં તેને
-જીવનવિકાસનાં પગલાં તરીકે તે સ્વીકારી છે.

મુસીબતને જીવન ઘડવાતણી તક તે ગ્રહી લઈને,
'મુસીબત-કસોટી' પર જીવન ઘસીને પરખી લીધું છે.

હરિ:ૐ

## છતાં ત્યારેય ઊઠવાનો ન યત્ન મૂકી દીધો છે

શરણમાં આવતાં તારી, સરળતા કંઈ થઈ ના છે,
મુસીબતના નર્યા ડુંગર શરણ ઢળતાં મળેલા છે.

નિરંતર સામનો ભારે સતત કરવો પડેલો છે !
જીવનસંગ્રામ લડવા શા જીવન પથમાં પડેલા છે !

કદીક લડતાં બધું જોમ ખપી પૂરું ગયેલું છે,
નરમ શું ચીંથરા જેવું બની ત્યારે જવાયું છે !

છતાં ત્યારેય ઊઠવાનો ન યત્ન મૂકી દીધો છે,
અનેકે વાર જીવનમાં રમત એવી રમાઈ છે.

હરિ:ૐ

## સતત એકીટશે મથતો રહે, તે લહાણ પામે છે

જીવનમાં સર્વ બાજુથી ભીંસાયેલો હતો જ્યારે,
તહીં શું આમથી તેમ ચસાતું પણ નહોતું કૈં.

જરી પણ આમથી તેમ થવાની શક્યતા નહોતી,
પ્રયત્ન ત્યાં થવા ફોગટ હતા કેવા બધી રીતથી !

છતાં પુરુષાર્થ કરવાનો ન ત્યાં પણ છોડી દીધો છે,
મથાયું જેટલું જેવું મથ્યા તેવું કરેલું છે.

ભલે હો સંકડામણની દશા તેવી વિશે પણ જે
-સતત એકીટશે મથતો રહે, તે લહાણ પામે છે.

હરિ:ૐ

## સતત હરિભાવના યજ્ઞે જીવનને હોમી દીધું છે

જ્યહીં તે ધ્યેય હલ કરવા હૃદય હાકલ પડેલી છે,
જીવનની પણ કશી ચિંતા હૃદયમાં ના રહેલી છે.

સતત બસ એકલું માત્ર હૃદય મથવાનું જાણ્યું છે,
સતત પુરુષાર્થના રંગે જીવન રંગાઈ ગયેલું છે.

જીવનની કોઈ પળ એવી સ્મરણ વિના જતી ના છે,
સતત **હરિ**ભાવના યજ્ઞે જીવનને હોમી દીધું છે.

'સતત બસ એકધારી તે **હરિ**ની ભાવના હૃદયે!
-જીવંતી, ચેતનાત્મક રહે', જીવનનો ટેક પાકો તે.

**હરિ**ના એકલાના તે હૃદય ભાવે જીવી જીવીને,
જીવનને કૃતાર્થ કરવાનો હૃદયમાં યજ્ઞ માંડ્યો છે.

હરિ:ૐ

## વિના પામ્યા હૃદય ગમતું ન દિલને ચેન ક્યાંયે છે

જીવનઆદર્શ લાધ્યાથી જીવનમાં જોમ ફૂટ્યું છે,
પૂરું ત્યાં પહોંચવા ધ્યેય સતત કેવું મથાયું છે !

સતત મથવાતણી લગની શી રોમેરોમ પ્રગટી છે !
વિના પામ્યા હૃદય ગમતું ન દિલને ચેન ક્યાંયે છે.

સતત મથવા છતાં પાછું કદીક કેવું પડાયું છે !
ઢીલા તોયે થયા પગ ના પથે હિંમતથી ચાલે તે.

જવાંમર્દીતણો રંગ જીવનમાં શો ખીલેલો છે !
રણાંગણમાં મૂકી માથું હૃદયથી ઝંપલાવ્યું છે.

હરિઃૐ

## પૂરી તાકાત કેળવવા મથાયું એ જ અર્થે છે

જહીં ચોંટેલ છો ત્યાંથી સમૂળગા ઊખડી જઈને
-થવાનું મુક્ત સંપૂર્ણ, જવું **हरि** પથ જો દિલથી છે.

ઊંડાં ઊંડાં જ તે મૂળિયાં પૂરાં ચોંટેલ સજ્જડ છે,
પૂરી તાકાત કેળવવા મથાયું એ જ અર્થે છે.


જીવનની ભક્તિનો ભાવ બઢંતો જ્યાં ગયેલો છે,
હૃદય ત્યાં ધ્યેય પ્રત્યેનું થતું એકાગ્ર જામ્યું છે.

જહીં એમાં જ સંપૂર્ણ મનાદિ પોરવાયાં છે,
બધી તાકાત શી ઊગતી અનુભવમાં પ્રકાશે છે !

હરિ:ૐ

## ખંડ - ૬

# કૃપાનો પ્રતાપ



કૃપા સહાય વિના જીવન હરિના ભાવમાં ટકવું
-કદાપિ શક્ય તે ના છે, બધું બળ તે કૃપાનું છે.

હરિ:ૐ

# કૃપાને પાત્ર બનવાને થતો પુરુષાર્થ કીધો છે

જીવનમાં ખાલી ખાલી મેં કૃપા ના કદી જ માગી છે,
કૃપાને પાત્ર બનવાને થતો પુરુષાર્થ કીધો છે.

સ્મરણ, કીર્તન, ભજન સાધન, અવર સાધન ગહન ગૂઢ જે
-થયાં જવાથી જીવનમાં કૃપાપાત્ર થવાયું છે.

જીવનમાં પાત્રતા ફળતાં કૃપા શી આપમેળે તે !
નિરાળી સ્વતંત્ર રીતે તે, સતત શી વહ્યા કરે છે તે !

કૃપા જ્યારે જીવન વિશે, સહજ ભાવે પ્રવેશે છે,
કૃપાને માગવાપણું તો ન કોઈ રીતે રહેલું છે.

કૃપા તો શી સ્વયંભૂ ને સહજ, સ્વતંત્ર રીતે તે !
અહેતુકી, વિના માગ્યા શી પોતામેળ વહેતી છે !

હરિ:ૐ

## જીવનમાં ટટ્ટુ અડિયલના સમો કેવો હતો હું તો !

જીવનમાં ટટ્ટુ અડિયલના સમો કેવો હતો હું તો !
ન કર્મ થઈ જ શકતું ને કશું ધારેલ રીતે તો.

કદીક તો ઠેરનું ઠેર બધું રાખ્યા કરીને તે,
કશાનું કંઈ જ ઠેકાણું વ્યવસ્થિત ના રહેતું છે.

ન નિશ્ચયાત્મક કશું પણ છે, શું યદ્વાતદ્વા સહુ કંઈ છે !
કરી આરંભ, પડતું તે જીવનમાં શો મૂકી તે દે !

છતાં એવાતણા કેવા દીદાર ફરી ગયેલા છે !
કૃપા દિલ **શ્રીહરિ**ની જ્યાં થતાં, સૌ યોગ્ય બનતું છે.

હરિ:ૐ

## અનેકે જાતની કેવી જીવનમાં ધમાલ આવી છે !

અનેકે જાતની કેવી, જીવનમાં ધમાલ આવી છે !
અને તે ધમાલમાં કેવો, કદીક ગૂંચાઈ પડેલો જે !

છતાં દિલમાં ઊંડી ધીરજ કૃપાથી સેવી સેવીને,
ઉપાય ખોળી બુદ્ધિથી, કરેલા શા ઇલાજો છે !

સતત બસ ખંત, ઉદ્યમથી લીધેલું હાથમાં તેને
-પરિપૂર્ણ થવા કાજે, મરણિયાં ડગ ભરેલાં છે.

કદીક ઊથલો ઊંધો ખાતાં બબૂચક પેર શો મૂઢ
-થઈ કેવો ગયેલો હું ! કૃપાથી શો છતાં ઉદ્યત !

હરિઃૐ

## જીવન શણગારીને એણે સમર્પિત પદ કરાવ્યું છે

જીવનમાં કદીક વંટોળ પ્રગટી પ્રગટી શું ઓચિંતા !
જીવનમાં ક્યાંયનો ક્યાંય મને ફંગોળી નાખ્યો, ત્યાં.

છતાં પાછો કૃપાબળથી બધું ઠીકઠાક કરી દઈને,
પછી પાછો થવા લાગ્યો પીવા યોગ્ય પદામૃતને.

કૃપા સહાય વિના જીવન **हरि**ના ભાવમાં ટકવું
-કદાપિ શક્ય તે ના છે, બધું બળ તે કૃપાનું છે.

કૃપાએ શો જીવન વિશે **हरि**નો ભાગ ભજવ્યો છે !
જીવન શણગારીને **એણે** સમર્પિત પદ કરાવ્યું છે.

હરિ:ૐ

## ભરોંસો દિલ સંપૂર્ણ હૃદય તેથી હરિ પર છે

હૃદયમાં ચેતતી ચાનક જીવન ભડભડતી લાગી છે,
જીવન એ ચાનકે કેવું સજીવન થતું ઘડાયું જે !

જીવનમાં ક્યાંય પણ સહેજે હવે ના સ્થાન આળસને,
સતત બસ લગની મથવાની હૃદય બળતી શી જલતી છે !

છતાં શી ઊર્ધ્વતમ એવી લગન લાગી જીવન સાથે,
ઊભેલા સૂક્ષ્મ સંગ્રામ કૃપાથી શા લડાયા છે !

જીવનમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ ઊંચામાં ઊંચી ભૂમિકા,
થવો છુટકારો તેમાંથી ગજું ના માનવીનું છે.

કૃપા શી એકલી માત્ર તહીં સામર્થ્યવાળી છે !
ભરોંસો દિલ સંપૂર્ણ હૃદય તેથી **હરિ** પર છે.

હરિઃૐ

## કૃપાની મહેરબાનીનો જીવનનો દિવ્ય ઉત્સવ જે

જીવનની દુર્દશા કેવી કદીક તો થઈ ભયંકર છે !
તહીંથી પાર સોંસરવું નીકળવું શી કસોટી તે !

ભયંકર આગના ભડકા ઊઠે ભડભડતા ચોપાસે,
જીવતું ટકવું જ તે ભડકે કૃપાથી માત્ર શક્ય જ છે.

ગમે તેવું ભલે આવ્યું જીવન પથમાં છતાં ત્યાંયે,
ભજનકીર્તન, **હરિ**ભાવ ટકાવ્યો જીવતો **હરિ**એ.!

કૃપાની મહેરબાનીનો જીવનનો દિવ્ય ઉત્સવ જે,
શું મહાલાવ્યો **હરિ**એ છે ! જીવન સદ્‌ભાગી તેથી છે.

હરિ:ૐ

## છતાં અંતે મહામહેનત થકી હરિ ગુરુ મળેલા છે

કદીક ચડભડી ઉઠાયું છે, અજાણે મુજથી શેં તે !
વિવેક પણ ચુકાઈને અઘટતું કંઈક વદાયું છે.

અરે ! મૂર્ખાઈની મારી શી કરવી વાત અમથી તે ?
કંઈ કરતાંય જીવનમાં, છૂપી શી આબરૂ રહી છે !

દરદ મુજ મટાડવા કાજે અનેક વૈદ મળિયા છે,
છતાં અંતે મહામહેનત થકી **હરિ**ગુરુ મળેલા છે.

જીવનમાં તેથી તો મુજને બહુ બહુ રીતની શી જે
-હૃદય રાહત મળેલી છે ! કૃપા શ્રીસદ્‌ગુરુની તે.

હરિઃૐ

## જીવનપંથે સતત મથતાં જરૂર ત્યાં પહોંચવાનું છે

જીવનમાં **आज** કે **काल** શું નિર્ધારિત થયેલો જે !
જીવનપંથે સતત મથતાં જરૂર ત્યાં પહોંચવાનું છે.

સતત બસ એકધારો શો જીવનમાં માત્ર મથવાનો
-કૃપાથી યજ્ઞ માંડ્યો ! જે ફળી નિશ્ચે જ શકવાનો.

હૃદયની શી અમર શ્રદ્ધા ! જીવનમાં ટકાવવાને તે,
શું શ્રદ્ધાએ હૃદય પાનો અમોને શો ચઢાવ્યો છે !

જીવનમાં બળ મળેલું જે બધું શ્રદ્ધાનું કારણ તે,
હૃદયશ્રદ્ધા લીધે જીવતા અમે કેવા રહેલા જે ?

જીવનનું ધ્યેય જીતવાને અમે હાકલ લગાડી છે,
હવે પાછી કદી પાની ન કરવાની અમારે છે.

હરિઃૐ

## સતત મંડ્યો રહે, તેની જીવનમાં જીત નિશ્ચે છે

કદીક શી હાર ખાધી છે ! પથે પછડાટ ખાધી છે,
છતાં તોયે ખમીર દિલનું અમારું ના ખૂટેલું છે.

જીવનમાં સામનો કરતાં પુરુષાર્થ જીવનનાને
-ચઢાવાયું જ પાણી છે, પછી થયું સાબદું શું તે !

પથે પાછું જ પડવાનો સમય જ્યાં આવી પહોંચ્યો છે,
કુમકમાં ત્યાં કૃપાબળને અમે દિલ નોતરેલું છે.

સતત બસ એકધારી શી લડત માંડ્યા કરેલી છે !
સતત મંડ્યો રહે, તેની જીવનમાં જીત નિશ્ચે છે.

હરિ:ૐ

## ઝઝૂમવા, ધ્યેયથી જીવવા જીવનનો ટેક પાકો જે

અમારે જ્યાં જવાનું છે, જીવનની તે દિશા પ્રત્યે,
અમે ડગ માંડી માંડીને પથે ચાલ્યા કરેલા જે.

ન ગણકાર્યાં કશાં વિઘ્નો, મુસીબતને ન જાણી છે,
પથે મુશ્કેલીઓને કંઈ અમે કોઠું ન આપ્યું છે.

કદીક દિક્કત ગમે તેવી પથે હેરાન કરનારી,
છતાં શો સામનો કરવા કૃપાથી બળ મળેલું છે !

બહુ જોખમ ને સાહસને સહર્ષ શાં વધાવ્યાં છે !
હૃદયસંગ્રામ તે સામે મૂકી માથું કરેલો છે.

ઝઝૂમવા, ધ્યેયથી જીવવા જીવનનો ટેક પાકો જે,
પળાવેલો કૃપાથી તો અમારાથી પળાયો છે.

હરિઃૐ

## છતાં હિંમત, ધીરજ, ખંત ન છૂટ્યાં છે, ટકેલો છું

જીવનમાં ભાવ સંપૂર્ણ હૃદય અવતારવાને જે,
કૃપાથી શો પુરુષાર્થ થયેલો મુજથી ત્યાં છે !

ફરી ફરીને મથેલો જે, પડ્યો પાછો, છતાં પથને
-કદી છોડી ન દીધો છે, મુસીબત આવી છે તોયે.

જીવનઆદર્શ સાકાર કૃપાથી પૂર્ણ કરીને તે,
થવા કૃતાર્થ શ્રદ્ધા છે, મથંતાં તે જરૂર મળશે.

જીવનમાં હાર બહુ વેળા ભલે ખાઈ ચૂકેલો છું
-છતાં હિંમત, ધીરજ, ખંત ન છૂટ્યાં છે, ટકેલો છું.

હરિ:ૐ

## શી હાલમડોલમ તે નાવ થયેલી મધ્ય દરિયે છે !

અગડંબગડં શું જીવનમાં કરાવીને, **अहं** મુજને
-સ્ફુરાવીને, જીવનને તો શું ભેખડે ચઢાવ્યું છે !

ખરેખર કેવું સદ્ભાગ્ય ! જીવનનાવ ખડક સાથે
-ગઈ અથડાઈ તોયે તે થયા ના નાવના ભૂકા.

શી હાલમડોલમ તે નાવ થયેલી મધ્ય દરિયે છે !
કદીક જાણે ડૂબે હમણાં હૃદય શી બીક પેઠી છે !

કૃપા તે **શ્રીહરિ**ની છે, જીવનની નાવને **એણે**
-ધીમે ધીમે કુનેહેથી પહોંચાડી કિનારે છે.

હરિઃૐ

# જીવનમાં કેટલી વાર ચઢી ઊંચે પડેલો છું

જીવનમાં કેટલી વાર ચઢી ઊંચે પડેલો છું,
ચઢી ઊંચો, વળી પાછો અમુક હદ સુધી પહોંચ્યો છું.

ઊંચે જેમ જવાતું છે, હૃદયમાં ઊર્ધ્વ જીવનની
-ઊંડી જીવંતી શી સમજણ ખરેખર તો સ્ફુરેલી છે !

જીવનમાં ખાલી, ખાલી તો ન સમજણ તે રહેલી છે,
શું કર્મો ઊર્ધ્વની સમજણ થકી કેવાં થયેલાં છે !

મથાયું ઊંડું ઊંડું જે જીવન ચિંતવન વિશે હૃદયે,
સમજ તેમાંથી જાગીને, કરાવ્યાં કર્મ તેવાં છે.

સતત તે સાધનાભ્યાસે ટકી એકીટશે ભાવે,
જીવનનાં ઊર્ધ્વનાં દ્વાર કૃપાથી ઊઘડેલાં છે.

હરિ:ૐ

## જીવનમાં કેટલી વાર કંઈક કમબખ્તી આવી છે

જીવનમાં કેટલી વાર કંઈક કમબખ્તી આવી છે,
ઊંચોનીચો હલાવીને પછી કેવો પછાડ્યો છે !

છતાં ત્યારેય સમજણનું ન મૃત્યુ થઈ ચૂકેલું છે,
હૃદય સમજાઈ જતાં તેથી કશી હરકત થઈ ના છે.

બધું સાચે જ સાચું જ્યાં હૃદય સમજણમાં પ્રગટ્યું છે,
પછીથી તો સીધે રાહે ગતિવંત થવાયું છે.

**हरि**ના માર્ગમાં એવાં અનેકે વાર વિઘ્નો જે,
શું આવી આવીને મુજને કૃપાએ શો ઘડેલો છે !

હરિ:ૐ

## જીવનને સમજવા ઊંડું મનન ચિંતવન થયેલું છે

જીવનને સમજવા ઊંડું મનન ચિંતવન થયેલું છે,
મનન ચિંતવન ઊંડું હૈયે થવાથી ઊતરાયું છે.

જીવનનું મહત્ત્વ, ગાંભીર્ય, જીવનના તત્ત્વને વિશે,
જીવનના સત્ત્વને વિશે,
જીવનમાં સાધનાભ્યાસે હૃદયભાવ સ્ફુરાવ્યો છે.

હૃદયના ભાવ ઉદ્દીપન થકી જીવનની ખૂબીને
-કૃપાથી દિલ સમજાતાં, પછી ના વાર લાગી છે.

કળા, ખૂબી, શી હિકમત જે જીવનના મૂળ તત્ત્વે છે,
જીવનનું એવું એવું સૌ પછી અનુભવમાં ફોર્યું છે.

હરિઃૐ

## જીવનનું સાવ નખ્ખોદ તહીં નીકળી જતું શું તે !

મહત્ત્વ કંઈ જ જીવનનું ન લાગેલું હતું ત્યારે,
જતું'તું ગબડતું જીવન શું ગરબડિયા પ્રવાહે તે !

જીવનની યોગ્યતા કંઈ જ ન ઊગેલી મતિ વિશે,
નરી સ્વચ્છંદ વૃત્તિના વલણથી ચાલતું'તું તે.

કદીક ઘમસાણ કેવુંક ભયંકર તો મચેલું છે !
જીવનનું સાવ નખ્ખોદ તહીં નીકળી જતું શું તે !

કૃપા ત્યારે શી **શ્રીહરિ**એ જીવનમાં મુજ પર કરીને !
જીવનના મહત્ત્વનું ભાન હૃદય ઊંડું સ્ફુરાવ્યું છે.

હરિ:ૐ

## કૃપાથી માથું મૂકીને જીવનસંગ્રામ ખેલ્યા છે

કૃપાથી માથું મૂકીને જીવનસંગ્રામ ખેલ્યા છે,
કદીક પાછું હઠાયું છે, છતાં પીઠ ના બતાવી છે.

શી સામી છાતીએ કેવું અડગ રીત યુદ્ધ ખેલ્યું છે !
લડતમાં હું ઘવાયો છું, છતાં ના યુદ્ધ છોડ્યું છે.

કદીક કટકા થયેલો છું, છતાં હિંમત ન હાર્યો છું,
ઝઝૂમીને, ઝુકાવીને પરાક્રમ દાખવેલું શું !

શહૂર ને ખમીરથી ભવ્ય જીવનસંગ્રામ ખેલ્યા છે.
છતી અંતરની શક્તિ જે શી લડવાથી ખીલેલી છે !

હરિઃૐ

## જીવંતો ભાવ ધારીને કર્યો છે સામનો ત્યારે

શું ઓચિંતા કદીક કેવા જીવનમાં ત્રાટકેલા છે
-ભયંકર ધાડપાડુઓ ! અસાવધ હું હતો ત્યારે.

પરંતુ જ્યાં લૂંટાવાનું બન્યું પ્રત્યક્ષ જીવનમાં,
ભયંકર ફાળ ત્યારે શી પડેલી ત્યાં હતી દિલમાં !

હતો હું એકલો છોને, સ્મરણ બખ્તર પહેરીને,
જીવંતો ભાવ ધારીને કર્યો છે સામનો ત્યારે.

ઘણાયે ઘા પડેલા છે, વળી બેવડ ગયેલો છું !
છતાં તોયે જબરજસ્ત લડી લેવાનું રાખ્યું છે.

મથ્યો તોયે જરીક સરખી મચક ના તેમણે દીધી,
છતાં તોયે કૃપાબળથી લડતને ચાલુ શી રાખી !

હરિ:ૐ

## કૃપા એ તો હરિની કે ચીંધાવી રાહ, ધપવ્યો છે

જીવનને કામયાબીમાં ખરું નિપજાવવાને તે,
જીવનની ઊર્ધ્વ બાજુનું હૃદય ચિંતવન થયેલું છે.

જીવનવિકાસમાં ડગલું ભરીને એક પછી એક
-અગણિત શાં પથે ડગલાં ભરેલાં છે જીવનપંથ.

પથે અડબડિયાં ખાધાં છે, પથે ભૂલું પડાયું છે !
થઈ શી ગડમથલ ભારે ! છતાં પથ ચાલવું થયું છે.

પથે ફાંટા બહુ આવી શું ફંટાયો જીવનપથ તે !
કૃપા એ તો **હરિ**ની કે ચીંધાવી રાહ, ધપવ્યો છે.

હરિઃૐ

## કૃપાએ શો પતિતજનને બચાવી ! મુક્ત કીધો છે

વિચિત્ર ને નકામા શા તરંગોમાં ફસાઈને
-જગાયું દિલ ન કેમેયે જીવનને પ્રીછવા કાજે.

'જીવન શું તે ?' ન જાણ્યું'તું, કદી પણ સ્વપ્નમાંયે જે,
ભયંકર આંચકો ત્યારે શું ઓચિંતો પડ્યો મુજને !

ભયંકર આંચકાએ તે તળેઉપર કરી દઈને
-ઊથલપાથલ કરી નાખી મૂક્યો શો હચમચાવીને !

થયેલું વેરવિખેર જીવન સંપૂર્ણ તે ત્યારે,
વિના કારણ મને ત્યારે કૃપાએ મહેર કીધી છે.

**હરિ**પદમાં નમાવીને, હૃદય નિજનો બનાવીને,
કૃપાએ શો પતિતજનને બચાવી ! મુક્ત કીધો છે.

હરિઃૐ

## રહેવાયું જ વળગીને, પદે તેથી ઠરાયું છે

જીવનના ધ્યેયનું કર્મ નજર બહાર કદી પણ તે,
મનનમાં તે વિશે ટકતાં ન ચિંતવનથી ખસેલું છે.

સતત સંકોરતાં રહીને વળી સંકેલવાનું તે,
મનાદિને કર્યાં કરીને ચરણ લક્ષ દઢાવ્યું છે.

કદીક ઓછાં, કદીક વત્તાં મનાદિ શાં થયેલાં છે !
છતાં એકંદરે પાછાં રહેલાં ધ્યેયમાં શાં તે !

કૃપાની મહેરબાની કે સતત બસ ધ્યેયની પ્રત્યે
-રહેવાયું જ વળગીને, પદે તેથી ઠરાયું છે.

હરિ:ૐ

# ઊગેલી સમજની રીતે કૃપાથી વર્તવું થયું છે

જીવનને સાચી રીતે દિલ મતિ નહોતી સમજવાને,
સ્મરણ લેતો કરાવીને મતિમાં પ્રકાશ પાડ્યો છે.

જીવનનું યોગ્ય તારતમ્ય ધીમે ધીમે શું ઊગ્યું છે !
ઊગેલી સમજની રીતે કૃપાથી વર્તવું થયું છે.

**हरि**માં લક્ષ ચોટંતાં જીવનમાં ભાવ ફોર્યો છે,
હૃદયના ભાવને લીધે જીવનદર્શન સ્ફુરેલું છે.

હૃદયનો ભાવ કેળવવા જીવંતું લક્ષ રાખીને,
જીવનને યોગ્ય સાકાર થવા, મંડી પડાયું છે.

હરિ:ૐ

## અમારે આશરો મોટો, હરિનો માત્ર છે ટેકો

બધે જેમાં અને તેમાં જીવનમાં એકલો **હરિ**નો
-અમારે આશરો મોટો, **હરિ**નો માત્ર છે ટેકો.

કવેળા ને સુવેળાએ **હરિ**ને યાદ કરવાનું,
સહાનુભૂતિ ને ઓથ કૃપા એવી **હરિ**ની છે.

'સહાનુભૂતિ ને ઓથ જીવનમાં પ્રેરણા, હૂંફ
-**હરિ**નાથી મળ્યાં કરતાં' અનુભવ્યું તે અમે દિલ.

**હરિ**એ જાણી જોઈને કદીક મુજને જીવન વિશે,
છૂટો મૂકી દીધેલો છે, હૃદયબળને નીરખવાને.

પરંતુ મૂર્ખ, બોથડથી ન સમજાયું હતું તે તે,
છતાં પણ આવડ્યું તેવું તહીં બળ દાખવેલું છે.

હરિ:ૐ

## ટકવવાને હૃદયભાવ કૃપાથી તો મથાયું છે

મુસીબત, ગૂંચ, મુશ્કેલી, જટિલ પ્રશ્નો, સમસ્યાઓ
-પ્રગટતાં તે જીવન વિશે પરેશાન થવાયું છે.

પરંતુ દિલમાં ઊંડો હતો વિશ્વાસ **हरि** પરનો,
ટકી તેથી રહેવાયું, થયેલો સામનો ત્યાં શો !

કદીક વંટોળ શો ઉગ્ર ભયંકર ઊડતો આવ્યો !
ત્યહીં લેતાં છતાં ટક્કર નમી ત્યારે પડાયું શું !

જતો હોઉં છો ભલે પડતો, પરંતુ તે સમય મન મેં
-ટકવવાને હૃદયભાવ કૃપાથી તો મથાયું છે.

ભલે છો હારતો લાગું, પરંતુ તે સમય કેવો
-ભયંકર ઉગ્ર સંગ્રામ કૃપાથી તો અપાયો શો !

હરિ:ૐ

# કૃપાની મહેરથી તેનું હૃદયમાં ભાન જાગ્યું છે

જીવનમાં કંઈક ઘટમાળ પ્રગટી, કેવો ખરે મુજને
-શી અથડામણ વિશે ભારે પજવણીમાં મૂકેલો છે !

કદીક શી નાસીપાસીમાં ઊંધું ભટકી જવાયું છે !
કૃપાની મહેરથી તેનું હૃદયમાં ભાન જાગ્યું છે.

પછી ધ્યેય હૃદય કેવું થયેલું ધારદાર જ છે !
ભૂલેચૂકે ભુલાતાંમાં પછી તે ઠામ લાવે છે.

ઊંડી લગનીની ચાનકની ખૂબી જીવનમાં પ્રગટે જે,
વિષય લગનીતણાથી તે ભટકવા ના બીજે દે છે.

હરિઃૐ

## મુકાવીને અમલ સૌ તે જીવનઘડતર કરાવ્યું છે

જીવનઆદર્શને માટે ભભૂકેલો જ અગ્નિ છે,
કૃપાની કેવી પ્રત્યક્ષ ખરેખર મહેરબાની તે !

સતત એણે જગાડ્યા શો જીવન માટે કરેલો છે !
જગાડીને, જગાડીને મથાવ્યા દિલ કરેલો છે.

મથામણ નિત્યની એવી જુદી જુદી રીતની શી જે !
જીવનમાં આવી આવીને નીરખતો દિલ કરાવ્યો છે.

ઊંડું વિચારતો એણે કરી મૂકેલ છે મુજને,
મુકાવીને અમલ સૌ તે જીવનઘડતર કરાવ્યું છે.

હરિ:ૐ

## કૃપાવર્ષા થતાં, ફાવટ મથામણમાં શી આવી છે !

જીવનના કંઈ જુદા જુદા તબક્કામાં, ગજબ રીતે
-મને અકળાવી મૂકનારી સ્થિતિમાં મૂકી દીધો છે.

બધે ચારેતરફથી શી જબરજસ્ત ઊંડી ભીંસ
-ભયંકર રીત આવીને ! પકડ મુજ પર જમાવી છે.

સ્મરણઅભ્યાસ હોવાથી, કંઈક દિલ જાગ્રતિ લીધે,
મતિ મન તટસ્થ હોવાથી, કંઈક દિલ ભાન જાગ્યું છે.

બધા તે દોરથી છૂટવા પછી મહેનત થયેલી છે,
કૃપાવર્ષા થતાં, ફાવટ મથામણમાં શી આવી છે !

હરિ:ૐ

## રણાંગણમાં અડીખમ ત્યાં લડત લડતો ટકાવ્યો છે

કદીક શી નાસીપાસીએ ઊંડો ઘેરી લઈને શો !
જીવનઆદર્શથી મુજને ઊંધે પાટે ચઢાવ્યો છે.

કૃપા તે કેટલી મોટી જીવનમાં **શ્રીહરિ**ની કે
-મને તેથી સ્થિતિકેરું ઊંડું દિલ ભાન જગવ્યું છે !

જગાડીને ફરી પાછો કટિબદ્ધ કરાવીને
-રણાંગણમાં અડીખમ ત્યાં લડત લડતો ટકાવ્યો છે.

જીવનમાં સામના કેવા બહુ કરવા પડેલા છે !
કૃપાસામર્થ્યથી ત્યારે અડગતા દિલ પ્રગટી છે.

હરિઃૐ

# સજીવન થઈ જીવનને તો જીવનમાં શોધી કાઢ્યું છે

કકડભૂસ થઈ કેવો હું જ્યાં લથડી પડેલો છું !
ફરીને ઊઠવાકેરું બધુંયે ભાન ભુલાયું.

સમય કેટલા સુધી જીવન વિશે ખાલી પડી રહીને,
જીવનમાં તો જીવનને હું ભૂલી સાવ ગયેલો જે.

કૃપા ત્યારેય મુજ પર તે શી અનરાધાર વર્ષાવી !
ફરી પાછો હૃદય જીવતો કરી કેવો દીધેલો છે !

અનેકે વાર એ રીતે મરણ પામી જીવન વિશે
-સજીવન થઈ જીવનને તો જીવનમાં શોધી કાઢ્યું છે.

હરિ:ૐ

## સતત રમવા હરિમાં દિલ અમે તરતું મૂકેલું છે

નયન દિલ ખૂલેલાં જે ફરી પાછાં જીવનમાં તે,
પૂરેપૂરાં વળી બંધ કંઈક વાર થયેલાં છે.

ખૂલેલાં તે નયન દિલની સ્મૃતિ વીસરાઈ ગયેલી છે,
ફરી પાછી જ રામાયણ શી એની એ જ પ્રગટી છે !

જીવનમાં કેટલી વાર જીવનની જાગૃતિ હૃદયે
-જગાડી જીવતી પૂરી થવા પુરુષાર્થ કીધો છે.

કૃપાથી તો જીવનમાં શો સભર દિલમાં રહ્યા કરીને !
સતત રમવા **હરિ**માં દિલ અમે તરતું મૂકેલું છે.

હરિઃૐ

## થવા સાકાર તો ધ્યેય મથાયું કેવું કેવું છે !

જીવનમાં કર્મસંજોગે જુદું જુદું મળેલું છે,
હૃદયમાં ધ્યેયનો હેતુ સમય તે જાળવેલો છે.

થતું જે જે રહે તેમાં સતત બસ હેતુનું લક્ષ
-જીવંતું, ચેતનાત્મક દિલ કૃપાથી તો રખાયું છે.

જીવનના ધ્યેયની સાથે કરી ના બાંધછોડ જ છે,
કશી કોઈ રીતની ક્યાંયે કરી ના માંડવાળ જ છે.

સતત બસ એકધારું ને હૃદય એકીટશે નિશ્ચે
-થવા સાકાર તો ધ્યેય મથાયું કેવું કેવું છે !

હરિઃૐ

## પથે ચઢતાં, વળી પડતાં, કૃપાથી સ્થિર થવાયું છે

લીધેલાં કર્મમાં **પ્રાણ** અને જીવનની શક્તિને
-પરોવીને થતું જે જે, નિવેદ્યું ને સમર્પ્યું છે.

થતું જે જે, બને જે જે કથ્યા **હરિ**ને કરેલું છે,
બગડતાં કંઈક **હરિ**ને ત્યાં સ્તવી, કર્મ સુધાર્યું છે.

પરંતુ સાધના યોગ્ય થવી સંપૂર્ણ રીતે તે
-કઠણ, મુશ્કેલ તે કર્મ છતાં તે હાથ લીધું છે.

સીધેસીધું ઉપર ઝટપટ ચઢી જાવું સરળ ના તે,
પથે ચઢતાં, વળી પડતાં, કૃપાથી સ્થિર થવાયું છે.

હરિઃૐ

## બધા ભયથી થવા મુક્ત કૃપાથી તો મથાયું છે

હતો કાયર પૂરેપૂરો, વળી બીકણ બધી રીતે,
શું એવાએ જ કેળવવા અભયને, વ્રત લીધેલું છે !

અનેક રીતના ભય શા જીવનમાં તો રહેલા છે !
બધા ભયથી થવા મુક્ત કૃપાથી તો મથાયું છે.

મળ્યો જશ ના સરળતાથી, પડેલું હારવું કેવું !
હતું મુશ્કેલ મુજથી તો તહીંથી ઊઠવું કેવું !

સતત સંગ્રામ જિગરથી હૃદય મર્દાનગીથી જે
-શું મંડાયો કૃપાથી છે ! જીવન જેથી ઘડાયું છે.

હરિઃૐ

# મનન ચિંતવન થઈ થઈને પડેલું પાદ ઠેકાણું

જીવનનું કેટલું કેવું મહત્ત્વ જાણતો નહોતો !
ગમે તેમ કર્યો રખડ્યા, અને હું આથડેલો શો !

'જીવનને જીવવું કેવું' ગતાગમ તે વિશે નહોતી,
પરંતુ કોઈક સદ્ભાગ્યે કૃપાએ આંખ ખોલાવી.

નયન ઊઘડેલથી કેવું જીવનનું ગોબરાપણું જે !
નજર પ્રત્યક્ષ પ્રવર્તી હૃદય જન્માવિયું શૂળ છે.

હૃદય એ શૂળને લીધે જીવનના ઊર્ધ્વ પ્રત્યેનું
-મનન ચિંતવન થઈ થઈને, પડેલું પાદ ઠેકાણું,

હરિ:ૐ

## કૃપાગંગા પ્રવાહે શો નહાતાં ધન્યતા શી છે !

જીવનમાં જિંદગાનીનું ખરેખર સાધવાનું જે,
કૃપાથી દિલ લગાડીને દીધો પદ જોતરાવી **તેં**.

સ્મરણ દિલથી કરાવીને, સ્મરણમાં દિલ લગાડીને,
ચરણમાં દિલ સ્પર્શાવી, લઈ લીધો શરણ મુજને.

સતત તારી ચરણ ભક્તિ બધે આધાર વ્યાપીને
-મનાદિમાં પ્રતિષ્ઠા તુજ કૃપાથી શી કરાવી છે !

પતિતજન પર કૃપા તારી શી અઢળક વહેવરાવી છે !
કૃપાગંગા પ્રવાહે શો નહાતાં ધન્યતા શી છે !

હરિ:ૐ

## કૃપાથી વેદનાકેરું જીવન ભોગવવા બક્ષ્યું તેં

કૃપાથી વેદનાકેરું જીવન ભોગવવા બક્ષ્યું **તેં**,
સતત તે વેદનામાં પણ **હરિ** ભજવાનું ચાલુ છે.

શરીરની સર્વ તાકાત, અને વળી જાગૃતિ જે છે,
શરીરની સભાનતા પણ તે ઘટે છે વેદના વિશે.

ભયંકર શૂળની પેઠે, શરીરમાં દર્દ ઊપડે જે,
પડાવે રાડ કેવી તે ! પરંતુ રાહ ના અમ તે.

**હરિ**ને માત્ર પોકારી, **હરિ**પદ તે નિવેદીને,
**હરિ**ને વેદના તનની સતત શી સોંપતા રહીએ !

પરંતુ કમનસીબી છે, શરીરનું જે મળેલું છે,
બધું ભોગવવું તેમાંથી ન છુટકારો થવાનો છે.

હૃદય તેથી ભજનરસમાં મહાલી જીવવાનું છે,
હવે બીજો કશો આરો, જીવનમાં ના રહેલો છે.

હરિ:ૐ

# થતી તે વેદના વિશે હરિ ભજવાનું ચાલુ છે

સતત બસ વેદના વિશે જીવન જીવવાનું આવ્યું છે,
**હરિ** ભજવાનું તે સાથે, કૃપાએ તો કરાવ્યું છે.

કૃપાની મહેરબાની કે ભયંકર તીવ્રતમ ઉગ્ર
-થતી તે વેદના વિશે, **હરિ** ભજવાનું ચાલુ છે.

**હરિ**ની સભાનતા નિજની હૃદય જીવતી રખાવી છે,
કૃપા સાક્ષાત્ **શ્રીહરિ**ની, ભજ્યાં કરતું રહે દિલ તે.


શરીરની વેદનાકેરું જીવંતું ભાન જેવું છે,
ખરેખર તેની સંગાથે **હરિ**ભાવ જીવંતો છે.

ભયંકર તીવ્રતમ દર્દ કૃપાથી સહી શકાતું છે,
**હરિ** તારી કૃપાનો તે, ખરો દિવ્ય જ ચમત્કાર
-અનુભવવા જીવન પામ્યો, શી અપરંપાર કૃપા તુજ !

હરિઃૐ

# ખંડ - ૭

## મનાદિ અને પ્રકૃતિનું રૂપાંતર



જીવનમાં નિત્ય ઉપયોગ થતો જ્યાં હેતુપૂર્વકનો,
અનુશીલન, પરિશીલન થતું એવા પ્રકારે તો.

હરિ:ૐ

## જીવનમાં કેટલો મોટો સ્વભાવ ભાગ ભજવે છે !

જીવનમાં કેટલો મોટો સ્વભાવ ભાગ ભજવે છે !
સ્વભાવ મિત્ર ને શત્રુ જીવનમાં શો ઉભય તે છે !

સમજ જે સ્વભાવકેરી છે, સમજ જે ઊર્ધ્વકેરી છે,
ઉભય સમજણની વચ્ચેનું તફાવતનું ન સામ્ય જ છે.

**हरि**ની ભક્તિની લગની શી એકાકાર દિલ જ્યાં છે !
સ્વભાવ **जीवदशा**ના જે જરૂર તે ફેરવી દે છે.

હૃદયના ભાવ નિરંતર થકી કેવો હૃદયપલટો
-સ્વભાવનો થતો રહે છે ! અનુભવથી પ્રમાણેલો

હરિઃૐ

## હરિપદ વાળવા મેં શાં મનાદિને મથાવ્યાં છે !

**હરિ**પદ વાળવા મેં શાં મનાદિને મથાવ્યાં છે !
પરંતુ પીઠ ફેરવી શાં મનાદિ નાસી છૂટ્યાં છે !
મનાદિને ન અભ્યાસ કદીયે ઊર્ધ્વ જીવનનો,
પલોટાવાં મનાદિને **હરિ**પદ તેથી વાળ્યાં છે.
ન કેમેયે કર્યાં કિંતુ મનાદિ ઠામ બેસે છે,
ભજનકીર્તન, સ્મરણભાવે મનાદિને પરોવ્યાં છે.
પરોવાયેલ તે હોવા છતાં શાં ઊછળી ઊછળીને
-કહીં કહીં દૂર ભાગ્યાં છે, છતાં ના સ્મરણ ચૂક્યો તે.
સતત બસ એકધારો શો મનાદિ પલાળવાને તે
-રહ્યો મંડ્યા કર્યો જેથી મનાદિ કંઈક માન્યાં છે.
પછી લગની મનાદિને ધીમેધીમે શી અભ્યાસે
-જતાં લાગી પછીનાં શાં મનાદિ સાવ ન્યારાં છે !

હરિઃૐ

## મનાદિની ભભૂકી છે ખરેખર ઝંખના ઉગ્ર

ભરેલો કામક્રોધાદિ થકી કેવો જીવનમાં હું
-નર્યો શો રાચતો'તો હું ! જીવન તે જાણીને સાચું.

પરંતુ દિલમાં જ્યારે થતાં ના પૂર્ણ સંતોષ,
મનાદિની ભભૂકી છે ખરેખર ઝંખના ઉગ્ર.

પછી તે ઝંખનાએ શો વિષય તેવે રમાડ્યો છે !
શું અસંતોષ દિલ તીવ્ર ! અજંપો દિલ લગાડ્યો છે.

જીવન તે સાચું ના લાગ્યું, કૃપાએ કેવો ઉપરામ
-પડાવ્યો છે મને ત્યાંથી ! થયું તેથી શું આશ્ચર્ય !

હરિઃૐ

## કંઈક એવા તપસીના જીવનનું મુખ ફરેલું છે

જીવનમાંનો પડેલો જે સ્વભાવ પ્રકૃતિ રીતનો,
કદી ના એની મેળે કંઈ જીવનથી જતો જ રહેવાનો.

સ્વભાવ પ્રકૃતિ સાથે થયેલો એકરૂપ જ જે,
કશી શક્તિ જ બદલાવા ન એને કોઈનામાં છે.

પરંતુ જે **हरि**નામાં થવાને લય જીવન વિશે,
હૃદયઆદર્શ ધારીને સતત તેને વરેલો જે,

ફના સંપૂર્ણ જે કાજે થવા, તત્પર બનેલો છે,
કંઈક એવા તપસીના જીવનનું મુખ ફરેલું છે.

હરિ:ૐ

# પ્રકૃતિનું જ સામ્રાજ્ય નર્યું છે જીવદશા વિશે

પ્રકૃતિનું જ સામ્રાજ્ય નર્યું છે **જીવદશા** વિશે,
પડે છે વર્તવું ત્યારે સ્ફુરેલા વલણની રીતે.

કશી ના સ્વતંત્રતા ત્યાં છે, નર્યું સ્વચ્છંદ વર્તે છે,
શું યદ્વાતદ્વા જે તે છે ! ન વ્યવસ્થા કંઈ કશી પણ છે.

નર્યું સંદિગ્ધપણું શું છે ! ન નિશ્ચયાત્મક કશું પણ છે,
બધું એલફેલ ચાલે છે, દશા શી **જીવદશા**ની છે !

ઊંચે તેમાંથી ચઢવાને શી જિજ્ઞાસા પ્રગટ થઈને,
સતત પુરુષાર્થમાં તેવા મને પરોવી દીધો છે !

હરિઃૐ

## મહત્ત્વ દિલનું આપ્યા કરેલું તો કૃપાથી છે

જીવનને પ્રકૃતિ સમજે શું મુશ્કેલ સમજવું તે !
પડે ટૂંકી પ્રકૃતિની બધી બુદ્ધિ સમજવાને.

થતી શંકા કુશંકાને, શું સંદેહ ઊગે છે જે !
ન ગણકારી બધાને મેં **હરિ**પદમાં ઝુકાવ્યું છે.

**હરિ**ની સ્મરણ ભક્તિમાં જીવનના જોમ સઘળાને
-પરોવી દઈ મનાદિને, પલાળાવા મથાયું છે.

મનાદિ એકદમ માને ન એવાં તે ખરેખર છે,
પરંતુ નિત્ય અભ્યાસે શું ટેવાયાં કરેલાં છે !

સતત તેથી જીવનમાં મેં જીવનવિકાસ અભ્યાસે
-મહત્ત્વ દિલનું આપ્યા કરેલું તો કૃપાથી છે.

હરિઃૐ

## છતાં ચઢવા વિશે ધ્યાન રખાયું છે નિરંતરનું

જીવનમાં કેવી ચડભડ તો બહુ વેળા થયેલી છે !
જવાનું ચેતી તેનાથી જીવનમાં તો થયેલું છે.
કૃપાથી

ગમે તેવું કરો તોયે છતાં શી શ્વાનની પૂંછડી
રહેવાની જ વાંકી તે ! સ્વભાવે પ્રકૃતિ એવી.

પ્રકૃતિની ગતિ નિમ્ન ચીલા વિશે વહંતી જે,
શી એને ઊર્ધ્વને વિશે થવા ગતિ, ત્યાં મથાયું છે !

જતાં ઊર્ધ્વે પથે પાછો પ્રકૃતિએ પડાવ્યો છે,
શી એવી ગડમથલમાં તે **હરિ**બળથી ટકાયું છે !

અનેકે વાર ચઢવાનું, અનેકે વાર પડવાનું,
છતાં ચઢવા વિશે ધ્યાન રખાયું છે નિરંતરનું.

હરિઃૐ

## પ્રકૃતિથી થયા વિના ન મુક્ત પદ ગળાશે તે

પ્રકૃતિની જબરજસ્ત પકડ કેવી જીવન પર છે !
પકડ એવીથી તો મુક્ત થવા ના જોર મારું છે.

છતાં જ્યાં ધ્યેય જીવનનું ચરણ લય પામવાનું છે,
પ્રકૃતિથી થયા વિના ન મુક્ત પદ ગળાશે તે.

પ્રકૃતિની દિશા ઊર્ધ્વે મનન ચિંતવન થવા હૃદયે
-જીવનના જોમ સઘળાને અમે મેદાન મૂક્યું છે.

**હરિ**નો રંગ સંપૂર્ણ જીવનમાં લાગવા અર્થે,
સતત બસ એ વિશે કેવા <u>અમે</u> લાગી પડેલા જે !

હૃદય

હરિ:ૐ

## થવાને ઓતપ્રોત જ દિલ हरिપદમાં, મથાયું છે

જીવનને પ્રકૃતિમાંથી હું તારવવા મથેલો શો !
ઉલેચાવું પૂરેપૂરું કદી પણ શક્ય તે નહોતું.

**हरि**ની ભક્તિમાં પૂરાં મનાદિને પલળવાને
-સતત પુરુષાર્થમાં તેવા જીવનને ગાળી નાખ્યું છે.

પ્રકૃતિનો કશો અંત કદી ના આવી શકતો છે,
**हरि**ના ભાવ અમૃતમાં જીવનને ઝબોળવાનું છે.

સતત બસ એક તે માત્ર જીવનકર્મ સ્વીકારીને,
થવાને ઓતપ્રોત જ દિલ **हरि**પદમાં, મથાયું છે.

હરિઃૐ

## લગનના જોશ ને જુસ્સો શું ઘડવા કામ લાગ્યા છે

જુદી જુદી સમજનીયે મડાગાંઠો ખરેખર છે,
અને શા પૂર્વગ્રહ પણ જે જીવનને બાંધી રાખે છે !

અનેકે જાતની ટેવો જીવનમાં જે પડેલી છે,
પ્રમાણે તેવું જીવનને વહેવાને મથાવે છે.

'જીવનને ધ્યેય આદર્શે થવા સાકાર' નિશ્ચય છે,
લગનના જોશ ને જુસ્સો શું ઘડવા કામ લાગ્યા છે !

કદીક ઢીલું પડાયું છે, કદીક નેમ ચુકાઈ છે,
છતાં દિલથી કદી ધ્યેય જરાકે ના ભૂંસાયું છે.

હરિઃૐ

## મનાદિનું હવે જોયા વિના કંઈ પણ શરણ પદ જે

મનાદિને બહુ વેળા કદીક શી અણસમજથી શો
-કરી અન્યાય બેઠો છું ! હવે મુજને ઊંડો દિલ છે

સળગતો અગ્નિ પસ્તાવો, મનાદિને સતાવ્યાનો
-હૃદય ઊપજેલ તેથી તો હું ચિંતવનમાં પડેલો શો !

મનાદિની લળી લળીને ક્ષમા મેં માગી લીધી છે,
મનાદિનું હવે જોયા વિના કંઈ પણ શરણ પદ જે.

શરણ સાચું થવા પદમાં, જીવનનાં સર્વ પાસાં જે,
સ્મરણ, કીર્તન, ભજન ભાવે રસાવાનું કરાવ્યું છે.

સતત એવી રસાયણની જીવન સંશોધવાની જે,
પ્રક્રિયા ગૂઢ ને સૂક્ષ્મ કૃપાથી હાથ લાગી છે.

હરિ:ૐ

## થતા અભ્યાસમાંથી શો પછીથી ભાવ ટપક્યો છે !

મનાદિને કદી પણ મેં ન બળજબરી કરેલી છે,
કળે, કુનેહથી ટેવ ધીમે ધીમે પડાવી છે.

અવળચંડાપણું સૌનું બધું દેખ્યા છતાં તેને
-મહત્ત્વ દિલ દીધા વિના **હરિ**પદ સાહી લીધા છે.

'પછી અભ્યાસ નિરંતર થતો રહે' એ જ જોયું છે,
થતા અભ્યાસમાંથી શો પછીથી ભાવ ટપક્યો છે !

હૃદયના ભાવનો સ્પર્શ થતાં રહેતાં મનાદિને,
મનાદિ આપમેળે શાં પીગળવાં ખાસ લાગ્યાં છે !

હરિ:ૐ

## જુદા જુદા પ્રકારે શા કંઈક ઉકળાટ જાગ્યા છે

જુદા જુદા પ્રકારે શા કંઈક ઉકળાટ જાગ્યા છે !
મનાદિને શું સ્પર્શીને શી અકળામણ જગાડી છે !

જીવનમાં સ્વસ્થતા, શાંતિ, ન ત્યારે કંઈ ટકેલાં છે,
મનાદિમાં કદીક કેવો શું ઉશ્કેરાટ વ્યાપ્યો છે !

કરી નાખી અવ્યવસ્થિત શો ! થયેલો શંભુમેળો છે,
કદીક શાં ઊલટાંસૂલટી થતાં કર્મ બધાં રહે છે !

જીવન વ્યવહારનું ક્યાંયે ન ઠેકાણું રહેલું છે,
છતાં એવીય વેળાએ ચમત્કારિક કરુણાએ

–હૃદયમાં ફૂટી નીકળીને શું અદ્‌ભુત ભાગ ભજવ્યો છે !
ન ભજવ્યો ભાગ કંઈ માત્ર પરંતુ કેળવેલો છે.

હરિ:ૐ

## સતત મંડ્યો રહેતાંમાં, હૃદય શાંતિ વળેલી છે

કંઈક ઉદ્વેગ જાગીને મનાદિને પ્રજાળ્યાં છે,
બળાપો કેટલો મોટો અગન ભડકે ઊઠેલો છે !

શી લાચારી જ સંપૂર્ણ અરેરે ! મારી નીરખીને !
ભયંકર ત્રાસ મુજ દિલમાં મને મુજ પર શું લાગ્યો છે !

ઊંડું ઊંડું હૃદય તેથી વિચારાતાં, વિચારીને,
તપાસાવા બધાં કારણ થયાં તત્પર મનાદિ છે.

કૃપાથી ત્યાં સ્મરણસાધન હૃદયમાં હાથ આવ્યું જે,
-સતત મંડ્યો રહેતાંમાં, હૃદય શાંતિ વળેલી છે.

હરિ:ૐ

## જૂના ચીલા, જૂના વેશ, હવે બદલાઈ ગયેલા છે

જીવનનો સાધનાભ્યાસ સહજ જ્યારે થતો રહે છે,
જીવનનાં સ્તર બધાં ત્યારે શું બદલાતાં સહજમેળે !

શું એનું એ જીવન લાગે ! છતાં અંતરમાં જુદું તે,
જૂની ઢબનો જ વ્યવહાર, નવા સ્વરૂપે હવે શો તે !

મનાદિની જૂની રીતની બધી જે પ્રક્રિયા છે તે,
હવે જે પ્રક્રિયા, તેમાં નૂતન કોઈ રીતની શી તે !

જૂના ચીલા, જૂના વેશ, હવે બદલાઈ ગયેલા છે,
હવે કબજો જ ચેતનનો જીવનનો થઈ ગયેલો છે.

હરિઃૐ

## ઝગારો કંઈક ઓચિંતો મનાદિમાં જ પ્રગટીને

જીવનમાં કેવી કેવી તે દશા મારી થયેલી છે !
'ગયેલો સાવ ખોવાઈ હોઉં' એમ દિલ લાગ્યું છે.

જીવનના ધ્યેયનું લક્ષ બધું ભુલાઈ ગયેલું છે,
નર્યો અંધકાર વ્યાપીને જીવન સૂઢમૂઢ બનેલું છે.

શું શૂન્યમનસ્ક થઈ જઈને ન કંઈ પણ સૂઝતું'તું તે,
જીવનઅસ્તિત્વ ના જાણે, જીવન એવું વહ્યા જતું જે.

ઝગારો કંઈક ઓચિંતો મનાદિમાં કૃપાથી તે
-પ્રગટી, પાછો મને કેવો સજીવન દિલ બનાવ્યો છે !

હરિઃૐ

## વિપત્તિને સમય કેવાં મનાદિ ત્રાસી ઊઠ્યાં છે !

વિપત્તિને સમય કેવાં મનાદિ ત્રાસી ઊઠ્યાં છે !
પરંતુ શાં મનાદિને સ્મરણમાં તો પરોવ્યાં છે !

વિપત્તિને લીધે ઊંડી હૃદય એકાગ્રતા બનતાં
-પૂરી ફાવટ ન આવી છે, મનાદિને કશી પણ ત્યાં.

**हरि**ની ભાવના વિશે મનાદિને પરોવાને
-ફરી ફરીને હૃદયથી મેં કરેલી પ્રાર્થના **हरि**ને.

મનાદિને જ ટેવાવા **हरि**ની ભાવના વિશે,
સતત અભ્યાસમાં એવા શું તેથી તે પરોવ્યાં છે !

હરિ:ૐ

## જીવનમાં કેટલીક વાર ભયંકર દર્દ ઊપડ્યું છે

જીવનમાં કેટલીક વાર ભયંકર દર્દ ઊપડ્યું છે,
અને તે દર્દના સણકા શું લાગ્યા સાલવા મુજને !

પીડા તે વેદનાની જ્યાં બધે વ્યાપી ગયેલી છે,
પછી તે દર્દનું કેવું બધે અસ્તિત્વ વ્યાપ્યું છે !

છતાં એવીય વેળાએ સ્મરણનો આશરો લઈને,
**हरि**માં દિલ પરોવીને મનાદિને સમાવ્યાં છે.

ઊંડા તે દર્દને લીધે ઊંડી એકાગ્રતા હૃદયે
-થતાં ઊંડામાં ઊંડી જ્યાં, મનાદિ મુગ્ધ પદમાં છે.

હરિ:ૐ

# જીવનમાં ધ્યેય સાકાર થવા, મંડી પડાયું છે

જીવનના ધ્યેયના શિખર પરે ચઢવા ઉમળકાએ
-પૂરો સહકાર દેવાને મનાદિ કોચવાયાં છે.

પરંતુ ધ્યેયની ઉત્કટ અભિલાષા શી લાગીને
-ગરજ, રસ, સ્વાર્થ જે જગવ્યાં, શું સ્પર્શ્યાં તે મનાદિને !

પછી પર્વત સમા ભૂસકા અને કૂદકા લગાવ્યા છે,
હૃદય પ્રજ્વલિત ઉત્સાહે ન ગણકાર્યાં જ વિઘ્નોને.

સતત ગતિશીલ, સર્જનશીલ, ક્રિયાશીલ થવાઈને
-જીવનમાં ધ્યેય સાકાર થવા, મંડી પડાયું છે.

હરિઃૐ

## થતું છે જ્ઞાન, તો એવા જીવન ઉપયોગમાંથી તે

જીવનને ધ્યેયનો હેતુ થવા સાકાર ઉપયોગે
-ખચીત લેતાં જવાયાથી, થતાં સાવધ મનાદિ છે.

જીવનમાં નિત્ય ઉપયોગ થતો જ્યાં હેતુપૂર્વકનો,
અનુશીલન, પરિશીલન થતું એવા પ્રકારે તો.

શું વર્તાયા જવાથી તો જીવનમાં એ રીતે ભાવે,
થતું છે જ્ઞાન, તો એવા જીવન ઉપયોગમાંથી તે.

સતત ઉપયોગનો ખ્યાલ જીવંતો ચેતનાત્મક જે
-ટકી રહેવો જ મુશ્કેલ, છતાં ત્યાં ચાંચ બૂડી છે.

હરિ:ૐ

## સતત બસ એક ને એક જ વિષય પર ઊંડું ચિંતવતાં

કશી કોઈ રીતથી યોગ્ય જીવનને સમજી શકવાને
-વલણ, વૃત્તિ અને દૃષ્ટિ શક્યાં નહોતાં જ જાગી તે.

ચમત્કારિક ડંડો તુજ જહીં મુજ પર પડેલો છે,
અને સોટા ભયંકર શા મનાદિ પર પડેલા છે !

થઈને ગાભરાં ત્યારે મનાદિ કોચવાયાં છે,
ઊંડું ઊંડું મનાદિએ હૃદય તે પર વિચાર્યું છે.

સતત બસ એક ને એક જ વિષય પર ઊંડું ચિંતવતાં
-કૃપાથી ભાન ઓચિંતું **हरि** પ્રત્યેનું જાગ્યું છે.

હરિઃૐ

## પ્રયત્નો જારી રાખું, રસ થવા પેદા મનાદિને

શું સાંસારિક વ્યવહાર કઠણ, મુશ્કેલ, કપરો છે !
અણીશુદ્ધ પૂરેપૂરા નીકળવું બહાર અઘરું છે.

છતાં તેમાંથી મથતો શો મનાદિને હઠવવાને !
વળી વળીને છતાં કેવાં જતાં છટકી મનાદિ તે !

છતાં પાછાં હું **શ્રીહરિ**પદ મથાવું છું ઠરવવાને
-પ્રયત્નો જારી રાખું, રસ થવા પેદા મનાદિને.

સ્તવન કીર્તન, મનન ચિંતવન, અભિરુચિ મનાદિને
-થવા જીવતી, હૃદય ભાવે કર્યાં કરવાનું રાખ્યું છે.

હરિ:ૐ

## મનાદિમાંય શો ત્યારે ખરેખર કંપ જાગે છે !

બરાબર શ્વાસ લેવાને બધાં મુજ ફેફસાં વિશે
-નરી અડચણ ઊભી થાતાં, જતા મુજ **પ્રાણ** લાગે છે.

શરીરની સ્વસ્થતા ત્યારે છૂટંતી દિલ વર્તે છે,
શરીરની તટસ્થતા ભાંગી જતી ત્યારે ખરેખર છે.

મનાદિ સંકળાયેલાં શરીરની સાથે કેવાં છે !
મનાદિમાંય શો ત્યારે ખરેખર કંપ જાગે છે !

મનાદિ સંકળાયેલાં છતાં પાછાં શું ઊર્ધ્વે છે !
મનાદિને ઉભય સ્થિતિનો તટસ્થ દિલ અનુભવ છે.

હરિઃૐ

## ભૂમિકા યોગ્ય તે પાત્ર મથાયું છે બનવવાને

કૃપાની તુજ પ્રસાદીને જીરવવી કેવી દુર્લભ છે !
પચવવી
થવું પડતું જ સંપૂર્ણ ખરેખર પાત્ર તે અર્થે.

સ્મરણ ને પ્રાર્થના સાધન, ભજન, કીર્તન, નિવેદનને,
સમર્પણ ને નિદિધ્યાસન થકી તુજ પદ પલાળીને,

મનાદિ ભાવથી તુજમાં ચહી, મતિને પરોવીને,
ભૂમિકા યોગ્ય તે પાત્ર મથાયું છે બનવવાને.

હૃદયના ભાવ ઉદ્રેકે નસેનસને, રગેરગને
-છલોછલ તે ભરી દઈને **હરિ**માં દિલ ઝબોળ્યું છે.

હરિઃૐ

## મનાદિમાંહી ઘર્ષણની શી રમઝટ તીવ્ર બોલી છે !

જીવનમાં સાઠમારીના પ્રસંગો શા બનેલા છે !
મનાદિમાંહી ઘર્ષણની શી રમઝટ તીવ્ર બોલી છે !

મનાદિને હ્દય ભાવે સ્મરણ ને પ્રાર્થનામાં મેં
-પરોવવા મથેલો શો ! છતાં ફાવટ ન ઊગી છે.

વળી તેવી અને તેવી સ્થિતિ વિશે પડી રહેવું
-કદી ના યોગ્ય માન્યું છે, નીકળવાને મથાયું શું !

કદી પણ કોઈ વૃત્તિનો ગુલામ થઈ જવાની તે
-હ્દય સેવી ન તત્પરતા, કર્યો વિરોધ શો ત્યારે !

હરિ:ૐ

## છતાં ઊભો થઈ કેવો રણાંગણમાં ઝૂકેલો જે !

થવા **હરિ**નો જતાં કેવાં જીવનમાં વિઘ્ન મળિયાં છે !
ન ત્યારે હું ડર્યો છું કંઈ ભજ્યો ત્યારે હૃદય **હરિ**ને.!

મનાદિમાં **હરિ**ભાવ થયેલો સ્થિર જ્યાં નહોતો,
જરૂર પાછું પડાયું છે, બહુ વેળા જીવનમાં તો.

કંઈક વેળા પ્રભુ ત્યારે શી મુજ કમ્મર તૂટી ગઈ છે !
છતાં ઊભો થઈ કેવો રણાંગણમાં ઝૂકેલો જે !

દઈ દેતાં પ્રભુ માથું લગાડી વાર ના મેં છે,
પરંતુ ટેક જે દિલનો જવા દીધો કદી ના છે.

હરિ:ૐ

## સતત પડખે રહી હરિને જીવનધ્યેયે લગાડ્યું છે

કંઈક સંજોગ, પરિસ્થિતિ શું ઓચિંતાં જ પ્રગટીને !
'વિમાસણમાં મુકાવી દે' દશા એવી થતી ત્યારે.

પરંતુ સ્વસ્થતા પક્વ કૃપાથી જે થયેલી છે,
મનાદિને ટકાવી તે જરૂર સ્વસ્થ રખાવે છે.

જીવનમાં દુઃખ, આપત્તિ, ગૂંચો, વિઘ્નો, સમસ્યાઓ
-થકી ત્યાં આવરાઈ ના જવાતું છે, કૃપા શી તે !

કદીક મોળું પડાતું છે, પરંતુ ના ડુબાતું છે,
સતત પડખે રહી **હરિ**ને જીવનધ્યેયે લગાડ્યું છે.!

હરિ:ૐ

## સહજ પદ રસ વડે ભીંજવી મનાદિને પલાળ્યાં છે

‘બરાબર યોગ્ય પાળવવા મનાદિને બધી રીતે.
સાચવવા
જીવન ઉપયોગમાં લેવા’ કૃપાથી હાથ લીધું છે.!

પૂરાં ટેવાયેલાં તેવી રીતે નહોતાં ખરેખર જે,
પૂરા ઉપયોગમાં યોગ્ય હજી ના આવી શકતાં છે.

પરંતુ નિત્ય અભ્યાસે ચરણ રસમાં મનાદિને
-થવા આસક્ત સંપૂર્ણ સતત પુરુષાર્થ કીધો છે.

સતત એવી મથામણમાં કૃપાથી દિલ પરોવીને,
સહજ પદ રસ વડે ભીંજવી મનાદિને પલાળ્યાં છે.

હરિઃૐ

## જીવનપથમાં કદીક કેવા નડ્યા અવરોધ મુજને છે !

જીવનપથમાં કદીક કેવા નડ્યા અવરોધ મુજને છે !
મનાદિને ખરે ત્યારે ઊંડી શી ચોટ લાગી છે !

મનાદિથી તહીં છક્કડ ખવાઈ શી ગયેલી છે !
કદીક પછડાટ શો ભારે મનાદિથી ખવાયો છે !

કદીક થોભી પડેલાં છે, કદીક હાંફી ગયેલાં છે,
છતાંયે પંથથી દૃષ્ટિ મનાદિની ફરી ના છે.

મનાદિને પછીથી કળ જરા વળતાં, સચેતન તે
-કૃપાથી થઈ જઈને શાં ધડાધડ પંથ ચાલ્યા છે !

હરિઃૐ

# કદીક અટકી જતાં તોયે ખમીર ખુમારી દિલમાં છે

કદીક કેવો મનાદિને શું પસ્તાવો થયેલો છે !
ગયાં છે બહેર મારી તે કશું એને ન સૂઝ્યું છે.

શી અકળામણ મનાદિને કદીક પથમાં થયેલી છે !
કદીક ગૂંગળાઈ ગયેલાં છે, કશી બુદ્ધિ ન ચાલી છે.

છતાં પણ તે સમય કેવાં ન ગભરાઈ ગયેલાં તે,
ગમે તેમ કરી કરીને ટકી ઊભાં રહેલાં છે.

સતત સંગ્રામની લત શી મનાદિને પડેલી છે !
કદીક અટકી જતાં તોયે ખમીર ખુમારી દિલમાં છે.

હરિ:ૐ

## તસુ તસુએ લડત દેવી મનાદિને પડેલી છે

જીવનમાં જામવું પાકું ન એકદમ તે સરળ કંઈ છે,
પરંતુ દિલ તમન્નાએ જરૂર ટેકાવી રાખ્યો છે.

કદીક ખસી જવાયું છે, નજરથી લક્ષ્ય છૂટ્યું છે,
ઉધામા, ધમપછાડા શા થયા ત્યારેય મુજથી છે.

નયનદિલ વ્યગ્રતાથી શો શું અંધાપો વળેલો છે !
કશું ત્યારે ન દેખાતાં શી ગૂંગળામણ થયેલી છે !

મનાદિને કૃપાથી શાં શું સંકોર્યાં કરેલાં છે !
તસુ તસુએ લડત દેવી મનાદિને પડેલી છે.

કૃપાથી સહાયથી તેવા હું સંગ્રામે મચેલો જે,
કદીક લડતાં પીછેહઠ પણ પથે મારી થયેલી છે.

હરિઃૐ

## સ્મરણ કીર્તન ભજનભાવે પદે તેથી લગાડ્યાં છે

બધાં વંઠેલ કેવાં છે મનાદિ તે જીવન વિશે,
કહીંનાં કહીં જ રખડે છે, ઠરેલાં તે ન રહેતાં છે.

ભટકતાં ખૂબ રહેવાની પડી ટેવ મનાદિને,
ખીલે તેથી ચરણકેરા **हरि** મદદે જ બાંધ્યાં છે.

છતાં તોયે કદીક કેવાં છટકી છટકી જ ભાગે છે !
સ્મરણકીર્તન ભજનભાવે પદે તેથી લગાડ્યાં છે.

સતત બસ એકનું એક જ જીવનકર્મ બનાવીને
-પૂરું સોંપી દઈ, હાવાં ભજનમાં ચિત્ત પ્રોયું છે.

હરિ:ૐ

## મનાદિ કૂદકેભૂસકે પછી હરિમાં વળેલાં છે

જીવનની વિકૃતિ ભારે ભયંકર શી થયેલી છે !
નજરથી તે નિહાળાતાં પડેલો ધ્રાસકો દિલ છે.

જીવન એવા વિશે જીવવા થકી ઊઠી ગયું દિલ છે,
બહિર્મુખતા **हरि** પ્રત્યે કૃપાથી શી વળેલી છે !

શું નૈસર્ગિક વલણ થાતાં મનાદિનું ચરણ વિશે,
પછીથી તો મનાદિ શાં ચરણ વળગી રહેલાં છે !

થતાં રસ તે વિશે મનને અને જ્યાં છંદ લાગ્યો છે,
મનાદિ કૂદકેભૂસકે પછી **हरि**માં વળેલાં છે.

હરિઃૐ

# થવા સાકાર સંપૂર્ણ મનાદિ જોડી દીધાં છે

જીવનને જીવવા કરતાં જીવનના ધ્યેય આદર્શો
-થવા સાકાર સંપૂર્ણ મનાદિ જોડી દીધાં છે.

કદીક છટકી જતાં શાં તે ! અવળચંડાં થયેલાં છે,
ભજનકીર્તન સ્તવન વિશે સમય તે જોડી દીધાં છે.

કદી પણ મેં ન ટોકયાં છે, જતાં જેમ હોય જે રીતે
-જવા દીધાં, છતાં ત્યારે **હરિ**માં દિલ પરોવ્યું છે.

**હરિ**નો ભાવ જીવનમાં નિરંતરનો થતા રહેતા,
પ્રકૃતિના વલણમાંથી છૂટાં મેળે થયેલાં શાં !

હરિ:ૐ

## हरिने રાહબર નિજનો મનાદિએ સ્વીકાર્યો છે

બહુ કુટાયો, અથડાયો અને દેવાળું કાઢ્યું છે,
હવે તો ભાવ મારો ના જગતમાં કોઈ પૂછે છે.

**हरि** શો એકલો પોતે ઉદાર એકમાત્ર જ તે,
પતિતમાંયે પતિતને શો ચરણ ઢળતાં, સ્વીકારે છે.

સ્વીકારીને શરણજનના હૃદયના ભાવને પ્રીછી,
જીવનઘડતર થવા એને કરાવે છે મથામણ શી !

**हरि**ને રાહબર નિજનો મનાદિએ સ્વીકાર્યો છે,
સ્વીકારાતાં **हरि**માં શાં મનાદિ તો વળેલાં છે !

હરિ:ૐ

## હવે વાગોળીને તેથી શું કરમાં આવવાનું છે ?

હતા જીવ્યા અમે કેવું નર્યા સંસારી જીવનને !
હવે સંભારવાનું ના અમારે કોઈ રીતે તે.

ભલે ભૂલો અને ઠોકર જીવનમાં ખૂબ ખાધાં હો,
હવે વાગોળીને તેથી શું કરમાં આવવાનું છે ?

વિચારીને, વિચારીને પવિત્ર પદકમળને તે,
**હરિ**ના ચિંતવને માત્ર જીવન આ ગુજારવાનું છે.

મનાદિ પદ જહીં ઠરતાં **હરિ**માં દિલ પરોવાતાં,
હૃદય આનંદના અવધિતણો કેવો ઉછાળો છે !

હરિ:ૐ

# શરીરની સૌ હકીકતની મનાદિને ખબર રહે છે

દર્દની વેદનાકારક શી રામાયણ જીવનમાં છે !
સતત તે વેદના વચ્ચે જીવન **આ** ગાળવાનું છે.

થવાને શુદ્ધ સંપૂર્ણ બધો આધાર જીવનમાં,
કૃપાની તે લીલા સઘળી જીરવવી કેવી દુર્લભ તે !

છતાં તેવી સ્થિતિ વિશે **હરિ**ના ભાવમાં જીવીને
-ભલે કાશીનું કરવત તે મુકાતું હું વધાવું તે.

મનાદિ સંકળાયેલાં શરીર આધારની સાથે,
શરીરની સૌ હકીકતની મનાદિને ખબર રહે છે.

મનાદિ ઊર્ધ્વ ચેતનની ભૂમિકા સૂક્ષ્મની સાથે
-શું પાછાં સંકળાયેલાં ! ઉભયની શી ખબર એને !

મનાદિનો નિરંતરનો જહીં ભાવ જીવંતો છે,
સમત્વ જીવતું ધારી બધું જે તે પિછાણે તે.

હરિઃૐ

## હરિ વિના બીજે ક્યાંયે પછી ના તે ભટકતાં છે

કળા અદ્‌ભુતથી કેવું જીવન આખું ભરેલું છે !
છતાં એને અનુભવવા ન ફુરસદ કંઈ મનાદિને.

મનાદિને વળાવાને **હરિ**નાં પદકમળ વિશે
સ્મરણકીર્તન ભજનમાં શાં **હરિ**પદમાં પરોવ્યાં છે !

જીવનને ભાવ સંપૂર્ણ થવા, મહેનત થયેલી છે,
બઢંતાં ભાવ, પદ વિશે પલળતાં તે ગયેલાં છે.

પછીથી તો મનાદિને મહોબત ભાવ જાગ્યાં છે,
**હરિ** વિના બીજે ક્યાંયે પછી ના તે ભટકતાં છે.

હરિઃૐ

## હૃદય લગની લગાડીને હરિપદ લય પમાડ્યો છે

જીવનમાં નેમ વિનાનું ઘૂમ્યાં ખાલી કરેલું છે,
નરી શી ચાલ સ્વચ્છંદી મનાદિની થયેલી છે !

ચરી ખાધું ગમે તેવું ન પાછાં તેથી વળિયાં છે,
હરાયા આખલા જેવાં મનાદિ થઈ ગયેલાં છે.


**હરિ**ના ઑલિયાએ કોઈ મને બુડથલને પકડીને,
બરાબર સાણસે લઈને ખીલે શો તાણી બાંધ્યો છે !

જમાવી દિલ આકર્ષણ ચરણની પાસ ખેંચીને,
હૃદય લગની લગાડીને **હરિ**પદ લય પમાડ્યો છે.

હરિ:ૐ

# ખંડ - ૮

# હરિભાવનો ઉદ્‌ગમ



હરિ શો માત્ર ભાવાતીત ! ગુણાતીત હરિ શો છે !
હરિ સાકાર સંપૂર્ણ, નિરાકાર વળી હરિ છે.

હરિઃૐ

## નિરંતર ભાવનું જીવન ખરું પ્રભુમય જીવન તે છે

પ્રગટતાં ભાવ સંપૂર્ણ હૃદય ઊગતું જ નૈસર્ગિક,
તહીં નિષ્ઠા, વફાદારી ગુણો તેવા શું સાહજિક !

હૃદય ખીલેલ છે જ્યારે પડે કરવો ન પુરુષાર્થ,
બધું જે તે થતું રહે છે યથાર્થ જે પ્રભુ અર્થ.

પ્રકૃતિ ક્ષેત્રાથી ઊર્ધ્વ ભૂમિકાનું મનન ચિંતવન
-થતું જ્યાં એકધારું છે, ઊગે ત્યાં ભાવ નિર્દ્વંદ્વ.

નિરંતર ભાવનું જીવન ખરું પ્રભુમય જીવન તે છે,
જીવન જીવવાની તે લહેજત અજોડ ને અનોખી છે.

હરિ:ૐ

## જીવનમાં ભાવ સ્ફુરંતાં નવી કૂંપળ શી ફૂટે છે !

પ્રગટતાં વસંત કૂંપળ શી કુમળી, કુમળી નૂતન પ્રગટે !
જીવનમાં ભાવ સ્ફુરંતાં નવી કૂંપળ શી ફૂટે છે !

ખરેખર **જીવદશા**માં તો શા દ્વંદ્વગુણ રહેલા છે !
પરંતુ ભાવમાં તેનું ન કંઈ નામનિશાન જ છે.

જીવનમાં સાધનાભ્યાસ નિરંતરનો થતાં રહેતાં,
જીવનમાં ભાવની દુનિયા પ્રગટતી શી નવા રસમાં !

જીવનની તે દશાની તો સ્વતંત્ર વાત ન્યારી છે,
અનુભવતાં, અનુભવતાં, અનુભવ પાર પહોંચે છે.

હરિઃૐ

## **હરિ**ના ભાવમાં જીવન મથ્યો પ્રગટાવવાને તે

'નકામું' મેં જીવનમાં તો કશું કદીયે ન માન્યું છે,
બધુંયે વાત્સવિકતામાં હૃદયથી મેં સ્વીકાર્યું છે.

જીવનને જેમ જેવું તે હતું, તેવું સ્વીકારીને
-**હરિ**ના ભાવમાં જીવન મથ્યો પ્રગટાવવાને તે.

મનન ચિંતવન **હરિ**નું તો હૃદય એકાગ્ર કેંદ્રિત જે
-થવાને ભાવ સંપૂર્ણ કડીતોડ મથાયું છે.

સકળ પ્રવૃત્તિ જીવનની સતત બસ ધ્યેય પ્રત્યે છે,
લગાતાર વણાવાયું જીવનને ધ્યેય સંગાથે.

હરિઃૐ

# હરિનો ભાવ સાકાર વિના કર્મ થશે ના તે

કરીને કાકલૂદી દિલ શું કાલાવાલા કરી કરીને !
રીઝવવો માત્ર તે રીતે **હરિ**ને શક્ય કંઈ ના છે.

**હરિ**ને પ્રાપ્ત કરવા તો હૃદયભાવ જરૂરી જે,
હૃદયનો ભાવ તો કર્મે પરોવવો જ જોઈશે.

થતાં સૌ કર્મમાં ભાવ નીગળતો જ્યાં ખરેખર છે,
**હરિ**ની ભાવના ત્યારે શી અવતરવા જ લાગે છે !

**હરિ** તો દિલ વિના ભાવ મળી શકવાનો ના કંઈ તે.
**હરિ**નો ભાવ સાકાર વિના કર્મ થશે ના તે.

હરિ:ૐ

## **હરિ**ના ભાવ વિનાનું જીવન ઘડવા ન યોગ્ય જ છે

અભય ગુણ કેળવાતાંમાં જીવનમાં દિલ સ્મરી સ્મરીને,
સ્તવી સ્તવીને ઊંડો ઊંડો અમે **હરિ**ને ભજેલો છે.

જીવનવિકાસનું કોઈ કરંતાં કર્મ, તે વિશે
-**હરિ**સ્મૃતિ ન જો દિલ છે, બધું તે કર્મ ફોગટ છે.

**હરિ**ના ભાવ વિનાનું જીવન ઘડવા ન યોગ્ય જ છે,
જીવનધ્યેય '**હરિ** પોતે' નિરંતર લક્ષ ધાર્યું છે.

જીવનમાં સર્વ કંઈ બનતું સતત તે તે વિશે હૃદયે
-બિરાજેલો **હરિ** જો છે, જરૂર યોગ્ય થતું તે તે.

હરિઃૐ

## હરિની ભક્તિથી જીવન શું રંગાવા જિવાયું છે !

**હરિ**ની ભાવના વિશે જીવન નિઃશેષ લય કરવા,
અહંતાને પૂરેપૂરી ચરણ ઓગાળી દેવી છે.

પૂરી ઓગાળી દેવાને જીવનની કામનાઓને
-**હરિ**ની ભક્તિમાં કેવી મથ્યો ઓગાળવાને જે !

અનાસક્તિ બધી રીતની જીવનમાં કેળવાવાને,
**હરિ** ભક્તિતણો રંગ અમે દિલમાં લગાડ્યો છે.

શી નિર્મળતા પૂરેપૂરી પચાવાને જીવન વિશે,
**હરિ**ની ભક્તિથી જીવન શું રંગાવા જિવાયું છે !

**હરિ**ની ભક્તિથી જીવતી સહજતા કેવી સ્ફુરી છે !
શું સાંગોપાંગ જીવનને ગ્રહાયું છે કૃપાથી તે !

હરિઃૐ

## હરિમાં ભળી જવા પૂર્ણ જીવન રંગેલું ભક્તિથી

જીવનને જીવતાં, જીવતાં કદીક ઓચિંતું દિલમાં તે
-અજાણી કંઈક અકલ્પ્ય સમજ અકથ્ય સ્ફુરી છે.

પરંતુ તર્ક વિતર્ક દલીલનાં ચોકઠાં વિશે,
થતી ના બંધબેસતી તે નરી મુશ્કેલી તેની છે.

પરંતુ જેમ દિલ ઊંડો **હરિ**નો ભાવ ખીલ્યો છે,
પછી ઊર્ધ્વ પરત્વેની સમજ દિલ ઊતરેલી છે.

સતત તેથી **હરિ**પદને વળગી એકાગ્ર ભાવેથી,
-**હરિ**માં ભળી જવા પૂર્ણ જીવન રંગેલું ભક્તિથી.

હરિઃૐ

# જીવનની કારકિર્દી ગૂઢ ખરેખર અટપટી શી તે

જીવનની કારકિર્દી ગૂઢ ખરેખર અટપટી શી તે !
કળ્યામાં, બુદ્ધિમાં ના'વે, શો એનો વેશ એવો છે !

સ્વભાવ ને હકીકત તે વળી વર્તન થતાં સૌ જે,
જીવનની કારકિર્દીના અકળ ને અજબ પ્રકારે તે.

છતાં મારી સમજ થોડી થકી, તે કારકિર્દી વિશે
-**हरि**ના ભાવનું તેમાં કર્યાં લેપન કરેલું છે.

સતત લેપનતણા એવા જીવંતા નિત્ય અભ્યાસે
-**हरि**ને દિલ પોકારી પ્રવેશાવ્યો ખરેખર છે.

હરિ:ૐ

## જુદી જુદી રીતનાં કૌતુક જીવનમાં મેં દીઠેલાં છે

જુદી જુદી રીતનાં કૌતુક જીવનમાં મેં દીઠેલાં છે;
કંઈક મન તેથી તો કેવું કદીક આશ્ચર્ય પામ્યું છે !

અરે ! તે વેળ મેં મનને શું સમજાવી પૂછેલું છે,
'તને દિલ આટલી બધી તે નવીનતા શેની લાગી છે ?'

**હરિ**ના ભાવમાં ત્યારે પરોવાઈ જવું છોડી,
નકામા અર્થ વિનાના શું ચોંટ્યું દિલ કૌતુકથી !

**હરિ**ના ભાવનો રંગ જીવનમાં બેસવા લાગ્યો,
પછીથી તો જીવનપલટો થયેલો તે વહેતો શો !

હરિ:ૐ

## हरिभाव જીવનમાં તે સક્રિય કર્મ કરતો રહે

શી રોજબરોજની કેવી જીવનની પ્રક્રિયા વિશે !
ચહી ચહી દિલ **हरि**ને શો વણી લેવા મથાયું છે !

**हरि**ની ભાવના દિલમાં સ્તવન કીર્તન ભજનભાવે
-જીવંતી ચેતનાત્મક શી ટકવવાને જિવાયું છે !

'**हरि**ભાવ જીવનમાં તે સક્રિય કર્મ કરતો રહે',
જીવનની તે કમાણીના સપૂત શા ભાગ્યશાળી તે !

**हरि**ની દિલ વિશે ભાવે જીવતી સોબત ધરાવીને
-**हरि**ની સાથ ભાઈબંધી કૃપાથી શી જીવંતી છે !

હરિ:ૐ

## ખરે ટાણે ખરો ખપમાં હરિ શો માત્ર આવે છે

જીવનમાં અલેલટપ્પુની રીતે વર્તન થયેલું છે,
પરંતુ કમનસીબી કે, ન તેનું ભાન જાગ્યું છે.

વ્યવસ્થા ને વ્યવસ્થિતિના, ગુણો જે કંઈ જીવનમાં છે,
મને તેણે ભૂલોનું તે, થતું દર્શન કરાવ્યું છે.

ભયંકર વ્યગ્રતા શી તે ! અવ્યવસ્થા ઉપજાવી છે,
બધો ખીચડો જીવનકેરો શું અધકચરો બનેલો છે !

ઊંડું શું તીવ્રતમ શૂળ, અસ્ખલિત દિલ પ્રગટીને !
ન ઠેકાણું કશું દિલનું જરા સરખું રહેલું છે.

છતાં દિલથી ભજન **હરિ**નું થતું **હરિ**ની કૃપા શી તે !
ખરે ટાણે ખરો ખપમાં **હરિ** શો માત્ર આવે છે !

હરિ:ૐ

## ભયંકર ઉગ્ર સંગ્રામ શી શક્તિ ખેલવા મળી છે !

જીવન કંડારવા કેડી અભરખો દિલ જાગ્યો છે,
હૃદયના તે અભરખાને ન ખાલી ખાલી સેવ્યો છે.

થવા સાકાર સંપૂર્ણ અભરખાને જીવન વિશે,
કરી શો કલ્પનાતીત શ્રમ અમે દરિયો ઉલેચ્યો છે !

શી કપરામાંય કપરી તે પરિસ્થિતિ પ્રવર્તી છે !
હું હાવરોબાવરો ત્યારે થઈ કેવો ગયેલો જે !

જીવનમાં આકરી ત્યારે થયેલી તાવણી મુજ તે,
**हरि**ની ભક્તિના ભાવે ટકાવા બળ મળેલું છે.

**हरि** સોબતતણી હૂંફે ટટારી, બળ, મળેલાં છે,
ભયંકર ઉગ્ર સંગ્રામ શી શક્તિ ખેલવા મળી છે !

હરિઃૐ

## છતાં મેં પણ જવાંમર્દી થકી સંગ્રામ ખેલ્યો છે

**હરિ**નાં ચરણની પ્રાપ્તિ થવા નિશ્ચય થયેલાથી,
જીવનમાં દૃઢ અને મક્કમ ભરાયાં પંથ ડગ તેથી.

કદીક પથ કારમી કેવી મુસીબત મુખ ફાડીને !
મને ગભરાવી દેવાને શી સન્મુખ ખડી થયેલી છે !

પરંતુ ત્યાં **હરિ**એ શો મને દઈ બળ ટકાવ્યો છે !
થતી સઘળી જહેમત તો કરી મેં દિલ બતાવી છે.

'ઉપર આકાશ ને નીચે હતી ધરતી' મને ત્યારે,
છતાં મેં પણ જવાંમર્દી થકી સંગ્રામ ખેલ્યો છે.

હરિ:ૐ

## અજાણ્યે, જાણ્યે આંધળિયાં જીવનમાં શાં થયેલાં છે !

અજાણ્યે, જાણ્યે આંધળિયાં જીવનમાં શાં થયેલાં છે !
હવે તેનું પરિણામ શું દમ ભોગવતાં નીકળે છે !

છતાં ભોગવતી વેળાએ સ્મરણ અભ્યાસ ચાલુ છે,
થવા સાકાર **હરિ**ભાવ શું વર્તાયું કૃપાથી તે !

કદીક સદ્‌ભાવથી ઊલટું શું વર્તન થતાં, થતાંમાંયે
-હૃદય ચેતાઈ જવાયું છે, કૃપા કેટલી જ મોટી તે !

**હરિ**ભાવ પરોવાતો થતાં કર્મે રહે જ્યારે,
અખંડિત પ્રક્રિયા જીવન થતાં, તે ધ્યેય સાકારે.

હરિ:ૐ

## હરિએ ભોમિયો અંતરતણો શો મોકલેલો છે !

જીવનપથ ચાલતાં કેવું કદીક થોભી જવાયું છે !
'કઈ ગમથી જવું આગળ', ન તેની સૂઝ પડેલી છે.

પડેલી પંથ મુશ્કેલી હૃદય ઉકેલવાની જે
શી ઉત્કટમાંહી ઉત્કટ તે સ્ફુરેલી ઝંખના ત્યારે !

અગન ભડકે શી ધગધગતી બળતી તે ઝંખનાએ શો
-ઊંચોનીચો કરાવીને ! કરી ઉકેલ દીધો છે.

કંઈક વાર પથે રાહ બહુ જોવી પડેલી છે,
**હરિ**એ ભોમિયો અંતરતણો શો મોકલેલો છે !

હરિ:ૐ

## હૃદય ભક્તિતણાં પુષ્પો સમર્પાતાં હરિપદમાં

જીવનની જવાબદારીને બધી રીતથી પ્રીછી લઈને,
જીવનમાં સૌ થતાં કર્મે હૃદય ભાવ પરોવ્યો છે.

જીવનમાં સૌ થતાં કર્મો સમર્પણ ભાવ અંજલિનાં,
હૃદય ભક્તિતણાં પુષ્પો સમર્પાતાં **હરિ**પદમાં.

**હરિ**ની ભાવના જીવન વિશે જેમ ઊંડી જાગી છે,
ફળાતું નીરખી જીવન, હૃદય આહ્‌લાદ સ્ફુર્યો છે.

છતાં ઝોલાં ચઢતીપડતીતણાં વિશે જીવન ખાતું
-નિહાળીને, હૃદય સાવધ હું સંપૂર્ણ રહેલો શો !

હરિ:ૐ

# શું સંઘર્ષણ કદીક જાગ્યું ! કદીક ઘમસાણ જાગ્યું છે

પરિસ્થિતિ જુદી જુદી જીવનમાં આવી આવીને,
પડેલું વર્તવું ત્યારે જીવનની સાધના રીતે.

શું સંઘર્ષણ કદીક જાગ્યું ! કદીક ઘમસાણ જાગ્યું છે,
શી બથ્થંબથ્થા જીવનમાં કદીક તો ઉગ્ર પ્રગટી છે !

વળી તોફાન, વંટોળ મનાદિમાં કદીક શાં તે
-ભયંકર ભરતીનાં મોજાં રીતે જીવનમાં ઊછળ્યાં છે !

'**હરિ**ની ભાવના વિશે જીવન જીવવું ચહી ચહીને',
ખરેખર માત્ર સાધન તે બધાંમાંથી જ બચવાને.

હરિ:ૐ

## हरि શો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સમર્થોમાં સમર્થ જ છે !

'**हरि**ની ભાવના જીવન વિશે જે જે થતાં કર્મે,
હૃદયના ભાવથી ધરવા', જીવનમાં યજ્ઞ માંડ્યો તે.

જીવનમાં ગુણમાં સઘળા **हरि**ની ભાવના હૃદયે
-દઢાવીને, દઢાવીને **हरि** જીવતો કરેલો છે.

**हरि**ની સભાનતા માત્ર બધે જેમાં અને તેમાં
-કૃપાથી દિલ વર્તાયું જીવનમાં તે હૃદય ધરવા.

અભય આદિ ગુણોને શો મથેલો જ્યાં હું કેળવવા,
**हरि**ની ભાવના મુખ્ય ધરેલી રાખી'તી દિલમાં.

ન ક્યાંયે એક પણ ડગલું **हरि** વિના ભરેલું છે,
**हरि** શો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સમર્થોમાં સમર્થ જ છે !

હરિઃૐ

## હરિની સભાનતા જેમાં નથી, તે તે ન ખપનું છે

જીવનની સાધના અર્થે **હરિ**ને સાથમાં લઈને,
જીવનની સર્વ પ્રક્રિયા વિશે **હરિ**ને ધરેલો છે.

ગમે તે છો ભલે કરતા હઈએ, તે વિશે **હરિ**ને
-હૃદયમાં જીવતો ધરવા હૃદય ભાન ધરાયું છે.

**હરિ**ની સભાનતા જેમાં નથી, તે તે ન ખપનું છે,
ભલેને તે હશે અમૃત છતાં ઉપયોગ ના અમને.

**હરિ**ને દિલ ધારીને, હૃદય એકીટશે **હરિ**ને
-અમારે જીવતો ધરવાતણો ટેક જીવનમાં છે.

હરિ:ॐ

# હરિના ભાવનો કેવો પ્રતાપ ને પ્રતિભા છે !

**હરિ**ના સ્મરણનો ભાવ નિરંતર જ્યાં થતો રહે છે,
બધા આધારમાં ત્યારે થતો ફેરફાર શો રહે છે !

ભજનકીર્તન, સ્મરણસાધન, નિવેદન ને સમર્પણ સૌ
-હૃદયનું પ્રાર્થના સાધન, નિદિધ્યાસન થયેલાં છે.

થયેલા સાધનાભ્યાસે હૃદયમાં ભાવ સ્ફુર્યો છે,
જીવન તે ભાવને લીધે ઊંચે ઊંચે ઊડેલું છે.

**હરિ**ના ભાવનો કેવો પ્રતાપ ને પ્રતિભા છે !
પ્રતિષ્ઠિત શો **હરિ** હૃદયે થયેલો ભાવથી **તે** છે !

થતા અભ્યાસ નિરંતર જીવનનાં સ્તર જુદાં શાં છે !
વળી રણકો જીવન તેવાતણો કેવો અનુપમ છે !

હરિ:ॐ

## સ્તવી સ્તવીને, ભજી ભજીને, હરિ જીવતો કરેલો છે

હું કોઈક વાર જીવનમાં શું કંટાળી ગયો'તો જે !
જીવનમાં સુખ આરામ મળે એવું નહોતું કૈં.

બધું ખાવા જ ધાતું'તું બધું શું ખાલીખમ જેવું,
મને દિલસોજી દેનારું હતું સંસારમાં કો ના,

ન ફેરવનારું મુજ માથે હતું કોઈ હાથ જીવનમાં,
પરંતુ લાગણી એવી હતી મુજ દિલ વિશે કંઈ જે.

પડેલો માત્ર પડઘો શો ખરેખર લાગણીનો જે !
થયેલો દુઃખી શો ખોટો ! નકામો અર્થ વિનાનો.

**હરિ**ને વહાલ કરવાનું હૃદય તેથી ઊગેલું શું !
-સ્તવી સ્તવીને, ભજી ભજીને, **હરિ** જીવતો કરેલો છે.

હરિઃૐ

## જીવનમાં હુમલા કેવા શું વારંવાર આવ્યા છે !

જીવનમાં **જીવદશા**કેરા બધા ખ્યાલ પૂરા શા તે !
મથાવીને મથાવીને થવા મુક્ત ચગાવ્યો છે.

જીવનમાં હુમલા કેવા શું વારંવાર આવ્યા છે !
ભયંકરતા મહાઉગ્ર હૃદય વર્તાઈ તેની છે.

હૃદયથી સામનો ત્યારે પૂરેપૂરા હૃદય જોમે
-હૃદયના પૂર્ણ જુસ્સાથી કર્યાં કરવાનું રાખ્યું છે.

કદીક તે હુમલાથી શો લડંતાં ને લડંતાંમાં,
શી ટક્કર ખાધી છે ને શો થયો બેભાન જીવનમાં !

છતાં બેભાન ભૂમિકા વિશે પણ મેં હૃદય **हरि**ને
-ઊંડા આર્ત અને આર્દ્ર હૃદય ભાવે પુકાર્યો છે.

હરિ:ૐ

## હરિના પંથના પહાડો અમારે દિલ પ્યારા છે

જીવનનું ધ્યેય સંપૂર્ણ જીવનમાં કોઈ પણ રીતે,
કરી દેવા જ સાકાર, શું **પ્રાણ** પાથરેલા છે !

હૃદયનો સર્વ પુરુષાર્થ સતત એકાગ્રતાથી જે,
જીવનનું ધ્યેય હલ કરવા પથે ઝુકાવી દીધું છે,

હૃદયના સર્વ જુસ્સામાં બધો ઉત્સાહ, ઉદ્યમ જે,
થતા પુરુષાર્થમાં કેવો દીધેલો સંકળાવી છે !

ઝઝૂમીને, ઝઝૂમીને, ઝુકાવીને, ઝુકાવીને,
પૂરું દિલ ઝંપલાવીને થયેલા મરજીવા શા જે !

**હરિ**ના પંથના પહાડો અમારે દિલ પ્યારા છે.
**હરિ** પર કેટલો ભાવ શી તેની ખાતરી થઈ છે !

હરિ:ૐ

## અખંડિત ધૈર્ય ધારીને લડતને ચાલુ રાખી છે

જીવનમાં રાજ્ય **હરિ**નું, દિલ શું પ્રસ્થાપિત થવાને તે,
પ્રયત્નો આવડ્યા તેવા કરેલાં કર્મ કેવાં છે !

અખંડિત ધૈર્ય ધારીને લડતને ચાલુ રાખી છે,
લડત લડતાં લડત લડતાં, કદી ના થાક ખાધો છે.

લડતની મધ્યકેંદ્રિત શી હરોળે ત્યાં પ્રવેશીને !
લડતની વ્યૂહરચનાને મથાયું તોડવાને તે.

કૃપાની કેવી બલિહારી ! અણી ટાણે મદદ દઈને
-ઉગારી લઈ અણીશુદ્ધ લીધો મુજને બચાવી છે.

હરિ:ૐ

# જીવનમાં દિલ પ્રગટતાં શો જીવનનો પ્રેમ જામે છે

**हरि**ને અર્થ જીવવાની હૃદયની નેક દાનતને,
પૂરી તે જાણી જોઈને હૃદય શી પરખી લીધી છે !

હૃદય દાનત જીવનમાં દિલ શું પ્રગટાવાઈ ખરેખર તે !
જીવનમાં દિલ પ્રગટતાં શો જીવનનો પ્રેમ જામે છે !

જીવન જાગેલ દિલ કેવું, સતત એક જ વિષય વિશે !
સદા મશગૂલ રખાવીને હૃદય બસ ચિંતવે **एने** !

જીવન જેને શી સંપૂર્ણ હૃદયની નેક દાનત છે !
પ્રગટી ચૂકેલ છે જ્યારે, જીવનનો રંગ ન્યારો છે.

હરિઃૐ

## લગન લાગેલી દિલની જે ઉડાડી પાર શો દેશે !

'જીવનને કોઈ પણ રીતે ફના સંપૂર્ણ કરી દઈને
જીવનઆદર્શને પૂર્ણ જીવન સાકાર કરવો છે.'

પથે મુશ્કેલીના પહાડો ભલે આડા ઊભા છોને,
લગન લાગેલી દિલની જે ઉડાડી પાર શો દેશે !

સમસ્યા, વિઘ્ન, પ્રશ્નો ને તમન્ના દિલની જે છે
-બધાં તે તે ઉકેલાવી, પૂગવશે ધ્યેયની પાસે.

**हरि** પરત્વે દિલ ભાવ બઢંતાં પૂર્ણ સ્વરૂપે જે,
**हरि**પદની હૃદય ભક્તિ ઊછળતી ગંગધારાએ

હરિ:ૐ

## જીવનમાં ભાવનો કેવો શું સૂક્ષ્મ ગૂઢ કીમિયો છે !

જીવનમાં ભાવનો કેવો શું સૂક્ષ્મ ગૂઢ કીમિયો છે !
જીવન જે પ્રકૃતિકેરું શું કીમિયાથી રસાતું તે !

સ્મરણના નિત્ય અભ્યાસે ભજન કીર્તનતણા ભાવે,
હૃદયનું પ્રાર્થના સાધન, નિવેદન ને સમર્પણ તે,

નિદિધ્યાસન, બીજાં એવાં ગહન, ગૂઢ, સૂક્ષ્મ સાધનના
-સતત જીવંત અભ્યાસે મનાદિ ઠામ પડિયાં શાં !

મનાદિ જે **હરિ**રસમાં શું સંપૂર્ણ ભીંજાતાં છે !
જીવનમાં ખેલવા ભારે શું સંગ્રામ પડેલા છે !

હરિઃૐ

## હરિમાં જીવવા ત્યારે હૃદય ઉત્સાહ વ્યાપ્યો છે

કરીને ગણતરી પાકી **हरि**નો પંથ લીધો છે,
ચસકવાનું હવે ક્યાંયે ન એનાથી થવાનું છે.

છતાં વચ્ચે અસુરોએ મને પડકાર દીધો છે,
લૂંટી લઈને મને કેવો શું અધમૂઓ કીધેલો છે !

છતાં ત્યારેય નમતું મેં જરા સરખું ન આપ્યું છે,
લડત શી તેમની સાથે લડંતાં હામ ધારી છે.

અનેકે વાર જીવનમાં ઊથલપાથલ થયેલી છે,
**हरि**માં જીવવા ત્યારે હૃદય ઉત્સાહ વ્યાપ્યો છે.

હરિઃૐ

# हरिने માત્ર સ્મરવાથી કંઈક ઠેકાણું પડિયું છે

કઢંગા **આ** જીવનને મેં **हरि**નાં પદકમળ વિશે
-ધરાવીને, સમર્પીને થવા યોગ્ય વિચાર્યું છે.

જીવનનું ધ્યેય કર્તવ્ય સરળ સીધી લીટીનું ના,
ચઢાણો કેટલાં કપરાં ! ભયંકર ખીણ વચ્ચે ત્યાં.

પથે ચઢવું, ઊતરવાનું અનેકે વાર આવ્યું છે,
-**हरि**ને માત્ર સ્મરવાથી કંઈક ઠેકાણું પડિયું છે.

જીવનમાં એકલો માત્ર **हरि** સર્વસ્વ અમને છે,
જીવનનો એક ઘડવૈયો **हरि** શો માત્ર યોગ્ય જ છે !

હરિઃૐ

# હરિની સભાનતા સાથે બધું જે તે કરેલું છે

**હરિ**ની સભાનતાકેરું હૃદય ભાન દઢાવીને,
જીવંતી રાખવા એને કૃપાથી તો મથાયું છે.

**હરિ**ની સભાનતા જેમાં અને તેમાં જીવન વિશે
-સતત જીવનમાં કેળવવા પરે શો ઝોક દીધો છે !

જીવનમાં ગુણ શક્તિને જતાં કેળવવા દિલ વિશે,
**હરિ**ની સભાનતા સાથે બધું જે તે કરેલું છે.

**હરિ**ની સભાનતાકેરું ઊંડામાં ઊંડું જીવનમાં
-મહત્ત્વ ચેતનાત્મક તો ધરાવ્યું છે હૃદય સહુમાં.

હરિ:ૐ

## જીવન તે સમર્પવું પદમાં ન સહેલું કંઈ સરળ તે છે

જીવન તે સમર્પવું પદમાં ન સહેલું કંઈ સરળ તે છે,
ન પ્રગટ્યા વિણ સંપૂર્ણ હૃદયભાવ બને ના તે.

વદનથી બોલવું ખાલી કશું ના કામ આપે તે,
ઉપરથી દંભનું દર્શન ખરેખર ત્યાં થતું રહે છે.

**हरि**પદ જો જવાનું છે, સમર્પિત તો પછી હૃદયે
-**हरि**ને એકલાને થઈ મહત્ત્વ ધારવું હૃદયે.

**हरि**ને જીવતો હૃદયે પળેપળ રાખવાનું જે
-કરે છે ભક્તિથી પૂર્ણ, **हरि** તેને સજીવન છે.

હરિ:ૐ

## જીવનમાં હેતુને અર્થ શું જીવવું માત્ર ધાર્યું છે !

જીવનમાં જીવવા માત્ર અમારે જીવવું ના છે,
જીવનમાં હેતુને અર્થ શું જીવવું માત્ર ધાર્યું છે !

વિના તેવા જીવનનો તો કશો ના અર્થ દિલમાં છે,
જીવનહેતુ સધાવાને શું દૃઢ નિર્ધાર, મક્કમ છે !

જીવનના ગુણ સઘળાની બધી શક્તિ પુરુષાર્થે
-પરોવીને, પરોવીને, કૃપાથી કામ લીધું છે.

ઢીલા પોચા થતાં, ત્યારે **हरि**ને દિલ ધારીને,
મહત્ત્વે, મોખરે હૃદયે, સ્તવી સ્તવી સહાય લીધી છે.

હરિ:ૐ

## મળેલું આપમેળે જે સ્વીકારી વર્તવાનું છે

જીવનમાં નાઠાબારી કંઈ કદીયે ક્યાંય પણ ના છે,
મળેલું આપમેળે જે સ્વીકારી વર્તવાનું છે.

પ્રભુપ્રીત્યર્થ દિલના જે ઉમળકા હર્ષ ઉત્સાહે
-હૃદયથી વારી વારીને કરી, પદ સમર્પવાનું છે.


બધું જે તે થતી વેળા હૃદયમાં ભાવ **હરિ**નો તે,
રહે છે ચેતનાત્મક જો, થતાં તે કર્મ યજ્ઞ જ છે.

**હરિ**ને અંતરે ચહીને, જીવનમાં મોખરે ધરીને,
ગણી સર્વોપરી **હરિ**ને, જીવન વર્તે **હરિજન** તે.

હરિઃૐ

# ખંડ - ૯

# હરિરસનો આસ્વાદ



બધું સૌંદર્ય નીરખાતું હરિનો ભાવ વ્યક્ત જ તે,
બધું જે ઉત્તમોત્તમ છે, હરિનો વ્યક્ત ભાવ જ તે.

હરિઃૐ

## ખબર તેને પડે માત્ર હરિગમ જે વળેલા છે

જીવનમાં જાણતો નહોતો **હરિ**નું પૂંછડુંયે તે,
છતાંયે કોણ જાણે શી રીતે **હરિ** દિલ પ્રવેશ્યો છે !

પ્રવેશીને સતત મુજને જીવનમાં પ્રેરણા પ્રેરી,
પમાડી મોહ દીધો છે, **હરિ**ગમ દોટ મુકાવી.

હું નાલાયક પૂરેપૂરો ચરણને સ્પર્શ કરવાને,
છતાં **હરિ**એ કૃપા કરીને લીધેલો બાથમાં શો છે !

અનુગ્રહ કેટલો મોટો પતિતની પર કરેલો છે !
ખબર તેને પડે માત્ર **હરિ**ગમ જે વળેલા છે

હરિ:ૐ

## મઠારવા હરિભાવ સતત હું શો મથેલો જે !

ભયંકર વેદના કેવી ! સહી જતી ના ઉપાયે કો,
**હરિ**કીર્તન કરી કરીને મનાદિ ત્યાં ડુબાવ્યાં છે.

**હરિ**કીર્તનમાં દિલ પૂરું પરોવીને ઊંડા ભાવે,
**હરિ**કીર્તન કર્યાં કરીને, **હરિ**માં લક્ષ ધાર્યું છે.

ભયંકર અસહ્ય શી એવી શરીરમાં વેદના સ્ફુરી છે !
છતાં તેમાં મનાદિ ના પૂરેપૂરાં જ ડૂબ્યાં છે.

મનાદિમાં **હરિ**ભાવ થતાં સંપૂર્ણ એકાગ્રે,
શી આકરી વેદનાનું ત્યાં ન ઝાઝું ભાન રહેતું છે !

**હરિ**ના ભાવકીર્તનમાં લગાડેલાં મનાદિ જે
-મઠારવા **હરિ**ભાવ સતત હું શો મથેલો જે !

**ગુરુઆજ્ઞા** શરીરમાં જ્યાં અસહ્ય વેદના નીચે,
શરીરનો અંત કરી દેવા હુકમ એવો મળેલો છે.

હરિઃૐ

## અસહ્ય ભીંસ દર્દની છે, સહેવી કેવી મુશ્કેલ છે !

જીવનમાં વેદનાકેરાં બધાં જે દર્દ મળિયાં છે,
પળેપળ દર્દનું ભાન, હૃદય કેવું કરાવે છે !

કદીક તો તીવ્રતર શૂળ ભયંકરતાની સીમાને
-વટાવીને કહીંનું કહીં રૂવે રૂવે જ પહોંચે છે.

અસહ્ય ભીંસ દર્દની છે, સહેવી કેવી મુશ્કેલ છે !
**હરિ**ને યાદ કરી કરી દિલ, **હરિ**માં મનાદિ ધાર્યાં છે.

સ્તવી સ્તવીને હૃદયભાવે, હૃદય પધરાવીને **હરિ**ને,
**હરિ**ની સભાનતા વિશે મનાદિને ભીંજાવ્યાં છે.

ભુલાવાને શરીરદર્દ **હરિ**આશ્રય હૃદય લઈને,
મનાદિને હૃદયભાવે, ચરણ બેસાડી દીધાં છે.

હરિ:ૐ

## શરીરનાં દર્દની ભારે ભયંકર વેદના શી તે !

સહનશક્તિની મર્યાદા શરીરની જે જીવનમાં છે,
વટાવી હદ, સીમાડાને શું ઓળંગી ગયેલી છે !

શરીરનાં તે બધાં સ્થળમાં શું રણકાર ભયંકર છે !
શરીરનાં દર્દની ભારે ભયંકર વેદના શી તે !

પીડાકારી શરીરનાં તે બધાં શાં દર્દ ભારે છે !
**हरि**માં દિલ હોવાથી સહન **हरि** સૌ કરાવે છે.

શરીરમાં વેદનાકેરી સતત વર્ષા થતી રહે છે,
છતાં આનંદનાં મોજાં શી ભરતીનાં ઊછળતાં છે !

હરિઃૐ

## હરિએ વહાલ કરીને શો ! કરી દીધો જીવન જીવતો !

કદી તુજ સામું જોવાનું અમારું દિલ થયું ના છે,
નરકકીડા પ્રમાણે શો અમે સંસાર મહાલ્યો છે !

નર્યા સંસારના રગડા થકી ખરડાયેલા શા જે !
છતાં દુર્ગંધ તેનીયે જરા સરખી ન આવી છે.

ભલે કીડા નરકના છો હતા, તોયે **હરિ**એ તો
-ન તરછોડ્યો કદી પણ છે, ન અણગમોય દર્શાવ્યો.

કૃપા કરીને **હરિ**એ શો શરીરનો રોગ પ્રગટાવી !
**હરિ**એ વહાલ કરીને શો ! કરી દીધો જીવન જીવતો.

હરિ:ૐ

## હૃદય હોવાથી તુજ ભક્તિ શી તૃણવત્ તે જણાઈ છે !

જહીં મુજ બેવકૂફીથી ઊંધું જ્યારે વળેલું છે,
ખબર પડતાં કંઈક તેની થયેલો બહાવરો શો જે !

પરંતુ **શ્રીહરિ**ની શી કૃપા મુજ પર ઠરેલીએ
-હૃદયમાં સાન પ્રેરાવી મને જાગૃત કરેલો છે.

જીવનમાં કેટલા એવા મહદ ઉપરકાર **હરિ**ના છે,
જીવનમાં **શ્રીહરિ** તેથી વણાઈ શા ગયેલા છે !

જગત સંસારમાં મુજને વિપત્તિઓ નડેલી છે,
હૃદય હોવાથી તુજ ભક્તિ શી તૃણવત્ તે જણાઈ છે !

હરિઃૐ

# જીવનમાં તો હરિ માત્ર ખરું પીઠબળ અમારું છે

લડત લડતાં, લડત લડતાં, શું ઓચિંતું મને ત્યારે
-ભયંકર જોશ ફૂટીને, કર્યો મજબૂત છે મુજને.

બધું તે જોશ ના મુજ છે, બધું બળ તે **હરિ**નું છે,
જીવનમાં તો **હરિ** માત્ર ખરું પીઠબળ અમારું છે.

**હરિ**એ દિલ પોષેલા, **હરિ**એ નિત્ય રક્ષેલા,
**હરિ**એ દોરવેલા છે, **હરિ**એ શા ચલાવેલા !

જીવનનો એકલો માત્ર શું અંતર્યામી **હરિ** અમ છે !
**હરિ**ના ભાવને તારે જીવન સાંધી દીધેલું છે.

અખંડાતીત શો ભાવ **હરિ**નો તો હૃદય અમ છે !
અનેકે વાર જીવનમાં **હરિ**એ તો જિવાડ્યો છે.

હરિઃૐ

## હરિનાં પદકમળને તો અમે સર્વસ્વ જાણ્યાં છે

જીવન નૂતન થકી નૂતન હૃદયથી ખોળી ખોળીને,
હૃદયની ભાવનાથી શો જીવનનો યજ્ઞ ચલવ્યો છે !
જીવનના સ્થૂળ પ્રમાણે તે ભલે સ્થૂળ રહ્યું છોને,
પરંતુ ભાવ તેમાં તો શું પ્રેરવવા મચેલો જે !
તકેદારી પૂરેપૂરી બધી બાજુથી રાખીને,
**हरि**નાં પદકમળ વિશે કૃપાથી ઝંપલાવ્યું છે.
અમારું કોઈ પણ કર્મ **हरि**ની સભાનતા વિના
-કદી પણ ના થવાનું છે, જીવન છે પ્રેમભક્તિમાં.
**हरि**ના ભાવમાં જીવતાં જીવન જે કૃતકૃત્ય જ છે,
**हरि**નાં પદકમળને તો અમે સર્વસ્વ જાણ્યાં છે.
જીવનની સૌ અશુદ્ધિઓ ચરણકમળે જ ધરવાથી,
અશુદ્ધિ તે બધી કેવી જતાં લાગી જ નીતરતી !

હરિઃૐ

## જીવનલહાવો હૃદય મહાલે શું શબ્દાતીત ભાવે તે !

ફનાગીરી થતાં જીવન હૃદયમાં ભાવ ઊછળીને,
સીમાડા પાર પહોંચીને **હરિ**પદને પલાળે છે.

ફના ઉત્સાહથી જીવન વિશે જ્યાં તે હૃદયભાવે
-થતાં રહેતાં, જીવન કૃતકૃત્ય થતું રહેતું, લળી પદ તે.

પ્રકૃતિની પકડ સઘળી પડે શી મોળી મેળે તે,
**હરિ** ભક્તિતણો કેવો મધુર રણકાર આધારે !

જીવનની ધન્યતા અદ્‌ભુત, ચમત્કારિક અનુભવતાં
-જીવનલહાવો હૃદય મહાલે શું શબ્દાતીત ભાવે તે !

હરિ:ૐ

## કદીક તોફાનમાં ડૂબતાં નજર हरिએ કરેલી છે

**हरि**નું એકલાનું તે ખરું સગપણ જીવનમાં છે,
નગદ નાણાંની પેરે છે ખરું ખપનું જીવનમાં તે.

અનેકે વાર સંકટમાં **हरि**એ હાથ પકડ્યો છે,
કદીક તોફાનમાં ડૂબતાં નજર **हरि**એ કરેલી છે.

જીવનમાં ક્યાંક અથડાતાં **हरि**ને યાદ કરતાંમાં,
**हरि**ની પ્રાર્થના કરતાં, **हरि** શો દોડી આવ્યો ત્યાં !

બધું **આ** બુદ્ધિના તુક્કા થકી મેં ના લખેલું છે,
અનુભવ કંઈક એવા તો જીવનમાં શા થયેલા છે !

હરિઃૐ

## બધા ઉપાયમાં શ્રેષ્ઠ ખરો ઉપાય શ્રીહરિ છે

શું તરણોપાય **શ્રીહરિ**ને જીવનમાં જાણીને હૃદયે !
**હરિ**નો છેડો પકડ્યો છે, જીવનથી પાર તરવાને.

બહુ જ તરફડિયાં કેવાંયે જીવન માર્યાં કરેલાં છે !
છતાં પણ ઠેરના ઠેર તહીંના તહીં રહેલા જે.

હૃદય જાગેલ જિજ્ઞાસા સતત બસ એકધારી તે,
મથ્યા ઉત્કટ કરાવીને સતત યત્નો કરાવે છે.

'બધા ઉપાયમાં શ્રેષ્ઠ ખરો ઉપાય **શ્રીહરિ** છે',
હૃદયનિશ્ચય થવાથી તે **હરિ**શરણે ટકાયું છે.

હરિઃૐ

## સતત બસ દિલથી ચાહવું મજા કેવી અનોખી છે !

ફકીર કોઈ મસ્ત જાણે છે મજા શી ચાહવામાં છે !
સતત બસ દિલથી ચાહવું મજા કેવી અનોખી છે !

હૃદયથી હૃદયતણું દ્વૈત ચાહવાથી ઊંડું ઊંડું,
થતાં એકાગ્ર કેંદ્રિત થતું અદ્વૈત ત્યાં કેવું !

થતું અદ્વૈત પ્રત્યક્ષ પરસ્પરનું પરસ્પરમાં,
પરસ્પર ત્યાં ઊડી જઈને અલોપ તે થતાં છે શાં !

પછી કોઈ કોઈને ક્યાંયે ન ઓળખવાપણું રહે છે,
હૃદય આનંદ અદ્વૈતે સમાધિમાં પડાયે છે.

હરિઃૐ

# અનન્ય ભાવથી હરિને ભજાતાં શક્તિ સમૃદ્ધિ

'**હરિ**ભક્તિથી રંગાતાં જીવન જાહોજલાલી શી !
અનન્ય ભાવથી **હરિ**ને ભજાતાં શક્તિ સમૃદ્ધિ.

જીવનનાં સર્વ પાસાંમાં ભજે છે માત્ર **હરિ**ને જે,
સતત સંયુક્ત તેવાનું **હરિ** સંભાળી સૌ લે છે.'

અનેકે ભક્ત જીવનનું રહસ્ય તારવેલું તે,
કૃપાનાં વ્યક્ત દર્શનની કરામત કેવી ખુલ્લી તે !

**હરિ**માં સર્વ ભાવેથી રમે છે એકધારો જે,
ઊછળતા હર્ષઆનંદે, **હરિ** તેને લડાવે છે.

હરિઃૐ

# નિરંતરનો **હરિ**ભાવ જીવન પલટાવી શો દે છે !

**હરિ**ના ભાવમાં જીવતાં કૃપાએ શિખવાડ્યું છે,
હવે તો ભાવને માત્ર કરું વાગોળ્યા અંતર જે.

જીવનમાં મોખરે ભાવ શું તરવરતો રહે જ્યારે,
બધાંયે દ્વંદ્વ ને ગુણ શું મેળે ગૌણ બનતાં છે !

નિરંતરનો થતાં ભાવ મજા આનંદ કેવાં છે !
અણુ અણુ, રોમેરોમમાં પ્રસરતો ભાવરસ શો છે !

સતત બસ ખ્યાલ **હરિ**નો છે, સભર **હરિ**થી જીવન સહુ છે,
નિરંતરનો **હરિ**ભાવ જીવન પલટાવી શો દે છે !

હરિઃૐ

## બધું જે ઉત્તમોત્તમ છે, હરિનો વ્યક્ત ભાવ જ તે

ભલે ખાધું, પીધું છો હો છતાં જાણે ન ખાધું છે,
**હરિ**ના ભાવના રસમાં છલોછલ દિલ ભરેલું છે.

સભર જ્યાં દિલ **હરિ**ભાવે **હરિ**માં જ્યારે મશગૂલ છે,
પ્રકૃતિની સકળ લીલા વિશે શો તે બિરાજે છે !

બધું સૌંદર્ય નિરખાતું, **હરિ**નો ભાવ વ્યક્ત જ તે,
બધું જે ઉત્તમોત્તમ છે, **હરિ**નો વ્યક્ત ભાવ જ તે.

**હરિ**માં એકધારું દિલ રમે જ્યારે નિરંતર તે,
**હરિ**ના ભાવની લીલા છતી ત્યારે થતી શી છે !

હરિઃૐ

# हरिना ભાવઅભ્યાસે જીવનનો સ્વાંગ જુદો છે

**हरि**ના ભાવમાં જીવન સતત જેનું વહેતું છે,
જીવનની ખુશનસીબીની નિશાની શી ખરેખર તે !

જીવનમાં **जीवदशा**કેરી પડેલી જૂની આદત જે,
**हरि**ના ભાવઅભ્યાસે જીવનનો સ્વાંગ જુદો છે.

શી રીતરસમ પ્રકૃતિની જીવનની જે પહેલાંની
-નિરંતરના હૃદયભાવે હવે તેનું અલગ રૂપ છે.

જીવનમાં એકલા **हरि**ને શું સંઘરી રાખવા હૃદયે !
હૃદય શી લગની લાગી છે ! જીવન સથવાર **हरि** અમ છે.

હરિઃૐ

## અલૌકિક ભવ્ય મૌલિકતાતણું દર્શન થતું રહે છે !

**हरि**ના ભાવમાં જીવન ઝબોળીને, ઝબોળીને,
સતત નાહ્યા જ કરવામાં હૃદય આનંદ મહાલ્યો છે.

અખંડિત ભાવમાં પળપળ જીવન તરબોળ જ્યારે છે,
જીવન અસ્તિત્વ સંપૂર્ણ થઈ જતું હોય છે લય તે.

જીવનમાંનું જૂનું જૂનું, જૂનું રહેવા છતાં, જે તે
-સ્વરૂપ અંતરનું બદલાતું અનુભવમાં પ્રકાશે છે.

બધું છે તેમનું તેમ જ, છતાં પણ કેવું તે વિશે
-અલૌકિક ભવ્ય મૌલિકતાતણું દર્શન થતું રહે છે !

હરિઃૐ

## જીવનનો પ્રવાહ તો વહેતો સતત બસ એકધારો તે

હવે તો જીવવુંમરવું જીવનમાં ના રહેલું છે,
સતત જીવન અખંડ જ **આ**, ન તેમાં છેદ ક્યાંયે છે.

અખંડિત ને અબાધિત તે, શું નૈસર્ગિક, સ્વયંભૂ છે !
ન તેને આદિ, અંત જ છે, અનંતાનંત જીવન છે.

જીવનનો પ્રવાહ તો વહેતો સતત બસ એકધારો તે,
વહેતો નિત્યનો નિત્ય, અટક ના ક્યાંય તેને છે.

અમર્યાદિત જીવન છે તે, અસ્ખલિત પાછું કેવું તે !
**हरि**ના ભાવનું સ્પષ્ટ જીવન વ્યક્તત્વ કેવું છે !

હરિઃૐ

## हरि વિનાની સોબતને અમે સોબત ગણી ના છે

**हरि** વિનાની સોબતને અમે સોબત ગણી ના છે,
હવે તો એકલો **हरि**ને જીવનમાં સંઘરેલો છે.

બધાં બીજાં રહેલાં છો, છતાં સંસારમાં અમને
-હવે તો દષ્ટિ શી માત્ર **हरि** પર ઠેરવાઈ છે !

**हरि**ના એકલાનો તે હૃદયમાં ભાવ ટકતો છે,
બીજું હોવા છતાં સઘળું જતું ના ચિત્ત તેમાં છે.

જીવન સર્વસ્વનો સાર હવે તો શો **हरि** અમને !
**हरि**ને ચાહતાં દિલમાં, પડે ત્યાં દિલ ટૂંકું તે તે !

હરિઃૐ

## છતાં તેના વિના અમને જીવનમાં ચાલતું ના છે

કંઈ જ જેમ તેમ જીવવાની હવે આદત ન અમને છે,
**हरि**ની ભાવના જીવતી રહે, તેમ જીવવાનું છે.

જીવનમાં શો **हरि** માત્ર ખરો બેલી અમારો છે !
હવાલો સર્વ જીવનનો હવે **हरि** હાથમાં તો છે.

અમો માટે જીવનમાં તો **हरि**એ કંઈ ન રાખ્યું છે,
**हरि** પ્રત્યે જ જોવાનું હવે માત્ર અમારે છે.

**हरि** બોલે ન ચાલે છે, કશું કંઈ પણ ન કરતો **તે**,
છતાં **તેના** વિના અમને જીવનમાં ચાલતું ના છે.

હરિઃૐ

## **हरि** જેવું હૃદયસગપણ <u>જીવનમાં કોઈનું ના છે</u>
## ન સંસારે જડેલું છે

**हरि** વિના બીજો ભેરુ વફાદાર ન કોઈ છે,
ખરી ભીડમાં જ ખપ લાગે હૃદયનો મિત્ર સાચો તે.

**हरि**એ કેટલી વાર જીવનની ભીંસ વેળાએ
-રહી પડખે નજીક મારે મને શી ઓથ પ્રેરી છે !

જીવનમાં કેટલી વાર મદદ જાતે ચઢેલો છે,
ભયંકર શા અકસ્માતો થકી મુજને બચાવ્યો છે !

**हरि**ના કેટલા એવા અનુભવ દિલ થયેલા છે,
**हरि** જેવું હૃદયસગપણ <u>જીવનમાં કોઈનું ના છે.</u>
ન સંસારે જડેલું છે.

હરિઃૐ

## **हरिना એકલા માટે જીવનમાં ભેખ લીધો છે**

જીવનમાં **જીવદશા**માંથી અતિક્રમણ કરી કરીને,
સ્મરણ, કીર્તન, ભજન કરતાં શી વૃત્તિ મોળી પાડી છે !

**हरि**ની ભાવના અંતર જીવતી, જીવતી દૃઢાવીને,
નિરંતર દિલ આહ્‌લાદ જીવનમાં ચાખવા અર્થે,

**हरि** વિના હવે જીવન કશા માટે રહ્યું ના છે,
**हरि**ના એકલા માટે જીવનમાં ભેખ લીધો છે.

'જીવનનાં સર્વ કર્મોમાં **हरि**નો ભાવ નિર્માણ
-થવા સંપૂર્ણ', જીવનનું હવે તે માત્ર કર્તવ્ય.

હરિ:ૐ

## બધે જેમાં અને તેમાં હરિરસ શો નીતરતો છે !

શું ઝળહળતો ઝગારા સમ પ્રકાશ સૂર્યનો કેવો
-નિરંતરનું ભજનકીર્તન થતાં, જીવનમાં ઝળક્યો છે !

પછીનું તે જીવન કેવું નૂતન સાવ નિરાળું છે !
બધું જે જે નૂતન નૂતન, સમજ, દૃષ્ટિ નૂતન પણ છે.

બધું છે એકનું એક જ, છતાં મૌલિક દર્શન તે
-અલૌકિક દિવ્ય જ્યાં ત્યાંયે થતું કેવું બધું રહે છે !

બધાં **ગુણ**દ્વંદ્વમાં કેવો **હરિ**નો રસ જીવંતો છે !
બધે જેમાં અને તેમાં **હરિ**રસ શો નીતરતો છે !

હરિઃૐ

## ‘અમારો સર્વ સંસાર **हरि** માત્ર’ જીવનમાં છે

**हरि**ના એકલાનું તે મનન દિલમાં થયેલું છે,
હૃદયસગપણ **हरि** સાથે જીવન તેથી થયેલું છે.

‘અમારો સર્વ સંસાર **हरि** માત્ર’ જીવનમાં છે,
**हरि** વિના જ અંધારું જીવનમાં તો અમારે છે.

**हरि**નો એકલો માત્ર જીવનઆધાર અમને છે,
બીજા આધાર જીવનમાં શું મિથ્યા સાવ નીવડ્યા છે !

વિપત્તિની ખરી વેળા **हरि**એ કામ આપ્યું છે,
જીવનમાં કારમી આફત થકી **एणे** બચાવ્યો છે.

હરિઃૐ

## અમારું તો શ્રીહરિએ કંઈ, રહેવા ના દીધેલું છે

‘અમે ક્યાં ને **हरि** ક્યાં તે’ હવે સમજણ પડેલી છે,
હવે જીવનથી જુદો ના બધે સમરસ જીવનમાં **ते**.

સ્વતંત્ર સ્વમાન જીવનમાં હવે તો ના રહેલું છે,
**हरि**નાં પદકમળ વિશે બધું પીગળી ગયેલું છે.

અમારું તો **श्रीहरि**એ કંઈ, રહેવા ના દીધેલું છે,
સફાચટ સર્વ રીતેથી જીવનમાં શો કરેલો છે !

**हरि**એ ચાહી ચાહીને ઊંડું સમજાવીને હૃદયે
-દીધો છે ખાલીખમ કરી શો ! બધું જીવનનું લૂંટીને.

હરિઃૐ

## બધે જ્યાં ત્યાં हरि કેવો રમી છૂપો રહેલો છે !

કળા, કારીગરી સુંદર શી ચેતનવંતી અદ્‌ભુત છે !
છતાં જીવનમાં તે મુજને ન દેખાઈ કદી પણ છે.

પરંતુ દિલમાં જ્યારે **हरि**નું ભાન સ્ફુર્યું છે,
**हरि**એ શી કૃપા કરીને કરાવ્યું વિશ્વદર્શન છે !

પછીથી તો બધાંનોયે ચહેરો ફરી ગયેલો છે,
પહેલાં કદરૂપું, તેનું હવે દર્શન અલૌકિક છે.

બધે જ્યાં ત્યાં **हरि** કેવો રમી છૂપો રહેલો છે !
છતાં જે જ્ઞાની ને ભક્ત ન તેને તે છૂપો દિલ છે.

હરિઃૐ

## જીવનની પ્રાણશક્તિ શી નવો અવતાર પામી છે !

જીવન પર આવી જઈને મેં હૃદયનું જોમ દાખવીને,
**हरि**નાં પદકમળ વિશે વિચારી, માથું મૂક્યું છે.

વફાદારી શી સંપૂર્ણ **हरि** પરત્વેની હૃદયે !
હૃદયના ભાવથી કેવી અમે ભાવે અદા કરી છે !

સતત બસ આંખ મીંચીને ચરણસેવા કર્યાં કરવા
-વિશે દિલને પરોવીને, અમે જીવન વિતાવ્યું છે.

મનાદિમાં **हरि** વિશે નિરંતરના વિચારે જે,
જીવનની પ્રાણશક્તિ શી નવો અવતાર પામી છે !

હરિ:ૐ

## જીવનમાં નાદ પણ ભાગ રહસ્યમય શું ભજવે છે !

**હરિ**, **હરિ**, **હરિ**, **હરિ**નાદ હૃદયમાં મસ્ત રણકે છે,
**હરિ**ના દિવ્ય રણકારે જીવન કેવું સુવાસિત છે !

જીવનમાં નાદ પણ ભાગ રહસ્યમય શું ભજવે છે !
હૃદય જીવનનો મેળાપ **હરિ**ભાવે થતો રહે છે.

**હરિ**ના નામના નાદતણાં મોજાં શું આધારે
-કહીંનાં કહીં જ પ્રસરીને રસે એક પ્રવર્તે છે.

**હરિ**ના નામનો નાદ નિરંતરનો થતાં હૃદયે,
જીવનને દિલ **હરિ**ભાવે પ્રવર્તાવે શું આકાશે !

હરિ:ૐ

## હરિની દક્ષતાવાળી શી સંભાળ, જીવનમાં છે !

અમારે જિંદગાનીનું મહાશ્રમ ને તપશ્ચર્યા
-થકી જે રળાયેલું એવું નગદ નાણું, **હરિ** શો છે !

નગદ નાણું મળેલું જે બધું તે ખર્ચી દેવાને
-કદી ના લક્ષ રાખ્યું છે, ન એવું દિલ થયેલું છે.

જરૂર જ્યારે પડે ત્યારે, જીવનનો શેઠ જે અમ છે,
જરૂરિયાત પ્રમાણે શો ! બધું યોગ્ય કરે છે **તે**.

અમારે તો કહેવાને જવું ના ક્યાંય પડતું છે,
**હરિ**ની દક્ષતાવાળી શી સંભાળ, જીવનમાં છે !

હરિઃૐ

## ખરી સંકટની તે વેળા **हरि** શો દોડી આવ્યો છે !

જીવનમાં કંઈક ઉત્પાતો પ્રગટી પ્રગટી મને કેવો
-ઊંડા ઊંડા જ ઉકળાટે મને અંતરથી પજવેલો !

અશાંતિ, ક્લેશ, સંઘર્ષણ, શી અકળામણ મનાદિમાં !
અજંપાના જ અંગારા શું ચંપાયા કર્યા દિલમાં !

કશુંયે વિચારવાનું કંઈ ન મુજથી દિલ બનેલું છે,
બનેલો મૂઢ સંપૂર્ણ કશામાં મતિ ન ચાલી છે.

સ્મરણઅભ્યાસ પણ મંદ હૃદય ત્યારે પડેલો છે,
ખરી સંકટની તે વેળા **हरि** શો દોડી આવ્યો છે !

હરિઃૐ

# हरि વિના બીજું કાંઈ મનાદિમાં કશું ના છે

હવે ના હારવું, જીતવું કશું એવું રહેલું છે.
બધું જે તે **हरि**હાથે જીવનમાં સૌ થવાનું છે.

હવે તો **જીવ આ** કેવો **हरि**નું માત્ર માધ્યમ છે !
**हरि** જેમ હાંકતો તેવું જિવાયા તો જતું શું તે !

જીવનને કઈ દિશા પ્રત્યે વહેવાનું હવે કંઈ છે,
ન તેની કંઈ જ સમજણ છે, થતું સૌ પ્રેરણાથી છે.

**हरि** શો એકલો માત્ર જીવનસંગાથી પળપળ છે !
**हरि** વિના બીજું કાંઈ મનાદિમાં કશું ના છે.

હરિઃૐ

## શું અપરંપાર દિલ મુજને **हरि**એ શો સતાવ્યો છે !

જીવનનો સર્વ બોજો મેં **हरि**પદમાં સમર્પીને,
બધી રીતથી **हरि** પર શો પૂરો આધાર રાખ્યો છે !

**हरि**એ પણ પરીક્ષા કંઈ શી મારીયે કરેલી છે !
પરીક્ષામાં થવા પાસ **हरि**એ શક્તિ પ્રેરી છે.

ન બાકી કાંઈ ગુંજાશ કશી મારી જ તે માટે,
કૃપાતાકાતથી પાસ પરીક્ષામાં થવાયું છે.

**हरि** સાથે રહી, પાછો કદીક અદશ્ય થઈ જઈને
-શું અપરંપાર દિલ મુજને **हरि**એ શો સતાવ્યો છે !

હરિઃૐ

## ખરેખરું યોગ્ય કર્તવ્ય સહજમેળે થતું હો જે

**હરિ**ની સભાનતા માત્ર જીવનનું ઉત્તમોત્તમ તે
-ખરેખરું યોગ્ય કર્તવ્ય સહજમેળે થતું હો જે.

ગરજ, રસ, સ્વાર્થ જીવનમાં **હરિ**ને માટ પ્રગટે છે,
ખરેખર તે સમય કેવી, **હરિ**ની સભાનતા દિલ છે !

જીવતી દિલ સભાનતા જો છે, કશા યત્ન પરત્વે તે
-સમય ત્યારે કદી પણ જે ન કરવાનો જરા રહે છે.

સહજમેળે સતત બસ શી વહેતી એકધારી છે !
**હરિ**ની બોલબાલાની છડી તે મસ્ત પોકારે.

હરિઃૐ

## જીવનની શક્તિ પણ હરિ છે, હરિ સર્વસ્વ મુજ સૌ છે

દરદની વેદના કાયમ રહ્યા જીવંત કરેલી છે,
કદીક માત્રા વળી તેની શી હદ પાર વટાવે છે !

શરીરમાંથી પૂરો જીવ, નીકળી લાગે જતો જાણે,
સ્વસ્થતા, તટસ્થતા ટકવી મહામુશ્કેલ પણ ત્યારે.

પરંતુ કૃપા **હરિ**ની કે જીવંત કેવી મુજ પર છે !
શરીરની ઉગ્રમાં ઉગ્ર સ્મરણ ત્યાં વેદના વિશે.

**હરિ**નાથી ટકાયે છે, **હરિ**નાથી જિવાયે છે,
જીવનની શક્તિ પણ **હરિ** છે, **હરિ** સર્વસ્વ મુજ સૌ છે.

હરિઃૐ

## હરિને અર્થ જીવવાને જીવન સઘળું અમારું છે

જીવનવિકાસનું કર્મ બહુ બહુ સાવચેતીને
-બહુ બહુ સાવધાનીને, અગમચેતી, શાં માગી લે !

ગણતરી ભાવપૂર્વકની, શી હેતુ જાગ્રતિ સાથે !
હૃદય એકાગ્રતાભાવે થવાં કર્મો ઘટે જીવને.

મહત્ત્વ દઈ **હરિ**ને દિલ, **હરિ**ના ભાવને અંતર
-ઊંડે શો મોખરે ધારી, ઘટે ત્યાં સૌ થવાં કર્મ.

**હરિ**નું એકલું માત્ર ધરીને ધ્યાન અંતર તે,
**હરિ**ને અર્થ જીવવાને જીવન સઘળું અમારું છે.

હરિ:ૐ

## છતાં દેવાળિયો શો હું ! ન તુજ પર હેત વર્ષ્યું છે

કદી મેં એક પણ વાર ન તારી સામું જોયું છે,
છતાં પણ મારી સામું **તેં** સતત જોયા કરેલું છે.

મને તો જોઈ જોઈને **તને** શો હર્ષ વ્યાપ્યો છે !
છતાં દેવાળિયો શો હું ! ન તુજ પર હેત વર્ષ્યું છે.

હૃદય વહાલપની શી શોધ જીવનગુફા વિશે મુજને
-નર્યા શા અંધકારે તે કૃપાથી હાથ લાગી છે !

જીવનમાં **प्राण**થી વહાલો **हरि** મુજને શું અદકો છે !
ફુવારા પેર પછી વહાલ **हरि** પર તો વછૂટ્યું છે.

હરિઃૐ

## हरिની ભાવના જ્યારે જીવનમાં ઓતપ્રોત જ છે

જીવનમાં ત્યાગનોયે શો સહજ ત્યાગ થયેલો છે !
ન એમાં મોથ મારી છે, કૃપાનું તે પરિબળ છે.

**हरि**ની ભાવના જ્યારે જીવનમાં ઓતપ્રોત જ છે,
જીવનમાં ત્યાગનો ત્યાગ સહજમેળે થતો રહે છે.

બહુ મોટી હકીકત **આ** જીવન વિકાસ દૃષ્ટિએ,
જીવનની સાધના ફળતાં, સહજ હકીકત શી બનતી તે !

સતત **हरि**ને હૃદયમાં જે રહે ચિંતવતો એકાગ્રે,
**हरि**ના ભાવનું ફળ તો ફળે તેના જીવન વિશે.

હરિઃૐ

# અમારો સર્વ સંસાર हरिपદમાં સમાયો છે

જીવનમાં જીવતાં જીવતાં **हरि**ને યાદ કરી કરીને,
ચહી ચહીને **हरि** દિલથી શું અમ વ્યવહાર ચાલ્યો છે !

બધા સંસારમાં કોઈ ન સગપણ તો અમારે છે,
**हरि**ને માટે જીવવાનું અમોને દિલ ગમતું છે.

અમારો સર્વ સંસાર **हरि**પદમાં સમાયો છે,
**हरि**નાં પદકમળ વિશે જીવ્યાનો સાર સઘળો છે.

ધણીધોરી જીવનનો શો **हरि** છે એકલો માત્ર !
જીવનનું સ્પષ્ટ નિશાન **हरि** શો તે સતત અમ છે !

હરિ:ૐ

## हरि પાસે અને દૂરે, નજીક શો દિલથીયે તે !

જીવનમાં સાથ આપીને કદીક છટકી ગયેલો તે,
ઉચાટ જ્વાળામુખીનો સમો, જીવનમાં ઊછળ્યો છે.

ભયંકર શુષ્કતા કેવી જીવન વ્યાપી ગયેલી છે !
બધું હોવા છતાં, શૂન્ય નર્યું સૌ જે તે લાગે છે.

**हरि**ની ભાળમાં માત્ર જીવનનું ભાન સર્વસ્વ
-બધે જેમાં અને તેમાં નર્યું તરવરતું રહે છે દિલ.

**हरि** પાસે અને દૂરે, નજીક શો દિલથીયે **તે** !
ઘડીક ઝાંખી દઈ અમને હૃદય આનંદ શો દે છે !

હરિઃૐ

## અમારે માટ हरिએ તો જતું શું શું કરેલું છે !

બધાં સંસારનાં કર્મો અઘટિત શાં થયેલાં છે !
છતાં **हरि**એ ન તે સામી નજર સરખી કરેલી છે.

અમારે માટ **हरि**એ તો જતું શું શું કરેલું છે !
ન આવે પાર ગણતાં તે, અપાર ભૂલ થયેલી છે.

અમે **एना** તરફ ભૂલેચૂકે કદી પણ ન જોયું છે,
છતાં કરુણાળુ **हरि**એ તો મને નીરખ્યા કરેલો છે.

**हरि**ને મેં ન ગણકાર્યો, છતાં **हरि**એ મને કેવો
-હૃદય ગણકારી ગણકારી જીવનનું ભાન પ્રેર્યું છે !

હરિઃૐ

## હરિએ પ્રેમથી ત્યારે બચાવ્યો તો બચાયું છે

**હરિ**ના નામનો કેવો જીવનવ્યવહાર માંડ્યો છે !
ન તેમાં ખોટ પડવાને કદીયે તક દીધેલી છે.

પૂરેપૂરો હું તે અર્થે હૃદય સાવધ રહેવાને
-મથેલો એકધારો ને વળી એકીટશે શો જે !

બહુયે સાવધાની ને હૃદયથી સાવચેતીયે,
બહુ બહુ કાળજીથી તે શી ધારેલી જ વ્યાપારે !

છતાંયે અજાણતાંમાં કંઈ ખવાયેલી શી છક્કડ છે !
**હરિ**એ પ્રેમથી ત્યારે બચાવ્યો તો બચાયું છે.

હરિ:ૐ

## हरिना ભાવના રસનો રસાસ્વાદ શું ચાખે જે !

**हरि**ना ભાવના રસનો રસાસ્વાદ શું ચાાખે જે !
પછી દિલ સ્વાદના રસને નિરંતર કેવું ઝંખે જે !

**हरि**नो ભાવ પ્રત્યક્ષ હૃદય સાકાર બનતો છે !
પછીના તે જીવનકેરો ઝરંતો મદ રસીલો છે !

ભલે હો મદ પરંતુ શો ન અહંકાર તેમાં છે !
**हरि**ना ભાવની ઘનતાતણું રૂપમદ ખરેખર છે.

**हरि**ना રસતણા મદને પીતાં રહેતાં ધરાઈને,
જીવન કૃતકૃત્ય તો કેવું કૃપાથી તે બનેલું છે !

હરિઃૐ

## સ્મરણની શક્તિ ને કીમિયો અજબ ને શો ગજબનો છે !

સ્મરણ, કીર્તન, ભજનભાવ નિરંતર આચર્યાં કરીને,
શું સંપૂર્ણ સમાવીને **हरि**માં દિલ મચેલું છે !

**हरि** વિના બીજા કોઈનું સ્મરણ દિલ ના થતું રહે છે,
સ્મરણના ભાવથી કેવું જીવન આ તો ઘડાતું છે !

સ્મરણની શક્તિ ને કીમિયો અજબ ને શો ગજબનો છે !
સ્મરણઆધારને લીધે થવાયું અળગું સંસારે.

રહ્યા હું શો કરેલો છું સતત સંસારની વિશે !
છતાં સંસારમાં રહેતાં, **हरि**ને દિલ ધરેલો છે.

હરિઃૐ

## हरिपદમાં ચડસથી તો જીવન ડૂલી ગયેલું છે

**हरि** ભજવા જીવનમાં શો ચડસ દિલમાં ચઢેલો છે !
ચડસ તેવાથી શું ઊંડું ઊંડું દિલ ઊતરાયું છે !

ચડસનાં ધૂન, નશો કેવાં જીવનના ધ્યેયના કેંદ્રે,
ધૂને એકભાવથી નિત્યે પરોવાયેલ રાખે છે !

ચડસના ભાવથી કેવી હૃદય એકાગ્રતા જાગે !
ચડસ શો એક ને એક વિશે દિલને પરોવાવે !

ચડસ લાગ્યો **हरि**પદનો શું સદ્‌ભાગ્ય જીવનનું તે !
**हरि**પદમાં ચડસથી તો જીવન ડૂલી ગયેલું છે.

હરિઃૐ

## हरि સ્મરતાં, हरि ભજતાં, હૃદય લહેર ફૂટી જ્યાં છે

પ્રભુપ્રીત્યર્થ તાકાત જીવનને જીવવાની તે
-કશી નહોતી, છતાં દિલમાં **हरि** ભજવું થયેલું છે.

**हरि** સ્મરતાં, **हरि** ભજતાં, હૃદય લહેર ફૂટી જ્યાં છે,
સ્મરણ, કીર્તન, ભજનભાવ થતાં દિલમાં રહેલાં છે.

થતા અભ્યાસથી તેવા જીવનમાં ભાવ સ્ફુર્યો છે,
પછીથી તો **हरि** પરનું હૃદય વહાલ વછૂટ્યું છે.

**हरि** વહાલો પછીથી શો જીવનથીયે અધિક મુજને !
**हरि**ની પછી નિરંતરની જીવનમાં સભાનતા શી છે !

હરિ:ૐ

# હું સંબોધ્યા કરું તુજને કંઈક ને કંઈક નિમિત્તે તે

હું સંબોધ્યા કરું તુજને કંઈક ને કંઈક નિમિત્તે તે,
હૃદયમાં ભાવથી તુજને કર્યાં કરું વાત દિનરાતે.

તને સંબોધતાં કેવો હૃદય આનંદ સ્ફુરતો છે !
તને બોલાવતાં હૃદયે મને શો પ્રેમ ફોરે છે !

**हरि तें** કેટલો શ્રમ શો ખરે મુજ માટ લીધો છે !
કર્યું છે કેટલું બધું **तें** કૃપા શી મુજ પર કરીને !

**हरि** તુજ ઉપકારોનો ન બદલો વાળી શકવાને
-કશી તાકાત મુજમાં ના, હું તેથી દિલ સ્મરું તુજને.

હરિઃૐ

## તમે हरिના થઈ જઈને તપાસી લો, હકીકત તે

જીવનમાં આંચકા કેવા કૃપાથી તો મળેલા છે !
અને એ આંચકામાંથી કંઈક શીખવાનું મળિયું છે.

**हरि**ની રીતરસમ ન્યારી, સદા તે નિજની રીતે,
કળ્યામાં પણ ન આવે તે શી એવી રીત **हरि**ની છે !

**हरि**એ એકવાર જ તો સ્વીકારેલો ચરણમાં છે,
પછી તેનું બધું જે તે **हरि** પોતે ચલાવે છે.

નશો કરીને લખેલું ના, જીવનની સાચી હકીકત છે,
તમે **हरि**ના થઈ જઈને તપાસી લો, હકીકત તે.

હરિ:ૐ

# हरिने याद करवानी न फुरसद कोईने पण छे

જીવન શુષ્ક **हरि** વિના, હરિયાળું **हरि** લીધે,
સકળ જીવન **हरि** લીધે, અરે આનંદમય શું તે !

**हरि** લીધે જીવન સઘળું, બધું **हरि**થી જ ચાલે છે,
જીવનનો સર્વ આધાર **हरि** શો ચેતનાત્મક છે !

જીવનકલ્યાણ કરનારો **हरि** તત્પર પૂરો દિલ છે,
પરંતુ કોઈ પણ **जीव** તે કશું ના લક્ષ દેતો છે.

ખૂલી હોવા છતાં આંખો બધાં શાં આંધળાં ભટકે !
બધા સંસારી કોઈને કશાની ના ગતાગમ છે.

પડી પોતાની કોઈને કશી સંસારમાં ના કૈં,
**हरि**ને યાદ કરવાની ન ફુરસદ કોઈને પણ છે.

હરિઃૐ

## શું નોધારાતણો કેવો ધણી હરિ ! તે ધણી અમ છે

જીવનમાં એકલો માત્ર સમર્થોમાં સમર્થ જ જે,
શું નોધારાતણો કેવો ધણી **હરિ** ! તે ધણી અમ છે.

જીવનના સર્વ વ્યવહારતણો આધાર **હરિ** શો છે !
જીવનનું ગાંડુંઘેલું સૌ **હરિ** મુજ ચલવી શો લે છે !

અમારે એકલો માત્ર બધે જેમાં અને તેમાં
-મૂળે આધાર **શ્રીહરિ** છે, **હરિ** સર્વસ્વ જીવનમાં.

અમારો **શ્રીહરિ** તો શો સકળ જીવનતણો પૂરો
-શું ભોક્તા, કર્તાહર્તા છે ! જીવનદાતા અમારો શો !

હરિઃૐ

# **हरि**ની યાદગીરી 'એ' જીવનનું પ્રેમઅમૃત છે

**हरि**ની યાદગીરીમાં બધું જે તે સમાયું છે,
**हरि**ની યાદગીરીમાં જીવન સર્વ સમાયું છે.

**हरि**ની યાદગીરી 'એ' જીવનનું પ્રેમઅમૃત છે,
**हरि**ની યાદગીરીથી જીવન ભરપૂર લાગે છે.

**हरि** વહાલો હૃદય કેવો હૃદય તે માત્ર જાણે છે !
સ્મૃતિ **हरि**ની **हरि**મય શી જીવન અજવાળનારી છે !

**हरि**ને યાદ કરી કરીને જીવન જન્મ થયેલો છે,
**हरि**નાથી જીવન કેવું અમૃત રસથી રસાયું છે !

હરિઃૐ

## સ્મરણ દિલ શ્રીહરિનું તો જીવનનું પ્રેમઅમૃત છે

**હરિ**ને અર્થ જીવવાનું હૃદયને ખાસ ગમતું છે,
સ્થિતિ તે નિશ્ચયાત્મકની અમારે દિલ થયેલી છે.

‘સતત ને સહજ મનાદિનું મનન ચિંતવન **હરિ**નું જે
-જીવતું ચાલ્યા કરંતું છે’, **હરિ**ભક્તિનું લક્ષણ તે.

**હરિ** વિના હવે બીજું અજીઠું સર્વ લાગે છે,
-સ્મરણ દિલ **શ્રીહરિ**નું તો જીવનનું પ્રેમઅમૃત છે.

જીવનમાં આશરો મોટો ખરેખર **શ્રીહરિ**નો છે,
**હરિ** લીધે જીવન મુજ **આ** પ્રવર્તતું ખરેખર છે.

હરિઃૐ

# અનંતાનંત, શાશ્વત ને અખંડ ભવ્ય જીવન છે

જીવનને કોઈ પણ ક્યાંયે કશું વયનું ન લફરું છે,
અનંતાનંત, શાશ્વત ને અખંડ ભવ્ય જીવન છે.

શરીરને માત્ર આયુષ્ય, જીવન લીધે શરીર આ છે,
બધું પ્રત્યક્ષ સાકાર થતું જે તે શરીર લીધે.

જીવન જે પ્રકૃતિનું તે બધી વૃત્તિ રમતનું છે,
જીવનમાં ચેતનાનો જે નર્યો આનંદ ભરપૂર છે.

જીવન ખંડિત નથી ક્યાંયે, જીવનમાં ભાગલા ના છે,
અસ્ખલિત શી જીવનગંગા સદાકાળ વહેતી છે !

અવ્યક્ત ભાવ **હરિ**નાનું જીવન તો વ્યક્ત લક્ષણ છે,
જીવનમાંથી જીવનમૂળ અનુભવવાનું મળતું છે.

હરિઃૐ

# हरि સાકાર સંપૂર્ણ, નિરાકાર વળી हरि છે

હૃદયના ભાવનું જ્યારે જીવન સામ્રાજ્ય વ્યાપે છે,
સમયનું ભાન ત્યારે તો જરા સરખું ન લાગે છે.

**हरि**નો ભાવ જીવનમાં પ્રતિષ્ઠિત મોખરે જ્યાં છે,
સમય, સંજોગનું ત્યારે ન અસ્તિત્વ જણાતું છે.

**हरि**ની સભાનતા જ્યારે પરિપૂર્ણ શિખર પર છે,
પ્રકૃતિ હોવા છતાં પૂરી ન લક્ષણ તેનું ત્યાં કંઈ છે.

**हरि** શો માત્ર ભાવાતીત ! ગુણાતીત **हरि** શો છે !
**हरि** સાકાર સંપૂર્ણ, નિરાકાર વળી **हरि** છે.

હરિઃૐ

## हरिनी યાદથી ખીલતી શી તરવરતી ખુમારી છે !

**हरि**ની યાદથી જીવન ભર્યું ભર્યું દિલ લાગે છે,
**हरि**ની યાદથી જીવન નશીલું ને રસીલું છે.

**हरि**ની યાદથી કેવો જીવનમાં હર્ષ ઉન્માદ !
**हरि**ની યાદથી કેવો શું ખુશખુશાલ તલસાટ !

**हरि**સંભારણું 'ભવ્ય જીવનમાં મિજબાની છે',
**हरि**ની યાદ જીવનને શું તરબતર કરી દે છે !

**हरि**ની યાદથી ખુશબો શી મઘમઘતી જ પ્રસરે છે !
**हरि**ની યાદથી ખીલતી શી તરવરતી ખુમારી છે !

હરિઃૐ

## ‘મળે તક આજ જીવન જે’, કદાપિ કાલ ના મળશે

‘મળે તક આજ જીવન જે’, કદાપિ કાલ ના મળશે,
વધાવી આજની તક લઈ કરી ઉપયોગ લો આજે.

જીવનમાં એ જ રીતે તો થયેલું વર્તવાનું તે,
વળી વર્તન થતાં હેતુતણું ભાન રખાયું છે.


થતાં કર્મો વિશે હેતુ જીવંતો દિલ ધાર્યો છે,
થવા **હરિ**પદ સમર્પણ તે બધાં કર્મો જીવનનાં છે.

થતાં સૌ કર્મ જીવનનાં ન ખાલી કર્મ માત્ર જ છે,
**હરિ**ની ભક્તિનાં પુષ્પો પ્રતીકરૂપ કર્મ સૌ તે છે.

હરિઃૐ

## ખંડ - ૧૦

# ઉપસંહાર અને ઉદ્‌બોધન



મળેલું માનવી જીવન વૃથા જે વેડફી દે છે,
શરીરે માનવી છો હો, છતાં તે માનવી ના છે.

હરિઃૐ

## સલામતી એ જીવનનું તો ખરેખર મૃત્યુ નિશ્ચિત છે

સલામતી એ જીવનનું તો ખરેખર મૃત્યુ નિશ્ચિત છે,
ખરો શ્રેયાર્થી જીવનનો સલામતી તોડતો રહે છે.

સલામતીમાં સ્થિતિસ્થાપકપણું નિશ્ચળ ખરેખર છે,
સમજી સમજી સલામતીમાં પડી રહેવું નિરર્થક છે.

જીવન વિકસાવવા કાજે સલામતી યોગ્ય ભૂમિકા
-કદી સંપૂર્ણ લાયક ના, વિકાસ ના સલામતીમાં.

સલામતી ઠેરનો ઠેર જીવનમાં તે રખાવે છે,
ગગનમાં ઊડવા પાંખ ન ફૂટવા તે કદી દે છે.

હરિઃૐ

## શહૂર, ખુમારી વિનાનું જીવન તે સાવ મિથ્યા છે

નરાતાર થઈ કાયર જીવન જીવવું નકામું છે,
શહૂર, ખુમારી વિનાનું જીવન તે સાવ મિથ્યા છે.

મળેલું માનવી જીવન વૃથા જે વેડફી દે છે,
શરીરે માનવી છો હો, છતાં તે માનવી ના છે.

જીવન જીવવાતણો જેને કશો આદર્શ દિલ ના છે,
જીવન તે ચીંથરા જેવું, શું તેનાથીય બદતર છે.

જીવન આદર્શ અગ્નિના સમો દિલમાં ભભૂક્યો છે,
રસાવી **एणे** જીવનને સમર્પાવ્યું **हरि**ચરણે.

હરિઃૐ

## જીવનવ્યવહાર સૌ સાથે હૃદયના ભાવ રીતે છે

જીવનમાં કોઈની સાથે કદી ઝઘડો કર્યો ના છે,
સુલેહ, સંપ, સદ્ભાવ બધાં સાથે જીવંતાં છે.

જીવનમાં કોઈની સાથે ન તકરાર અમારે છે,
જીવનવ્યવહાર સૌ સાથે હૃદયના ભાવ રીતે છે.

'ઘસાવાનું કદીક આવે' **હરિ**પદની જ સેવા તે,
થયેલા કંઈક અન્યાય પરખવા તટસ્થતા શી જે !

કદીક કોઈએ બહુ ઝઘડા કરેલા મારી સાથે છે,
અવળચંડાઈ તે એવી કશી દિલમાં ન ધારી છે.

જીવનમાં કેટલાંયે શો મને પજવ્યા કરેલો છે !
છતાં પણ તેમની સાથે શું ભાવ દાખવેલો છે !

હરિઃૐ

# હૃદયથી ઐક્ય સાધીને તરી જીવન જવાનું છે

અમારે કોઈની સાથે કદી પણ ના ઝઘડવું છે,
કશી પંચાતમાં કોઈની અમારે તો ન પડવું છે.

કદી હુંસાતુંસી વિશે ભૂલેચૂકે ન પડવું છે,
અમારા દિલમાં ઝઘડો કશો ના કોઈ સાથે છે.

અમારે ક્લેશ કંકાસ ન કોઈ સાથ કરવો છે,
અમારે કોઈના દિલને ન કંઈ રંજાડવાનું છે.

હળીમળીને બધાં સાથે અમારે જીવવાનું છે,
હૃદયથી ઐક્ય સાધીને તરી જીવન જવાનું છે.

હરિઃૐ

## અમારે ને તમારે તો જીવનમાં કોઈ ઝઘડા ના

અમારે ને તમારે તો જીવનમાં કોઈ ઝઘડા ના,
છતાં મનમેળ જીવનમાં સધાતો કેમ તોયે ના ?

શી અથડામણ વિચારોની પરસ્પરમાં થતી રહે છે,
નકામા વાદવિવાદ કશા અર્થ વગરના તે.

જીવનઆદર્શ કે ધ્યેય ન કોઈને ઊગેલું છે,
તડામાર પછી લોકો શું બોલી બોલી કરતા છે !

બધા લોકોતણો એવો શો મિથ્યાવાદ ફોગટ છે !
જીવનમાં કંઈ જ કરવાનું કશું નક્કર ન સૂઝે છે.

શું ગાડરિયા પ્રવાહે સૌ જીવન એળે ગુમાવે છે !
પછી તેવા કરે જ્ઞાનતણી વાતો શી ફોગટ તે !

હરિઃૐ

## ભયંકર ઉગ્ર સંગ્રામ શી લગની શા જિતાવે છે !

જીવનમાં આગના જેવી લગન શી લાગી છે જેને,
ન તેને વિઘ્ન, મુશ્કેલીતણું નડતર કશુંયે છે.

લગનનોયે નશો કેવો ચઢેલો હોય જાણે તે !
નશાની ધૂન ને ધૂનમાં પહાડો શા વટાવે છે !

પદે આસક્ત સંપૂર્ણ થવા કાજે હૃદયમાં જે,
બધા ગુણભાવ તેવાને <u>ઊગી</u> શા નીકળે મેળે !
ફૂટી

અશક્ય લાગતાં એવાં કરાવે કર્મ લગની તે,
ભયંકર ઉગ્ર સંગ્રામ શી લગની શા જિતાવે છે !

હરિઃૐ

## ગરીબો જાગશે જ્યારે નવાજૂની થવાની છે

ગરીબથી કામ સૌ લોક જબરજસ્તીથી શાં લે છે !
ગરીબને ન્યાય કરવામાં ન કોઈની ઉદારતા પણ છે.

ગરીબને કોઈનો પ્રેમ જીવનમાં ના મળંતો છે,
ગરીબ શો એકલો અટૂલો જીવનમાં સાવ પોતે છે !

ધણીધોરી ગરીબનો તો જીવનમાં કોઈ પણ ના છે,
મહામુશ્કેલીથી જીવનગુજારો તો કરે છે તે.

ગરીબને માટ જીવનમાં બધાં ધોરણ જુદાં શાં છે !
ગરીબને લૂંટવામાં કોઈ ન પાછી પાની કરતું છે.

પરંતુ ગરીબનોયે શો સમય આવી પહોંચ્યો છે !
ગરીબો જાગશે જ્યારે નવાજૂની થવાની છે.

હરિઃૐ

## બધાંયે જાગતાં છો હો, છતાં તે જાગતાં ના છે

બધાંયે જાગતાં છો હો, છતાં તે જાગતાં ના છે,
નર્યાં ઘોર્યાં કરે છે તે, છતાં તેયે ન જાણે છે.

ન કરવાનું કરે છે તે જીવનમાં કંઈ ન સમજીને,
ન ગંભીરતા કશા વિશે જીવનમાં કોઈને કૈં છે.

ખભે ધૂંસરી ભરાવી સૌ જીવનનું ગાડું તાણે છે,
સતત બસ એની એ ધૂને જગતના લોક ઘેલા છે.

પરંતુ **એ**ની કરુણાએ શી વિષચક્ર ગતિમાંથી
-મને અટકાવી ! ચોંટાડી દીધો, **હરિ**પદકમળ વિશે.

હરિ:ૐ

## વિના ગુણભાવ જીવન જે જીવન તે સાવ ખાલી છે

જીવનની આળપંપાળ વિશે મન જે પરોવે છે,
નકામા, રાંક, નબળા ને ખરેખર સાવ પોચા તે.

જીવન જીવવું પરાક્રમથી હૃદય ઉત્સાહથી ભાવે,
હૃદય મર્દાનગીને ત્યાં ઘટે પડકાર દેવોયે.

વિના ગુણભાવ જીવન જે જીવન તે સાવ ખાલી છે,
જીવન મુડદાલ જીવવામાં જીવનના માલ શા ત્યાં છે !

'જીવન જીવવું **हरि** અર્થે, ફના સંપૂર્ણ ઉત્સાહે
-ઉમળકા હર્ષ ઉન્માદે થવું ચરણે', જીવન તે છે.

હરિઃૐ

## हरिनी याद मधुरी शी ! हरिनुं सौ मधुरुं छे

ભજ્યા વિના **हरि**ને દિલ ન ધંધો કોઈ અમારે છે,
ભજન વ્યાપાર **हरि**કેરો હૃદય પ્રેમે સ્વીકાર્યો છે.

**हरि**ની યાદ મધુરી શી ! **हरि**નું સૌ મધુરું છે,
**हरि**ને ચાહતાં શક્તિ બઢે છે ચાહવાની જે.

સતત ચાહ્યા જ કરવાનું હૃદયને વહાલું લાગે છે,
હવે તો ચાહવાનો શો મધુરો સ્વાર્થ લાગ્યો છે !

જીવનમાં ચાહવાકેરો ખરેખર રસ અનુપમ છે,
હૃદય તે રસ સમો કોઈ ન ચડિયાતો <u>કશો</u> રસ છે.
બીજો

હરિઃૐ

## હરિમાં જીવવું માત્ર અમારું એ જ જીવન છે

**હરિ**ના ભાવમાં જીવવું જીવન એવું જ જીવવાને,
સતત જીવંતી મુરાદ અમારા દિલની શી છે !

સતત બસ એકની એક જ હૃદયની ઝંખના તે છે,
હૃદય તે ઝંખના વિશે ગળાબૂડ ડૂબેલું છે.

સતત અભ્યાસની ધારા જીવનનાં સર્વ કરણોને
-પલાળીને પલાળીને **હરિ**પદમાં પરોવ્યાં છે.

**હરિ**માં જીવવું માત્ર અમારું એ જ જીવન છે,
સમર્થ શા **હરિ**ને દિલ અમે જીવીએ જિવાડીને !

હરિઃૐ

## સમર્પણ અંજલિ ધારા હરિપદની શી ઉત્તમ તે !

જીવનમાં **હરિ** પરત્વેની હૃદયમાં જાગૃતિ વિના
-થયેલું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છતાં સાવ નકામું ત્યાં.

**હરિ**ની સભાનતાથી જે થતું સર્વ, જીવનને તે
-ઘડી શકવા ખરું યોગ્ય, જીવનની સાધના શી તે !

**હરિ**ના જાગ્રતિભાને થતાં સૌ કર્મ જે રહે છે,
સમર્પણ અંજલિ ધારા **હરિ**પદની શી ઉત્તમ તે !

જીવનનાં ગુણ ને કર્મે **હરિ**ની સભાનતા જેમાં,
બધું તે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ખરું તે કર્મ જીવનમાં.

હરિઃૐ

## હવે નીકળી જવા પાર મરણિયો ટેક પાકો છે

અમારે જીવવાનું ના જીવનમાં કોઈને માટે,
જીવનના ધ્યેયને કાજે અમારે જીવવાનું છે.

સફળ કરવા જીવનધ્યેય શી ઝુંબેશ ઉપાડી છે !
અમે પડકાર મૃત્યુને ખરે તે અર્થ દીધો છે.

જીવનના ધ્યેયના પથમાં ભલે અવરોધ છો આવે,
અમોનેયે ખબર પડશે અમારું જોમ કેવું છે !

જીવનને તો કમાવાને અમે કમ્મર કસેલી છે,
હવે નીકળી જવા પાર મરણિયો ટેક પાકો છે.

હરિઃૐ

## જીવનમાં શૂન્ય સૌ રીતે ઉમળકે થઈ જવું પડશે

‘બધો સંસાર, લક્ષ્મી ને બધાં વિલાસ, વૈભવ જે
-બધું જે તે **हरि**નું છે’, મુખે વદનાર ભાળ્યા છે.

પરંતુ બોલવું તેવું ખરેખર સાવ મિથ્યા છે,
હૃદયમાં તે પ્રમાણેનો કશો ના ભાવ તેઓને.

‘**हरि**ને ખાલી, ખાલી તે રીઝવી ના કોઈ પણ શકશે,’
જીવનમાં શૂન્ય સૌ રીતે ઉમળકે થઈ જવું પડશે.

ફનાગીરી, સમર્પણ ને હૃદયભક્તિ **हरि**પદ જે,
ઊછળતા ધોધની પેરે જીવનમાં ફૂટવાં જો’શે.

હરિઃૐ

## પરિસ્થિતિમાં જીવનધ્યેય પ્રમાણે તેમ વર્તે છે

ગુલામ તો અનુભવી ના કશી કોઈ પરિસ્થિતિનો,
ઉવેખે કે સ્વીકારે છે પરિસ્થિતિને અનુભવી શો !

જીવનનો યોગ્ય શ્રેયાર્થી પરિસ્થિતિને સ્વીકારીને
-પરિસ્થિતિના પૂરેપૂરા બધા ગુણધર્મ પાળે છે.

પરંતુ અનુભવીને તો સકળ પરિસ્થિતિમાંથી તે
-પ્રગટતું જ્ઞાન પ્રત્યક્ષ રહે નિમિત્તાનું ત્યારે.

જીવનનો યોગ્ય શ્રેયાર્થી ઘડાવા અર્થ જીવનને
-પરિસ્થિતિમાં જીવનધ્યેય પ્રમાણે તેમ વર્તે છે.

હરિઃૐ

## નિરર્થક વેડફી દેતાં ન કોઈને આંચકો લાગે

જીવનને જો ન સમજ્યા તો, બધુંયે ધૂળધાણી છે,
જીવનનો હેતુ ના જાણ્યો, પછી ડહાપણ નકામું છે.

બધીયે વિદ્વત્તા, લક્ષ્મી, બધો વૈભવ ને વિલાસ
-જીવનના હેતુ વિનાનાં, રકાસ સૌતણો થાય.

જીવનને મેળવી શકવા ન કંઈ બુદ્ધિની શક્તિ છે,
અનુભવવા જીવન, 'ભક્તિ **हरि**ની માત્ર પાત્ર જ છે.'

મળેલું માનવી જીવન મહામોંઘું અનોખું છે,
નિરર્થક વેડફી દેતાં ન કોઈને આંચકો લાગે.

હરિઃૐ

# હૃદયમાં આંચકો લાગ્યો, કૃપાથી પદ વળાશે જે

ભલે ડહાપણનો દરિયો છે, છતાં જીવનને અનુભવવા
-ન ખપ લાગ્યો પૂરો જો તે ખરે ! તે જાણી લો મિથ્યા.

મળેલું જે બધું કંઈ છે, બધું જીવનને અનુભવવા,
વિના કંઈ અર્થ તે સૌનો કશો કોઈ પ્રકારે ના.

અનુભવવા જીવનને, તો કદીયે એમનું એમ
-પ્રવેશાશે ન કોઈથી વિના અકલ્પ્ય કાંઈ કારણ.

જીવનમાં ધ્રાસકો, ધક્કો, શું ઓચિંતા અકસ્માતે
-હૃદયમાં આંચકો લાગ્યો, કૃપાથી પદ વળાશે જે.

હરિઃૐ

## કશું કરવાનું જે આજ, ન છોડ્યું કાલ પર તેને

જીવનનું કોઈ પણ રીતનું ન ઠેકાણું કશું પણ છે,
‘છતાં નિશ્ચિત સંપૂર્ણ’ બધાં માની જ વર્તે છે.

અમે જીવનમાં કરવાનું યથાયોગ્યપણે જે જે,
કરી લેવા જ સંપૂર્ણ શી તત્પરતા જ રાખી છે !

કશું કરવાનું જે **આજ**, ન છોડ્યું કાલ પર તેને,
હૃદય એવા જ નિશ્ચયને સતત વળગી રહેલો જે.

મરણિયા ટેકવાળાને અશક્ય કંઈ કશું ના છે,
જીવનધ્યેય કૃપાથી તો ખરે તેથી સધાતું છે.

હરિઃૐ

# પરંતુ જોવા જોવામાં ફરક પ્રત્યેક નજરે છે

'બધું જ છે ઝેર સમજણનું બધે જ્યાં ત્યાં જ વ્યવહારે',
નરી અજ્ઞાનથી કિંતુ કહેવત તે ભરેલી છે.

'વિના સમજ્યા પૂરેપૂરું, કશું પણ કંઈ ન કરવું તે',
જીવનમાં દૃઢ અને મક્કમ થયેલો એમ નિશ્ચય છે.

'જીવનમાં ઝેર દેખ્યાનું' કહેવત તે પ્રમાણે છે,
પરંતુ જોવા જોવામાં ફરક પ્રત્યેક નજરે છે.

સમજ, મતિ, રીતરસમ જેવાં પ્રમાણે તેવું ધોરણ છે,
જીવનમાં તે પ્રમાણેનું બધાં તેવું જ સમજે છે.

હરિઃૐ

## અહમ્‌માં તોય પૂળો ના છતાં કેમે મુકાતો છે

તુમાખીનો કંઈક જનનો જીવનમાં તોર કેવો છે !
મગતરાથીય શા તુચ્છ જીવનમાં તે ખરેખર છે !

અહંતાથી જ પ્રેરાઈ ફૂલી ફૂલી ફાળકો થઈને,
કૂવાનાં દેડકાં જેવું બધું માન્યા કરે છે તે.

અવરને સાવ નાનકડા શું પોતાથી જ માને તે !
તુમાખીનો કદી દોર ન તેવાનો પડે ઢીલો.

તુમાખીનાય તેવાના કદીક ભૂકા થતા શા છે !
અહમ્‌માં તોય પૂળો ના છતાં કેમે મુકાતો છે.

હરિ:ૐ

# જુદાં જુદાં જીવનપાસાં વિશે, હરિને જ ધારે તે

જીવનમાં કેટલાં કેવાં જુદાં જુદાં જ પાસાં છે !
અને પ્રત્યેક પાસાનું જીવન તો જુદું જુદું છે.

પરંતુ સાચો શ્રેયાર્થી જીવનનો જે ખરેખર છે,
જુદાં જુદાં જીવનપાસાં વિશે, **હરિ**ને જ ધારે તે.

ભલે સારા અને નરસા પ્રસંગો છો મળે જીવને,
છતાં તેમાંય શ્રેયાર્થી **હરિ**ચિંતવન ધરાવે છે.

સકળ સંસાર જીવનમાં **હરિ**ને એકલાને તે,
હૃદય નીરખ્યા કરી કરીને, હૃદય ચાહ્યા કરે **હરિ**ને.

હરિઃૐ

## જીવનની જવાબદારીને અમે પ્રેમે સ્વીકારી છે

જીવનની જવાબદારીને અમે પ્રેમે સ્વીકારી છે,
છતાં બંધાયેલા તેના ન કંઈ કોઈ રીતે છીએ.

સમજદારીથી સંપૂર્ણ અમે દિલથી સ્વીકારી છે,
છતાં ચિંતા, ફિકર, બોજ ન એનાં દિલ ધાર્યાં છે.

થવું ઘટતું યથાયોગ્ય કૃપાથી જે ઊગ્યા કરતું,
પ્રમાણે તેમ વર્તાયા જવાતું છે સહજ રીતનું.

કશા કોઈ કર્મમાં ખોટ, કશું કોઈ કર્મમાં ઓછું
-ભૂલેચૂકે કદી પણ ત્યાં કૃપાથી આવી ના શકતું.

હરિઃૐ

## જીવનમાં સાચું જાણીને અનુભવવું જીવનમાં તે

ન જાણ્યું જાણવાનું જો, બધું જાણેલ મિથ્યા છે,
ભલે છો વેદ જાણ્યા હો, છતાં તે પણ નકામા છે.

જીવનમાં સાચું જાણીને અનુભવવું જીવનમાં તે,
શી માત્ર સાચી વિદ્યા તે ! '**હરિ**ને દિલ વરેલો જે.'

શી રચના શબ્દની માયા, ખપે છો વિદ્વત્તામાં તે,
છતાં તેથી મળે **હરિ** ના, બધી વિદ્યા શી મિથ્યા તે !

**હરિ**ને પ્રીછવા જેનું અગનભડકે બળે હૈયું,
**હરિ**ને એકલા તેવા હૃદયથી પાત્ર વરવા શું !

હરિઃૐ

## થયેલાં કર્મ સૌ પાછાં સમર્પણ અંજલિ પદ છે

જીવનમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ભલે હો કર્મ, ગુણ છોને,
**હરિ**ભાવ ન જો તેમાં, ન લાયક ઊર્ધ્વ માટે તે.

પ્રકૃતિના જીવનમાં તે ખરેખર શ્રેષ્ઠ, ઉત્તમ છે,
જીવન ઊર્ધ્વ ખિલવવાને વિના ભાવ, ન ખપનું છે.

**હરિ**ને પંથ જીવનને થવા વિકસિત નવા વેશે,
થતાં સૌ કર્મમાં ભાવ પ્રગટવો જીવતો જોઈશે.

પ્રભુપ્રીત્યર્થ સૌ કર્મ કરંતાં, ભાવ તે વિશે,
થયેલાં કર્મ સૌ પાછાં સમર્પણ અંજલિ પદ છે.

હરિઃૐ

## વિના જાગ્યા કશું પણ કંઈ જીવનમાં તો ન ઊગવાનું

જીવનમાં જાગવાકેરું ખરેખર તો મહત્ત્વ જ છે,
વિના જાગ્યા કશું પણ કંઈ જીવનમાં તો ન ઊગવાનું.

પરંતુ જાગવાનાયે તબક્કા શા જુદા જુદા !
ખરો જાગેલ છે તે તો ચઢે ઊંચા દઈ ભૂસકા.

બીજી ના ગણતરી એને કશા વિશે હૃદયમાં છે,
સતત બસ મોખરે હેતુ રહે જાગ્યા પરત્વેનો.

ઊંડો જાગેલ, હેતુને ફળવવામાં જ મશગૂલ છે,
મનાદિ ને હૃદયદૃષ્ટિ તેનાં ઊઘાડાં છે.

હરિઃૐ

## જીવનમાં પ્રાર્થનાનો શો હૃદય ઉપાય તો માત્ર

અનેકે વાર ચઢઊતર જીવનમાં શી થયેલી છે !
અને તે ચઢઊતર વિશે, મનાદિ શાં ફસાયાં છે !

પરંતુ દિલમાં ઊંડા **हरि** પરના ભરોંસાએ
-ટકાવીને મને ઊભો, જતાં લથડી રખાવ્યો છે.

જીવનસંગ્રામમાં ત્યારે ઘવાઈને હઠેલો જે,
ઊભા રહેવાની તાકાત નહોતી મુજમાં ત્યારે.

ટકી શકવા જીવન ત્યારે ખરેખર જીવતો ટેક
-જીવનમાં પ્રાર્થનાનો શો હૃદય ઉપાય તો માત્ર.

હરિઃૐ

# સતત અભ્યાસ વિનાનું બધું રણ જેવું જીવન છે

ચલાવ્યાં બાવડાં જો ના બધો બકવાદ મિથ્યા છે,
**હરિ**ને ભાવથી ભજવો ન તે કંઈ ભાજીમૂળા છે.

જગતજનને પડી માત્ર બધી સંસારની નિજની,
નર્યા કંઈ સ્વાર્થ વિનાનું ન તેને કંઈ જ સૂઝે છે.

કંઈક લોલુપતાવાળા, કંઈક શા કામનાવાળા !
**હરિ** ભજવા શું નીકળેલા ! **હરિ**નું નામ લજવે છે.

**હરિ** ભજવાતણી દિલની ઊંડી ઉગ્ર તમન્ના છે,
પડી તે છાનીમાની ના રહે કોઈ ઉપાયે તે.

**હરિ** ભજવાની આદત જે ન એમની એમ કંઈ પડશે,
સતત અભ્યાસ વિનાનું બધું રણ જેવું જીવન છે.

હરિઃૐ

## હરિને ભાવથી ભજતાં પછીથી પ્રેમ જાગે ત્યાં

જીવન **આ** સ્વર્ગના જેવું કૃપાથી જે મળેલું છે,
પરંતુ કોઈયે તેને ન તેવું સહેજે પ્રીછ્યું છે.

**હરિ**ને પ્રીછવા કાજે મળ્યો સંસાર સૌને છે,
છતાં ના કોઈ તેમ સમજે, બલિહારી શી સૌની છે !

**હરિ** ના કલ્પના માત્ર, **હરિ** ના ધારણા માત્ર,
**હરિ** પ્રત્યક્ષ છે જેને **હરિ**નો ભાવ નિરંતર.

**હરિ** પર ભાવ વિના તો **હરિ** પર હેત ઊપજે ના,
**હરિ**ને પ્રેમથી ભજતાં પછીથી ભાવ જાગે ત્યાં.

હરિઃૐ

# અનુભવીનું નર્યું જીવન બધું નિમિત્તને લીધે

હૃદયથી જાણું હું કારણ છતાં ઉપાય તેનો તે
-લઈ શકતો નથી, એવો પૂરો લાચાર કેવો જે !

અનુભવીનું નર્યું જીવન બધું નિમિત્તને લીધે,
છતાં પાછો નિમિત્તનોયે ગુલામ તે નથી સહેજે.

નિમિત્ત છો ભલે એને, સ્વતંત્ર તે વિશે પોતે,
છતાં પાછું થતું જે હો થવા તે તેમ તેને દે.

ડખલગીરી કશા વિશે કશી નાહકની કરતો ના,
છતાં પાછું કશું ધોરણ ન ચોક્કસ આપ જીવનમાં.

**॥ હરિઃૐ ॥**

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪**થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

૧૩. આર્તપોકાર ૧૯૫૪
૧૪. અભ્યાસીને ૧૯૬૭
૧૫. જિજ્ઞાસા ૧૯૭૦
૧૬. ભાવ ૧૯૭૧
૧૭. જીવનઝલક ૧૯૭૧
૧૮. જીવનસૌરભ ૧૯૭૧
૧૯. જીવનઅનુભવગીત ૧૯૭૧
૨૦. જીવનસ્મરણ ૧૯૭૧
૨૧. શ્રદ્ધા ૧૯૭૧
૨૨. જીવનલહરી ૧૯૭૧
૨૩. જીવનતપ ૧૯૭૨
૨૪. જીવનરસાયણ ૧૯૭૨
૨૫. જીવનઆહ્‌લાદ ૧૯૭૨
૨૬. રાગદ્વેષ ૧૯૭૨
૨૭. નિમિત્ત ૧૯૭૨
૨૮. ગુણવિમર્શ ૧૯૭૨
૨૯. જીવનસ્પંદન ૧૯૭૩
૩૦. જીવનરંગત ૧૯૭૩
૩૧. જીવનકથની ૧૯૭૩
૩૨. જીવનસ્મરણસાધના ૧૯૭૩
૩૩. જીવનમથામણ ૧૯૭૩
૩૪. પ્રેમ ૧૯૭૩
૩૫. મોહ ૧૯૭૩
૩૬. કૃપા ૧૯૭૩
૩૭. સ્વાર્થ ૧૯૭૩
૩૮. શ્રીસદ્‌ગુરુ ૧૯૭૩
૩૯. કર્મઉપાસના ૧૯૭૩
૪૦. જીવનચણતર ૧૯૭૪
૪૧. જીવનઘડતર ૧૯૭૪
૪૨. જીવનપગદંડી ૧૯૭૪
૪૩. જીવનકેડી ૧૯૭૪
૪૪. ભાવકણિકા ૧૯૭૪
૪૫. ભાવરેણુ ૧૯૭૪
૪૬. ભાવજ્યોતિ ૧૯૭૪
૪૭. ભાવપુષ્પ ૧૯૭૪
૪૮. ભાવહર્ષા ૧૯૭૫
૪૯. જીવનપ્રભાત ૧૯૭૫
૫૦. જીવનપ્રવાહ ૧૯૭૫
૫૧. મૌનાર્થીને માર્ગદર્શન ૨૦૦૩

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| **નં.** | **પુસ્તક** | **પ્ર.આ.** |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહ્દય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિ:ૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિ:ૐ ॥

હરિ:ૐ



**સ્મરણ લેતો કરાવીને ચરણ તુજ સ્થાન બક્ષ્યું છે,**
**ઠરીઠામ કરાવીને હૃદય જંપ વળાવ્યો છે.**

જીવનની જવાબદારી મુજ શિરે તેં વહોરી લીધી છે,
ફિકર, ચિંતા, કશો બોજ રહેવા ના દીધેલાં છે.

મને જેમાં અને તેમાં હૃદય હળવો બનાવીને,
ગગનમાં પાંખ ઊડવાને કૃપાથી શી દીધેલી છે !

'બલિહારી हरि તારી હૃદયથી ગાવું શી રીતે ?'
હૃદય તે ભાવ ઉદ્‌ભવતાં થવાતું મૌન દિલ વિશે.

**-શ્રીમોટા**

*'જીવન ઘડતર', ત્રીજી આ., પૃ. ૯૫*

કિંમત : રૂ. ૩૦/-